
ગુજરાતી ઈમેગેઝીન • વર્ષ 2 • અંકઃ 76 • જુન, 2019

# વાતાયન

તંત્રી : ડો. ધીમંત પુરોહિત




૬૫

૫૦

જયભિખ્ખુ

કુમારપાળ દેસાઈ

ગુજરાતી ઈમેગેઝીન • વર્ષ 2 • અંકઃ 76 • જુન, 2019

# વાતાયન

'Vatayan' is our tribute to the
legendary Gujarati Writer Chandrakant Bakshi

તંત્રીઃ ડો.ધીમંત પુરોહિત

## સાંકળિયું


1. સંપાદકીય - ડો ધીમંત પુરોહિત
2. ઈંટ અને ઈમારત - કુમારપાળ દેસાઈ
3. ઈંટ અને ઈમારતના સ્થપતિ - કુમારપાળ દેસાઈ
4. ઈમારતની ઈંટ - શાંતિલાલ શાહ
5. ઉદાહરણીય વિકાસયાત્રા - બળવંતભાઈ શાહ
6. બહુમુખી પ્રતિભા - મહેશ ઠાકર
7. વિશાળ વાચક સમુદાયના હિતશિક્ષક -ચન્દ્રકાન્ત શેઠ
8. સાહિત્ય અને પત્રકારત્વની શાન - યાસિન દલાલ
9. મૂલ્યનિષ્ઠ પત્રકાર - વિનુભાઈ એમ શાહ
10. વિરલ વિશિષ્ટતાઓ - ગુણવંત છો.શાહ
11. પ્રાચીન અને અર્વાચીનને જોડતો સમર્થ સેતુ - ડો ચંદ્રકાંત મહેતા

12. બહુમુખી પ્રતિભા - કે.કા.શાસ્ત્રી
13. ભદ્રશીલ સંસ્કાર સેવક - ધીરુભાઈ ઠાકર
14. ગુજરાતની અસ્મિતા - મધુસૂદન પારેખ
15. સ્નેહભર્યો સાથ - રઘુવીર ચૌધરી
16. પાંચ ઘોડાનો સવાર - હરીશ નાયક
17. ગરિમા અને ગરવાઇ - બળવંત જાની
18. ગુજરાતી પત્રકારત્વની સીમાચિહ્નરૂપ ઘટના -રમેશ તન્ના


- પ્રકાશકઃ ડો.ધીમંત પુરોહિત, www.newzviewz.com
- આપની કૃતિ મોકલવા માટે ઈમેલ એડ્રેસ : dhimantaajtak@gmail.com
- અવલોકન માટે પુસ્તક મોકલવાનું સરનામું :

Communicators, 509, Shivalik High Street, near Mansi Circle, Vastrapur, Ahmedabad : 380015. Mobile : +91 98798 10101

મેગેઝીન ડિઝાઈનઃ હર્ષલ ગિલ્ડર



# સંપાદકીય
# કુમારપાળ દેસાઈની અડધી સદી
## ડૉ ધીમંત પુરોહિત

કુમારપાળભાઈનો પહેલો પરિચય તો ઈંટ અને ઇમારતથી જ. બાદમાં રૂબરૂ જોયા 80ના દાયકામાં અમારી નવગુજરાત કૉલેજમાં. એ વાતને આજે ચાર દાયકા થશે. આ ચાર દાયકામાં દુનિયા કેટલી બધી બદલાઈ ગઈ છે ! પણ લેશમાત્ર બદલાયા નથી કુમારપાળ દેસાઈ. 1980માં એમને એમની ચાલીસની ઉંમરે જેવા જોયા હતા, આજની તારીખે જીવનના આઠમા દાયકામાં પણ એ એવા જ લાગે છે. એ જ આત્મીયતાથી ભરેલો હસમુખ ચહેરો, વ્યવસ્થિત ઓળેલા કાળા વાળ – જેનો કલર, લટો અને પાંથી આજની તારીખે પણ એવાંને એવાં જ છે. શારીરિકની સાથે માનસિક સ્થિતિ પણ એવા જ સમભાવમાં દાયકાઓ સુધી એક સમાન રહી હોય, એવું ભાગ્યે જ બનતું હોય છે. મારે માટે એ મોટા કૌતુકનો વિષય છે.

અમારા બાળપણના નાયક બાળસાહિત્યકાર હરીશ નાયક કુમારપાળ દેસાઈને પાંચ ઘોડાનો અસવાર કહે છે. શિક્ષણ, સાહિત્ય, પત્રકારત્વ, રમતગમત અને ધર્મની સાથે સાથે શીલ-સંયમ-નિયમિતતા-શૌર્ય-પરિશ્રમથી શોભતી વ્યવસ્થાશક્તિ એટલે પદ્મશ્રી કુમારપાળ દેસાઈ.

કૉલેજકાળથી એમના સાથી અધ્યાપક ડૉ ચંદ્રકાંત મહેતા કુમારપાળ દેસાઈને પ્રાચીન અને અર્વાચીનને જોડતો સમર્થ સેતુ કહે છે.

વરિષ્ઠ પત્રકાર મહેશ ઠાકર કુમારપાળ દેસાઈની ચોકસાઈ, ચીવટ અને નિયમિતતાને વખાણે છે.

ગુજરાત સમાચારના પારખુ તંત્રી શાંતિલાલ શાહે એમના અંગત પારિવારિક મિત્ર બાલાભાઈ દેસાઈ 'જયભિખ્ખુ' પાસે કટાર 'ઈંટ અને ઇમારત' 1954માં શરૂ કરાવી. એ લોકપ્રિય કૉલમ 1969માં એમના અવસાન સુધી ચાલી. શાંતિલાલ શાહે આ કૉલમ એમના પુત્ર કુમારપાળ દેસાઈ પાસે આગ્રહપૂર્વક એ જ નામે ચાલુ રખાવી. જયભિખ્ખુએ શરૂ કરેલી કૉલમને 65 વર્ષ થાય છે અને કુમારપાળ દેસાઈની કૉલમને 50. પિતા અને પુત્ર બંનેએ મળીને કોઈ અખબારી કૉલમ આટલો લાંબો સમય ચલાવી હોય એ આ ભારતમાં જ નહિ, દુનિયામાં પહેલો બનાવ છે.

ગુજરાતી પત્રકારત્વની આ યશસ્વી ઘટનાના ઘડવૈયા કુમારપાળ દેસાઈને હૃદયપૂર્વકના અભિનંદન અને હજુ નવાં શિખરો સર કરે એવી શુભેચ્છાઓ.

# ઈંટ અને ઈમારત
## કુમારપાળ દેસાઈ

**સાડા છ દાયકાની મજલ પૂર્ણ કરતું 'ઈંટ અને ઇમારત'**

**અખબારી આલમ એટલે આત્મીયજનોનો આનંદમેળો!**

કેવા હતા એ મૈત્રીની વહાલપથી ભરેલા લાગણીભર્યા રમણીય દિવસો ! જ્યારે અખબારના તંત્રી અને લેખક-પત્રકાર વચ્ચે ભરપૂર પ્રેમ ધરાવતા પારિવારિક સંબંધની હેતુભરી ગાંઠ નજરે પડતી. અમૃતલાલ શેઠ અને ઝવેરચંદ મઘાણીના ગાઢ મૈત્રીસંબંધનું સ્મરણ કરાવે એવા એ દિવસો હતા. અખબારના તંત્રી સાથે એના લેખકો અઠવાડિયે એક વાર સાથે મળીને કલાકો સુધી ગોષ્ઠિ કરતા. આસપાસની દુનિયાના સમાચારોની અને કૉલમની દુનિયાની નવાજૂનીની આપ-લે થતી. અખબારમાં પ્રજાની નાડ પારખીને નવા નવા વિભાગો શરૂ કરવાની વિચારણા ચાલતી, નાસ્તાની જ્યાફત ઊડતી. દિવાળીના દિવસોમાં એકબીજાને શુભેચ્છા પાઠવવા એકબીજાના નિવાસસ્થાને જતા અને ક્યારેક સાથે પ્રવાસ પણ ખેડતા. સર્જક જયભિખ્ખુ અને 'ગુજરાત સમાચાર'ના તંત્રી શાંતિભાઈ શાહ વચ્ચે આવો આત્મીયતાભર્યો વ્યવહાર હતો. દિવાળીના દિવસોમાં શાંતિભાઈ શાહ અને જયભિખ્ખુ સાથે કોઈ યાત્રાધામના પ્રવાસે ચારેક દિવસ માટે નીકળી પડતા. ક્યારેક રાણપુર જતા, તો ક્યારેક શત્રુંજય તીર્થની સાથે યાત્રા કરતા.

1958ની 5મી જૂને જયભિખ્ખુ 'ઈંટ અને ઇમારત' કૉલમ અખબારના ચોથા પાના પર પ્રગટ થઈ. ત્રિમૂર્તિના ચિત્ર સાથે સજાવીને જયભિખ્ખુના પ્રિય વાર એવા ગુરુવારે આ કૉલમનો પ્રારંભ થયો. એ સમયે અખબારમાં લીડર પેજ(તંત્રીલેખનું પાનું)ની બાજુમાં વર્તમાન પ્રવાહોને આલેખતી રાજકીય સમસ્યાઓની ગવેષણા કરતી કૉલમ હોય કે દેશની સમસ્યાઓના આટાપાટા આલેખતી સમીક્ષા હોય કે સામાજિક ઘટનાઓની નુક્તેચી હોય. પરંતુ તંત્રીલેખની બાજુમાં કોઈ પ્રેરક, મૂલ્યનિષ્ઠ કે ચારિત્રાત્મક લખાણો આવતાં નહીં. ત્યારે તંત્રી શ્રી શાંતિલાલ શાહે આ એક સાહસ કર્યું. આજે પૉઝિટિવ જર્નાલિઝમનો મહિમા કરવામાં આવે છે ત્યારે છ દાયકાથીય પહેલાં એમણે જીવનને વિધાયક દૃષ્ટિકોણ આપતી આવી પ્રેરક કૉલમ શરૂ કરી. ગુજરાતી વર્તમાનપત્રોમાં એક નવો ચીલો પડ્યો.

બીજી બાજુ ભૂતકાળની કથાઓને વર્તમાનકાળની ઘટનાઓ સાથે સાહિત્યિક આકૃતિમાં ઢાળવાની જયભિખ્ખુને નૈસર્ગિક ફાવટ હતી. છેક નજીકના વર્તમાનનું વસ્તુ પણ એમની સચોટ શૈલી અને પ્રગાઢ કલ્પનાના સ્પર્શથી એક વાતાવરણ સર્જી શકતું. શ્રી જયભિખ્ખુની સર્જક-પત્રકાર તરીકેની આ વિશિષ્ટ શક્તિ હતી. આવું જીવનલક્ષી અને મૂલ્યનિષ્ઠ સાહિત્ય અખબારના હાસ્યલેખો, મનોરંજનના સમાચારો અને લોકપ્રિય કથાસામગ્રીની વચ્ચે એક જુદી ભાત ઉપાસાવતું હતું

'ઈંટ અને ઇમારત' કૉલમ વ્યાપક રીતે જનસ્પર્શી બની, એનું અન્ય એક કારણ આ ચરિત્રલેખની સાથોસાથ પ્રસંગકથામાં કોઈ સ્થાનને નિરૂપીને 'આ વાત અમને એટલા માટે યાદ આવી કે -' લખીને સાંપ્રત પરિસ્થિતિ પર નિર્ભીક રીતે કટાક્ષ કરવામાં આવતો. પ્રસંગકથાનો હેતુ કોઈ રાજકીય પક્ષ કે નેતાની તરફદારી કરવાને બદલે સામાન્ય માનવીના હૃદયની વેદનાને કે ભાવનાને વાચા આપતી રજૂઆત કરવાનો હતો અને આમ આ હળવી-વ્યંગ-કટાક્ષભરી કથા સૌ કોઈનું આકર્ષણ બની રહેતી.

આ પ્રસંગકથાની જનચાહના વિશે જયભિખ્ખુના અવસાન પછી 'લોકમાચાર' પત્રમાં પ્રસિદ્ધ બાળસાહિત્યકાર શ્રી હરીશ નાયકે લાક્ષણિક શૈલીમાં આપેલી અંજલિનો એક અંશ જોઈએ :

'આ વાત અમને એટલા માટે યાદ આવી કે ...'

એ શબ્દ જ એ રણકાની પ્રતીતિ છે કે એ શબ્દો જ્યાં સુધી રહેશે ત્યાં સુધી જયભિખ્ખુ! ગુરુવાર કૅલેન્ડર ઉપર જ્યાં સુધી અસ્તિત્વ ધરાવશે, ત્યાં સુધી 'ઈંટ અને ઇમારત'ના એ રણકાને કોઈ ભુલાવી નહીં શકે.

ભુલાવાની એ તાકાત ભૂત, વર્તમાન, ભવિષ્ય પાસે નથી. સાહિત્યસંસ્કાર કે સર્જન પાસે નથી. ડહાપણ, બોધ કે જ્ઞાન પાસે નથી.

કેમ કે જ્યારે પણ તમને કોઈ વાત યાદ આવશે અને ત્યારે તમે બોલી ઊઠશો : 'જયભિખ્ખુ.'

'આ વાત અમને એટલા માટે યાદ આવી ...' કે તરત જ તમે બોલી ઊઠશોઃ 'જયભિખ્ખુ'

સમયની કોર્ટમાં પણ કેવા શબ્દો 'કૉપીરાઇટ' મેળવી જતા હોય છે !

રણકતા એ 'કૉપીરાઇટ' જેવા શબ્દો કૉપી ન થઈ શકે એવા રાઇટ સુધી ઉચ્ચારાતા રહેશેઃ

'આ વાત અમને...'

વળી 'ઈંટ અને ઇમારત'ના લેખની વચ્ચે વાચકોના દિલ-દિમાગને તરબતર કરે એવી શાયરીની બે પંક્તિઓ પણ આવતી.

જયભિખ્ખુએ જે પ્રકારે માનવતાપ્રેરક અને મૂલ્યલક્ષી સાહિત્યની રચના કરી, એ જ પ્રકારે 'ઈંટ અને ઇમારત' કૉલમ દ્વારા એમણે પ્રજાની વેદનાને વાચા આપવાની સાથોસાથ કલમ દ્વારા વ્યક્તિત્વઘડતર અને માનવમૂલ્યોની હિફાજત કરી. વળી ઝવેરચંદ મેઘાણીની માફક જયભિખ્ખુની રંગદર્શી શૈલીએ પણ વિશાળ વાચકવર્ગ મેળવ્યો.

શાંતિભાઈના શ્વાસ સમા 'ગુજરાત સમાચાર'ને અખબાર બનાવવા માટે એમણે લોકપ્રિય રાતદિવસ પુરુષાર્થ કર્યો. નવા વિષયોનું ખેડાણ કરવાની એમની પાસે આગવી સૂઝ હતી તો બીજી બાજુ સાહિત્યસર્જકોની કૉલમ દ્વારા સંસ્કારિતાનું સંવર્ધન કરવાની એમની ખેવના રહેતી.

એક વાર 'જયભિખ્ખુ'ને એમણે કહ્યું કે 'રવિવાર' અને 'કિસ્મત' જેવાં સાપ્તાહિકોમાં તમે અગમનિગમ વિશે લખ્યું છે. એવી એક કૉલમ આપણે ચાલુ કરીએ તો ? જયભિખ્ખુ એમના વિચાર સાથે સંમત થયા અને 'ગુજરાત સમાચાર'માં અધ્યાત્મનું આલખેન કરતી કૉલમ 'જાણ્યું છતાં અજાણ્યું' શરૂ કરી.

એક વાર જયભિખ્ખુએ શાંતિભાઈ સમક્ષ પોતાની ભાવના વ્યક્ત કરી કે આપણા અખબારે સસ્તી કિંમતે પુસ્તકો પ્રકાશિત કરીને લોકઘડતરનું કામ કરવું જોઈએ. એ પુસ્તકો એટલી ઓછી કિંમતનાં હોય કે સામાન્ય માનવી પણ તેને ખરીદી શકે અને એના દ્વારા પોતાનાં બાળકો અને કિશોરોનાં જીવનને ઘડી શકે.

શાંતિભાઈએ આ વિચાર ઝીલી લીધો અને 'ગુજરાત સમાચાર' દ્વારા જયભિખ્ખુએ લખેલાં 'સિદ્ધરાજ જયસિંહ', 'ઉદા મહેતા', 'મંત્રીશ્વર વિમલ' જેવાં પુસ્તકો પ્રગટ થયાં. આ પુસ્તકો મોટા ટાઇપમાં પ્રગટ થતાં અને એનું ફોર-કલર મુખપૃષ્ઠ વાચકને આકર્ષતું હતું. એ સમયે 'ગુજરાત સમાચાર'માં એનું વિજ્ઞાપન પણ આવતું. સમાચારપત્રના વિશાળ નેટવર્કને કારણે એનું મોટી સંખ્યામાં વેચાણ થતું. દોઢસોથી વધુ પૃષ્ઠ ધરાવતા પુસ્તકની કિંમત માત્ર એક રૂપિયો રાખવામાં આવતી. ધીરે ધીરે અન્ય લોખકોનાં પુસ્તક પણ આ રીતે પ્રગટ થવા લાગ્યાં.

'ગુજરાત સમાચાર'ના અત્યંત જાણીતા એવા 'ઝગમગ'ના પહેલા પાને લખવા માટે શાંતિભાઈએ જયભિખ્ખુને નિમંત્રણ આપ્યું અને એ પછી 'ઝગમગ'ના પ્રથમ પૃષ્ઠ પર જયભિખ્ખુની બાળવાર્તા પ્રગટ થવા માંડી. આમ, કોઈ વાર એ પ્રાચીન કથાનું આલેખન કરતા, તો કોઈ વાર એ કોઈ મહાપુરુષની કે કોઈ તહેવારની કથાનું નિરૂપણ કરતા. 'ઝગમગ'ના પ્રથમ પૃષ્ઠ પર આવતી એમની વાર્તાઓએ એક આખી પેઢીને એમના ભૂતકાળના સંસ્કારવારસાની ઓળખ આપી.

આમ 1954માં શરૂ થયેલી 'ગુજરાત સમાચાર'ની 'ઈંટ અને ઇમારત' કૉલમ એમણે 1969ના ડિસેમ્બર મહિના સુધી ચાલુ રાખી. 'જયભિખ્ખુ' નું અવસાન 24મી ડિસેમ્બર, 1969ના રોજ થયું અને 27મી ડિસેમ્બરના ગુરુવારે એમની કૉલમ એમના વિશેની અંજલિનોંધ સાથે પ્રકાશિત થઈ હતી.

હૃદયરોગના અણધાર્યા હુમલાને કારણે 'જયભિખ્ખુ'નું અવસાન થતાં પરિવારજનોને માથે જાણે ધોળે દિવસે વીજળી પડી અને ખરે બપોરે મધરાત થઈ. એકાએક એની કાળમીંઢ શિલાઓ આસપાસ પછડાતી-ગબડાતી હોય એવો અમને અનુભવ થયો.

એમના મિત્રના અવસાનના સમાચાર સાંભળતાં શાંતિભાઈ શાહ દોડી આવ્યા. એમણે સહુને સાંત્વના આપી. ચારેક દિવસ પછી મારા કુટુંબના વડીલો સાથે એમને મળવા ગયો ત્યારે એમણે મને કહ્યું, 'બાબા, હવે 'ઈંટ અને ઇમારત' કૉલમ તારે લખવાની છે.' શાંતિભાઈ ઘણી વ્યક્તિઓને એમના નામને બદલે આવી રીતે બોલવતા. એક તસવીરકારને માત્ર 'ગાંડો' કહેતા, પણ એ 'બાબા' કે 'ગાંડો' શબ્દમાં એમનું નીતરતું વહાલ માણવાનું અમને સહુને ખૂબ ગમતું. ''મેં કહ્યું, 'જયભિખ્ખુ'નો અનુભવ, વિશાળ જ્ઞાન અને રંગદર્શી શૈલી મારી પાસે ક્યાં છે?''

એમણે કહ્યું, 'નહીં, આ કૉલમ તારે જ લખવાની છે.' છેવટે એવી શરત સાથે લખવાનું નક્કી કર્યું કે કૉલમનું નામ આવે પણ, નીચે લેખકનું નામ ન મૂકવું. આની પાછળનો મારો આશય એવો હતો કે કદાચ કૉલમ બંધ કરવી પડે તોપણ ઉભય પક્ષે કોઈ સંકોચ ન રહે.

ત્રણેક અઠવાડિયાં સુધી કૉલમ લખી, ઘણા લોકો સાંત્વના આપવા આવતા હોવાથી વહેલી સવારે ઊઠીને કૉલમ લખવી પડતી. તત્ક્ષણ પિતાનું સ્મરણ થાય. મનમાં કેટલાક ભાવો અને વિચારો ઊભરાય, એમની શૈલીનું મનમાં અવતરણ કરતો હોઉં અને આ બધાને કારણે થતી વેદના અશ્રુપ્રવાહ રૂપે બહાર નીકળતી હતી.

આ જોઈને મારાં માતા જયાબહેને કહ્યું, 'હવે તેં આ ચોથું કૉલમ મોકલ્યું છે. આટલું બધું હૈયું દળવાની જરૂર નથી. તું જઈને શાંતિભાઈને કહે કે હવે મારાથી આ કૉલમ લખી શકાય તેમ નથી.'

સીધી ના પાડવાની મારી હિંમત ન ચાલી, તેથી મેં કહ્યું, 'શાંતિકાકા, આ કૉલમ લખવા માટે આપણે અમૃતલાલ યાજ્ઞિકને કહીએ તો?'

એમણે કહ્યું, 'બાબા, ગાંડો થયો છે ! આવતી કાલે તારા નામ સાથે 'ઈંટ અને ઇમારત' પ્રગટ થશે.' બકુલ ત્રિપાઠી અને બધા મને પૂછતા કે સ્વ.જ્યભિખ્ખુ કેટલી કૉલમ લખીને ગયા છે ! બીજું કોઈ કામ હોય તો બોલ.' અને આ રીતે દર ગુરુવારે અખબારના એ જ લીડર પેજ પર આ કૉલમ રોજ નિયમિત પ્રગટ થતી રહી.

જમાનાની તાસીર બદલાઈ ગઈ, તેમ કૉલમના વિષયો પરિવર્તન પામતા ગયા. આજે કૉલમને કુલ પાંસઠ વર્ષ પૂરાં થયાં અને આ લેખક દ્વારા આ કૉલમને પચાસ. આ કૉલમનો પચાસમા વર્ષમાં પ્રવેશ થઈ રહ્યો છે, ત્યારે વાતનું સમાપન 'ગુજરાત સમાચાર' ના પીઢ અને અનુભવી પત્રકાર શ્રી મહેશ ઠાકરના પ્રતિભાવથી કરીએ.

'ઈંટ અને ઇમારત' અને બીજા લેખવિભાગોનું સંપાદન કરવાનું મને સદભાગ્ય પ્રાપ્ત થયું છે, તેના આધારે હું ખાસ કરીને નીચેના મુદ્દાઓનો ઉલ્લેખ કરવા માગું છું :

(1) સ્પષ્ટ અને સુઘડ લખાણ,

(2) સરળ પણ સુયોગ્ય શબ્દોનો પ્રયોગ,

(3) પ્રાસંગિકતા,

(4) નાવીન્ય,

(5) ઉપદેશ નહિ, પણ બોધ(પ્રસંગકથા),

(6) ચોક્સાઈ અને ચીવટ,

(7) નિયમિતતા.

કુમારપાળ અમદાવાદમાં હોય કે દેશની બહાર હોય, ત્યારે પણ તે અગાઉથી જાણ કરે; એટલું જ નહિ, પરંતુ વાચકો તથા સંપાદક પ્રત્યેની પોતાની ફરજ સુંદર રીતે અદા કરવા તારીખવાર લેખ-સંપુટ મળી રહે તેવી કાળજી રાખે. આવું ઘણા ઓછા કૉલમિસ્ટમાં જોવા મળે છે. ટૂંકમાં, કુમારપાળે સંપાદકોને બ્લડપ્રેશર વધી જાય તેવો ઉચાટ ક્યારેય થવા દીધો નથી.

આ કૉલમ દ્વારા સસ્તી લોકપ્રિયતા મેળવવા માટે ક્યારેય પ્રયત્ન કર્યો નથી. સામાન્ય રીતે દરેક લેખકના મનમાં લોકપ્રિય થવાની ઇચ્છા હોય અને એ માટે તે પોતાના વિચારો કે સિદ્ધાંતોમાં બાંધછોડ કરી અંગ્રેજીમાં જેને 'પ્લેઈંગ ટુ ધ ગૅલરી' કહે છે તેવા સ્તરે પણ ઊતરી જતા હોય છે. પોતાના લખાણને ધારદાર બનાવવા જોશીલા અને ક્યારેક કટુ અને ઉગ્ર શબ્દોનો આશરો પણ લે છે, પરંતુ લેખક સરસ્વતીના ઉપાસક હોઈ એક પણ અનુચિત શબ્દ જાણે-અજાણે લખાણમાં સરી ન જાય તે સુનિશ્ચિત કરે છે. સાથે સાથે અખબારના સામાન્ય વાચકને સમજવા મુશ્કેલ એવા અઘરા શબ્દોનો પ્રયોગ કરી પોતાનું પાંડિત્ય દર્શાવવાના મોહથી પણ દૂર રહે છે.

અખબારમાં પ્રગટ થતા લેખકોનું સ્તર ઊંચું રાખવાની સાથે સાથે તેને લોકભોગ્ય બનાવવાના કૌશલ્યે તેમને 'ગુજરાત સમાચાર'ના અત્યંત લોકપ્રિય કટારલેખક બનાવ્યા છે. એકસાથે અનેક વિષયો પર લખવા માટે જે પરિશીલન અને પરિશ્રમ જરૂરી છે, તેમાં તે ક્યારેય ઊણા ઊતર્યા નથી. ગુજરાતી ભાષામાં તો ઠીક પણ રાષ્ટ્રભાષા હિન્દી કે અંગ્રેજીમાં પણ મેં હજુ સુધી આવા બહુમુખી પ્રતિભાસંપન્ન કટારલેખકને જોયા-જાણ્યા નથી. એમનું જીવન અને સર્જન કોઈ પણ સાહિત્યકાર, અધ્યાપક કે પત્રકાર માટે એક પાઠ્યપુસ્તક સમાન છે.

# 'ઈંટ અને ઈમારત'ના સ્થપતિ

## કુમારપાળ દેસાઈ

સર્જક જયભિખ્ખુની સાથોસાથ પત્રકાર જયભિખ્ખુ કદમ મિલાવે છે. પત્રકારત્વ-ક્ષેત્રની એમની નામના જોઇને એ સમયે મુંબઈથી પ્રસિદ્ધ થતા વાર્તા-સામયિક 'સવિતા'ના વિશિષ્ટ અંકોનું સંપાદન સેવંતીલાલભાઈ શાહ જયભિખ્ખુને સોંપે છે.

એ જમાનામાં ગુજરાતી વાર્તા-સામયિકોમાં 'સવિતા' ખૂબ જાણીતું હતું અને મુંબઈની લોકલ ટ્રેનમાં મુસાફરી કરનારાઓમાં 'સવિતા'ની મોટી ચાહના હતી. વર્તમાન જીવનની વાર્તાઓ આલેખતા 'સવિતા' સામયિકના તંત્રીએ જયભિખ્ખુને 'સવિતા'ના 'ધર્મકથા વિશેષાંક'નું સંપાદન કરવાની જવાબદારી સોંપી. સંપાદક તરીકે જયભિખ્ખુ જાણીતા લેખકોની કૃતિઓ તો મેળવતા જ હતા, પરંતુ સાથોસાથ ઘણા નવોદિત લેખકોને નિમંત્રણ આપીને એમની પાસે લેખો લખાવતા હતા. કોઈક એવા પણ હોય કે જેમણે જિંદગીમાં એકેય લેખ લખ્યો ન હોય, પણ એમનામાં થોડી સર્જકતા કે થોડી વિચારશીલતા જુએ, તો એને તુરત પ્રોત્સાહિત કરતા.

અને વાર્તાકાર ભૂપત વડોદરિયા જ્યારે જયારે મને મળતા, ત્યારે જયભિખ્ખુનું કૃતજ્ઞભાવે સ્મરણ કરતા હતા. એ સમયે પત્રકારત્વમાં ગળાડૂબ ભૂપત વડોદરિયાને જયભિખ્ખુએ ધર્મકથા લખવાનું નિમંત્રણ આપ્યું. એમને કલ્પના પણ નહોતી કે આવી કથારચના  તેઓ કરી શકશે; પરંતુ જયભિખ્ખુના સ્નેહ અને આગ્રહ આગળ નમવું પડ્યું અને પરિણામે ભૂપત વડોદરિયા કથાલેખન તરફ વળ્યા. સમય જતાં તેઓ ગુજરાતી સાહિત્યમાં નવલકથાકાર અને વાર્તાકાર તરીકે સારી એવી ખ્યાતિ પામ્યા.

સાહિત્યકાર ન હોય તેવી અન્ય ક્ષેત્રની વ્યક્તિઓ પાસે પણ તેઓ લેખ લખાવતા. તેમનો આશય એ હતો કે એમની લેખનશક્તિને થોડી સંકોરી શકાય. આથી એવું પણ બનતું કે સાવ અજાણ્યા કે તદ્દન જુદા ક્ષેત્રના લેખકો પાસે લેખો મંગાવતા, એ લેખોને સ્વયં સુધારતા, તેમનું પ્રૂફરીડિંગ કરતા અને સુંદર સજાવટ સાથે તે પ્રગટ કરતા.

૧૯૬૧માં શ્રી પૂજાલાલ જે. પટેલ અને શ્રી મધુસૂદન એમ. દેસાઈના તંત્રીપદે ચાલતા 'વિશ્વવિજ્ઞાન'ના દીપોત્સવી અંકનું જયભિખ્ખુએ સંપાદન કર્યું. બન્યું એવું કે ૧૯૬૧ની ૧૫મી ઑક્ટોબરના રોજ, રવિવારે રાતના સાડા આઠ વાગ્યે એમના મુદ્રણાલયની બાજુમાં આવેલી જનરલ પોસ્ટ ઑફિસમાં આગ લાગી અને તે આગની જ્વાળા વીરવિજય મુદ્રણાલયને ભરખી ગઈ. એની ત્રણ લાખ રૂપિયાની કીમતી સાધનસામગ્રી ખાખ થઈ ગઈ. દુર્ભાગ્યે, વીમાના અભાવે યંત્રસામગ્રી, પુસ્તકો, કાગળો જે બધું સળગી ગયું, તેની ખોટ પૂરવાનો કોઈ માર્ગ ન રહ્યો, પરંતુ

પરંતુ વીરવિજય પ્રેસનું પુનર્નિર્માણ થયું અને ૧૯૬૧ની નવેમ્બરે એનો દીપોત્સવી વાર્તાઅંક પ્રગટ થયો. એમાં પિનાકિન્ ઠાકોર, હસિત બૂચ, હરિપ્રસાદ શાસ્ત્રી, રતિલાલ નાયક, પ્રો. નટવરલાલ રાજપરા, અંબાલાલ શાહ, નરસિંહભાઈ મૂળજીભાઈ શાહ જેવી, વિવિધ ક્ષેત્રોમાં જાણીતી વ્યક્તિઓના લેખો હતા.

પ્રથમ વિશેષાંકની લોકપ્રિયતાના કારણે બીજે વર્ષે 'વિશ્વવિજ્ઞાન' સામયિકે જયભિખ્ખુ પાસે અન્ય બે વિશેષાંકોનું સંપાદન કરાવ્યું. એમાં એક 'તીર્થયાત્રા વિશેષાંક'. એ પછી એમણે 'વિશ્વમંગલ' સામયિકનો 'વિદેશીય નીતિ-કથા અંક' પ્રગટ કર્યો અને આ અંકમાં પણ ધૂમકેતુ, ઉમાશંકર જોશી, ચુનીલાલ મડિયા, ગુલાબદાસ બ્રોકર, ગુણવંતરાય આચાર્ય, પીતાંબર પટેલ જેવા લેખકોની સાથોસાથ બિપિન ઝવેરી, ડૉ. ન. મૂ. શાહ, જયાબહેન ઠાકોર, ઉષાબહેન જોશી, ચિત્રભાનુ વગેરેની નીતિકથાઓનો પણ સમાવેશ કર્યો. જેમની કોઈ આંગળી પકડનાર ન હોય, એમની આંગળી પકડનાર જયભિખ્ખુ. જેમને પોતાની કલમની શક્તિની જાણ પણ ન હોય એમની શક્તિને પ્રગટવા અવકાશ આપવો, એ એમની નેમ.

સમય જતાં જયભિખ્ખુ અને પુનિત મહારાજ વચ્ચે મિત્રતા થઈ અને એને પરિણામે 'જનકલ્યાણ'નો ચોથા વર્ષનો પ્રથમ અંક 'વ્યવહારશુદ્ધિ-સદાચાર વિશેષાંક' તરીકે પ્રગટ થયો. આ વિશેષાંકનું સંપાદન ધૂમકેતુ અને જયભિખ્ખુએ સાથે મળીને કર્યું. આ વિશેષાંકે એ સમયે આગવી છાપ ઊભી કરી હતી. એના વિમોચનનો સમારંભ પણ યોજાયો હતો.

સાપ્તાહિકો અને વિશેષાંકોમાં લખતા જયભિખ્ખુને દૈનિક વર્તમાનપત્રમાં લખવાનો અણધાર્યો પ્રસંગ આવ્યો. ચંદ્રનગરમાં વસતા જયભિખ્ખુને બાજુની નારાયણનગર સોસાયટીમાં રહેતા ચાંપશી ઉદેશી અને જયંતકુમાર પાઠક સાથે ગાઢ મૈત્રી હતી. આ વિસ્તારમાં જાણીતા એવા ચંદ્રનગરના નવરાત્રિના ગરબાના સમયે ક્યારેક જયંતકુમાર પાઠક આવતા અને બંને વચ્ચે લાંબી ગોષ્ઠિ ચાલતી હતી. એ સમયે 'સંદેશ' દૈનિક કેટલાક નવા કૉલમ-લેખકોને અજમાવવા ચાહતું હતું. જયંતકુમાર પાઠકે જયભિખ્ખુને કહ્યું કે તમારી કલમનો લાભ હજી સુધી દૈનિકપત્રને મળ્યો નથી. તમે 'સંદેશ'ના વાચકોને દર અઠવાડિયે એક વાર તમારી કલમનો લાભ આપો.

આજ સુધી દૈનિક પત્રોમાં જયભિખ્ખુએ કોઈ કૉલમ લખી નહોતી, તેથી એમને થયું કે વણસ્પર્શેલા વાતાવરણને સ્પર્શવાનો લાભ મળશે અને પોતાના સહૃદયી પત્રકાર મિત્ર શ્રી જયંતકુમાર પાઠક સાથે પરિચય વધશે. એ ખ્યાલથી એમણે એમના નિમંત્રણનો સ્વીકાર કર્યો. અઠવાડિયાના કયા દિવસે આ કૉલમ પ્રગટ થાય ? એ અંગે જયભિખ્ખુએ શુભારંભ માટેના એમના પ્રિય વાર ગુરુવારની પસંદગી કરી. આને પરિણામે 'સંદેશ'માં ' ગુલાબ અને કંટક' નામની કૉલમ શરૂ થઈ. એમાં રાજકીય અને સામાજિક પ્રસંગોનું રસભરી છટાદાર શૈલીમાં જયભિખ્ખુ નિરૂપણ કરતા હતા. આની પાછળનો એમનો હેતુ તો એ હતો કે અર્ધશતાબ્દીના આરે પહોંચેલા જીવનમાં કરેલી રઝળપાટો અને અથડામણોમાંથી મળેલી કેટલીક વિરલ વ્યક્તિઓનાં ચરિત્રો

આલેખવાં. આ વ્યક્તિઓમાંથી કેટલીક વ્યક્તિમાં કટંકમાંથી ગુલ ખીલેલાં નજરે પડ્યાં હતાં, તો કેટલીક એવી વ્યક્તિઓ પણ મળી કે જેમણે ગુલાબમાં કાંટા ઉગાડ્યા હતા !

ગ્વાલિયરમાં વિદ્યાર્થી તરીકે વસનાર જયભિખ્ખુએ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ અને તાત્યા ટોપેની સમાધિઓ નિહાળવાનો રોમાંચ અનુભવ્યો હતો અને એને લગતો બધો ઇતિહાસ મેળવ્યો હતો. એ ઇતિહાસને પરિણામે એમને એવો અનુભવ થયો કે 'જ્યાં ઘણાને ગુલ, ગુલ ને ગુલ લાગ્યાં છે, ત્યાં અમને કાંટા વાગ્યા છે, જ્યાં ઘણાને કાંટા નજરે પડ્યા છે, ત્યાં અમને ગુલ નજરે પડ્યાં છે !'

અને પછી ઈ. સ. ૧૮૫૭ના એ સ્વાતંત્ર્ય-સંગ્રામને વિશે જયભિખ્ખુ નોંધે છે :

"સત્તાવનનો બળવો અમને શાન શૌકતનો પણ લાગ્યો છે ને આપણી લાજશરમનો પણ લાગ્યો છે. જ્યાં અપૂર્વ વીરત્વ નજરે પડ્યું, ત્યાં ઘોર સ્વાર્થાંધતા પણ નજરે પડી છે ! સત્તાવનનું સ્વાતંત્ર્યયુદ્ધ સફળ થયું હોત તો અમને લાગે છે, કે દેશ લોકશાહીનાં આટલાં વહેલાં દર્શન ન કરી શકત, પણ સત્તાવનનું સ્વાતંત્ર્યયુદ્ધ ન ઝગ્યું હોત, તો હિંદમાંથી મર્દાઈ પરવારી જાત, ભારતીય આત્મા વિનષ્ટ થઈ જાત !"

પત્રકાર જયભિખ્ખુનો હેતુ માનવમૂલ્યોની માવજતનો હતો, આથી એમણે ક્યારેય આધુનિક દેખાવા માટે અણગમતી ઘટનાઓ, ભાવનાઓ કે જીવનરીતિની તરફદારી કરી નહીં. એ માનતા કે ડેલહાઉસીને હરાવવો સહેલો હતો, પરંતુ મેકોલેને હરાવવો હજુ મુશ્કેલ છે. એમની નજરે આધુનિક કેળવણીમાં થતી યુવાનીની અવદશા અને મૂલ્યનાશ ઘણાં હૃદયવિદારક હતાં. પોતાનો આ મનોભાવ દર્શાવી એમણે જીવનના સારા-નરસા અનુભવોની વાત કરી તો બીજી બાજુ રાષ્ટ્રભક્તિના પ્રસંગોનું આલેખન કર્યું.

દૈનિક પત્રના જગતમાં જયભિખ્ખુએ પ્રવેશ કર્યો અને 'ગુલાબ અને કંટક'માં સંસાર એ ગુલાબ અને કંટક - બંનેની શય્યા છે એવી એમની પ્રતીતિ એમાં આલેખાયેલા પ્રસંગોમાં પ્રગટ કરતા હતા. દુનિયા જેમ શેતાનનું ઘર છે, એમ દેવનું દહેરું પણ છે. આ ભાવને અનુલક્ષીને રસભરી અને છટાદાર શૈલીમાં આલેખાતા પ્રસંગો વાચકોને આહ્લાદક લાગતા હતા.

દૈનિકોની દુનિયામાં જયભિખ્ખુનો પ્રવેશ આગળ વધ્યો અને 'ફૂલછાબ' તથા 'જયહિંદ' - બંનેમાં એમની ધારાવાહિક નવલકથાઓ પ્રગટ થવા લાગી. એ જમાનામાં ધારાવાહિક નવલકથા માટે વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામીનું નામ મોખરે હતું. હવે એમાં જયભિખ્ખુનું નામ ઉમેરાયું અને જયભિખ્ખુએ 'લોખંડી ખાખનાં ફૂલ' જેવી દીર્ઘ નવલકથા 'જયહિંદ'માં એના નીડર તંત્રી શ્રી બાબુભાઈ શાહના આગ્રહથી લખી હતી.

ધીરે ધીરે દૈનિક પત્રોની દુનિયામાં જયભિખ્ખુનું નામ આગવી પ્રતિષ્ઠા સાથે જાણીતું બન્યું. 'ગુલાબ અને કંટક' કૉલમ એની સોળે કળાએ ખીલી હતી, ત્યારે

'સંદેશ'ના સંચાલનતંત્રમાં પરિવર્તન આવ્યું અને એને પરિણામે એ કૉલમ બંધ થઈ. કૉલમલેખક તરીકેની જયભિખ્ખુની લોકપ્રિયતાથી 'ગુજરાત સમાચાર'ના તંત્રી શ્રી શાંતિલાલ શાહ સુવિદિત હતા. એમણે જયભિખ્ખુને કૉલમ લખવા નિમંત્રણ આપ્યું અને 'ગુજરાત સમાચાર'માં 'ઈંટ અને ઇમારત' કૉલમ પ્રગટ થઈ અને તેય જયભિખ્ખુના પ્રિય એવા ગુરુવારે. 'ગુજરાત સમાચાર'ની આ કૉલમે એક જુદો જ ચીલો પાડ્યો. સામાન્ય રીતે અખબારના લીડર - તંત્રીલેખના પૃષ્ઠ પર (લીડર-પેજ) પ્રેરક કે ચરિત્રાત્મક લખાણો આવતાં નહીં, મોટા ભાગે ચોથું પાનું કહેવાતા તંત્રીલેખના પૃષ્ઠ પર રાજકીય સમીક્ષાઓ હોય કે પછી અર્થકારણ અને સમાજજીવનની ચર્ચા હોય.

જયભિખ્ખુએ 'ઈંટ અને ઇમારત' દ્વારા જીવનની વિધાયક દૃષ્ટિ આપનારાં લખાણો પ્રગટ કર્યાં. આ રીતે ગુજરાતી વર્તમાનપત્રોમાં એક નવો ચીલો પાડ્યો. એમનાં લખાણોમાં પ્રાચીન કે અર્વાચીન વ્યક્તિનો કોઈ ચરિત્રલેખ આવતો, કોઈ પર્વપ્રસંગે આગવી ઢબે લખાયેલી પર્વકથા મળતી તો ક્યારેક પ્રજાના જીવનની હાડમારીઓ વ્યક્ત કરતા સ્વાનુભવો પણ રજૂ થતા. આવું જીવનલક્ષી સાહિત્ય અખબારના હાસ્યલેખ, મનોરંજનના સમાચારો અને લોકપ્રિય કથાસામગ્રીની વચ્ચે એક જુદી ભાત ઉપસાવી ગયું અને એનો આગવો ચાહકવર્ગ ઊભો થયો.

ભૂતકાળની માફક વર્તમાનકાળની ઘટનાઓને સાહિત્યિક આકૃતિમાં ઢાળવાની જયભિખ્ખુને નૈસર્ગિક ફાવટ હતી. છેક નજીકના વર્તમાનનું વસ્તુ પણ એમની સચોટ શૈલી અને પ્રગાઢ કલ્પનાના સ્પર્શથી સાહિત્યિક વાતાવરણ ઊભું કરી શકતું હતું. શ્રી જયભિખ્ખુની સર્જક - પત્રકાર તરીકેની આ વિશિષ્ટ શક્તિ હતી.

આ કૉલમ વ્યાપક રીતે જનસ્પર્શી બની, એનું અન્ય એક કારણ આ ચરિત્રલેખની સાથોસાથ 'પ્રસંગકથા' આવતી એ હતું. આ પ્રસંગકથામાં કોઈ કથાને નિરૂપીને 'આ વાત અમને એટલા માટે યાદ આવી કે -' લખીને સાંપ્રત પરિસ્થિતિ પર નિર્ભીક રીતે કટાક્ષ કરવામાં આવતો. પ્રસંગકથાનો હેતુ કોઈ રાજકીય પક્ષ કે નેતાની તરફદારી કરવાને બદલે સામાન્ય માનવીના હૃદયની વેદનાને કે ભાવનાને વાચા આપતી રજૂઆત કરવાનો હતો અને આમ આ હળવી - વ્યંગ - કટાક્ષભરી કથા સૌ કોઈનું આકર્ષણ બની રહેતી.

આ પ્રસંગકથાની જનચાહના વિશે જયભિખ્ખુના અવસાન પછી 'લોકસમાચાર' પત્રમાં પ્રસિદ્ધ બાળસાહિત્યકાર શ્રી હરીશ નાયકે લાક્ષણિક શૈલીમાં આપેલી અંજલિનો એક અંશ જોઈએ :

"આ વાત અમને એટલા માટે યાદ આવી કે...'
એ શબ્દો જ એ રણકાની પ્રતીતિ છે. એ શબ્દો જ્યાં સુધી રહેશે ત્યાં સુધી
જયભિખ્ખુ રહેશે ! ગુરુવાર કૅલેન્ડર ઉપર જ્યાં સુધી અસ્તિત્વ ધરાવશે, ત્યાં સુધી

'ઈંટ અને ઇમારત'ના એ રણકાને કોઈ ભુલાવી નહિ શકે.

ભુલાવવાની એ તાકાત ભૂત, વર્તમાન, ભવિષ્ય પાસે નથી. સાહિત્ય સંસ્કાર કે

સર્જન પાસે નથી, ડહાપણ, બોધ કે જ્ઞાન પાસે નથી.

કેમ કે જ્યારે પણ તમને કોઈક વાત યાદ આવશે અને ત્યારે તમે બોલી ઊઠશો,

'આ વાત અમને એટલા માટે યાદ આવી...

કે તરત જ તમે બોલી ઊઠશો : 'જયભિખ્ખુ'.

સમયની કોર્ટમાં પણ કેવા શબ્દો 'કૉપીરાઇટ' મેળવી જતા હોય છે!

રણકતા એ 'કૉપીરાઇટ' જેવા શબ્દો કૉપી ન થઈ શકે એવા રાઇટ સુધી ઉચ્ચારાતા રહેશે :

'આ વાત અમને..."

વળી 'ઈંટ અને ઇમારત'ના લેખની વચ્ચે વાચકોના દિલો-દિમાગને તરબતર કરે એવી શાયરીની બે પંક્તિઓ પણ આવતી.

જયભિખ્ખુએ જે પ્રકારે માનવતાપ્રેરક અને મૂલ્યલક્ષી સાહિત્યની રચના કરી, એ જ પ્રકારે 'ઈંટ અને ઇમારત' કૉલમ દ્વારા એમણે પ્રજાની વેદનાને વાચા આપવાની સાથોસાથ કલમ દ્વારા વ્યક્તિત્વઘડતર અને માનવમૂલ્યોની હિફાજત કરી. વળી ઝવેરચંદ મેઘાણીની માફક જયભિખ્ખુની રંગદર્શી શૈલીએ પણ વિશાળ વાચકવર્ગ મેળવ્યો.

આમ ૧૯૫૩માં શરૂ થયેલી 'ગુજરાત સમાચાર'ની 'ઈંટ અને ઇમારત' કૉલમ એમણે ૧૯૬૯ના ડિસેમ્બર મહિના સુધી ચાલુ રાખી. એમનું અવસાન ૨૪મી ડિસેમ્બર, ૧૯૬૯ના બુધવારના રોજ થયું અને ૨૫મી ડિસેમ્બરના ગુરુવારે એમની કૉલમ એમના વિશેની અંજલિનોંધ સાથે પ્રકાશિત થઈ હતી. એક સાહિત્યકાર પોતાની વિચારસૃષ્ટિને પત્રકારત્વના ક્ષેત્રમાં કઈ રીતે સાંગોપાંગ ઉતારી શકે, એનું ઉજ્જ્વળ ઉદાહરણ જયભિખ્ખુનું પત્રકારત્વ બની રહ્યું.

# ઈમારતની ઈંટ

શાંતિલાલ શાહ

આજથી પચાસ વર્ષ પહેલાં 'જયભિખ્ખુ'ને મેં કહ્યું કે આપણે 'ગુજરાત સમાચાર'માં 'ઈંટ અને ઇમારત' નામનું કૉલમ ચાલુ કરીએ. 'જયભિખ્ખુ'નું મૂળ નામ બાલાભાઈ દેસાઈ હતું અને અમે તેમને બાલાકાકા તરીકે ઓળખતા. 'જયભિખ્ખુ'નું આ કૉલમ ૧૯૫૪માં શરૂ થયું અને ૧૯૬૯ની ડિસેમ્બરની 24મી તારીખે તેમનું અવસાન થયું ત્યાં સુધી ચાલુ રહ્યું. તેમના અવસાન બાદ એમણે લખેલું એક કૉલમ પ્રગટ થયું હતું.

બાલાકાકાનું અવસાન થતાં મેં કુમારપાળને બોલાવ્યા અને કહ્યું કે મારે આ કૉલમ ચાલુ રાખવું છે અને એની જવાબદારી તારે સ્વીકારવાની છે. આજે એ કૉલમ ચાલી રહ્યું છે અને તેને માટે હું કુમારપાળને જેટલા અભિનંદન આપું એટલા ઓછા છે.

બાલાકાકા એટલે 'જયભિખ્ખુ' સાથે મારો અંગત સંબંધ એટલો બધો હતો કે દર બેસતા વર્ષે કોઈ તીર્થસ્થાનમાં ત્રણેક દિવસ અમે સાથે જતા હતા અને જૈન ધર્મની ગોષ્ઠી કરતા હતા. એમણે ૩૫૦ જેટલાં પુસ્તકો લખ્યાં છે અને ગુજરાતી સાહિત્યની તથા જૈન સમાજની ઘણી મહત્વની સેવા કરી છે. એ સેવાની પરંપરા કુમારપાળે સુંદર રીતે જાળવી છે તેનો મને આનંદ છે. 'ગુજરાત સમાચાર'નું ઈંટ અને ઇમારત' કૉલમ આજે પણ વાચકોની એટલી જ ચાહના મેળવે છે. પિતા અને પુત્ર બંનેએ મળીને કોઈ અખબારની આ પ્રકારની કૉલમ આટલો સમય ચલાવી હોય તેવું મારા ખ્યાલમાં નથી. આ ઉપરાંત કુમારપાળની એક વિશેષતા છે જૈન ધર્મ અને તત્વજ્ઞાનનો એમનો અભ્યાસ. આ અભ્યાસને પરિણામે ભારતમાં એમનાં વ્યાખ્યાનોની ઠેર ઠેર માંગ રહે છે અને એથીય વિશેષ તો વિદેશમાં પણ એમનાં વ્યાખ્યાનો માટે એમને સતત નિમંત્રણ મળતાં રહે છે અને એ રીતે ભારતની બહાર જૈન ધર્મની ભાવનાઓ ફેલાવવામાં એમનો ઘણો મોટો ફાળો છે.

આજે 'ઈંટ અને ઇમારત' કૉલમ ઉપરાંત તેઓ બીજી અન્ય કૉલમો પણ 'ગુજરાત સમાચાર'માં લખે છે. 'ગુજરાત સમાચાર'ના લેખકને 'પદ્મશ્રી'નું માન મળ્યું હોય તેવી આ પહેલી ઘટના છે. કુમારપાળ અને એમના પિતાશ્રી સાથે અમારો પારિવારિક સંબંધ રહ્યો છે અને આજે પણ એ પારિવારિક સંબંધ ચાલુ રહ્યો છે. પોતાના પરિવારના એક સભ્યને આવી રાષ્ટ્રીય સિદ્ધિ મળે એથી પરિવારજનોને જે આનંદ થાય તે આનંદ અમે સહુ અનુભવીએ છીએ.

કુમારપાળનાં કેટલાંક પુસ્તકોનું વિમોચન મારા હાથે થયું છે અને તેમાં અંગ્રેજીમાં લખાયેલું ભગવાન મહાવીરસ્વામીનું એક આગવું અને અદ્ભૂત પુસ્તક છે. શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટના કાર્યક્રમોમાં હું અવારનવાર જાઉં છું અને એના દ્વારા કુમારપાળે જયભિખ્ખુની સ્મૃતિને જીવંત રાખી છે તેનો આનંદ અનુભવું છું. ભાઈ કુમારપાળની વિકાસયાત્રા સતત ચાલુ રહે એવા અંતરના આશીર્વાદ આપું છું.

# ઉદાહરણીય વિકાસયાત્રા

## બળવંતભાઈ શાહ

૧૯૪૨નો ઑગસ્ટ મહિનો એટલે દેશની સ્વતંત્રતા માટેની છેલ્લી લોકક્રાંતિનો સમય. 'ભારત છોડો' અને 'કરેંગે યા મરેંગે'નું આંદોલન દેશભરમાં ફેલાયેલું હતું. સ્વાતંત્ર્યસંગ્રામના આ ઐતિહાસિક મહિનાની ૩૦મી તારીખે રાણપુરમાં જન્મેલા કુમારપાળને ગુજરાતી સાહિત્યના ખ્યાતનામ લેખક 'જયભિખ્ખુ'નો સાહિત્યિક અને અસહકારના આંદોલનનમાં સક્રિય ભાગ લેનાર માતા જયાબહેનનો સંસ્કારનો વારસો મળ્યો હતો. પિતાના સાહિત્યના સંસ્કાર ઉપરાંત ઝવેરચંદ મેઘાણી, ગુણવંત આચાર્ય, 'ધૂમકેતુ', કવિ દુલા કાગ જેવા સમર્થ સાહિત્યકારોનું સાંનિધ્ય એમને શૈશવકાળથી જ સાંપડ્યું હતું. માતા જયાબહેન કુમારપાળને ગાંધીજી વિશેનાં અનેક કાવ્યો સંભળાવતાં સંભળાવતાં સંસ્કારનું સિંચન કરતાં કહેતાં કે 'ગુણદોષથી ભરેલા માનવીના હંમેશાં સારા ગુણો જોવા અને સૌનું સારું થાય એવાં કર્મો કરવાં તેમજ હંમેશાં ઉચ્ચ આદર્શને સિદ્ધ કરવાનો પ્રયાસ કરવો'. 'બાપ કરતાં બેટો સવાયો' એ વિધાનને સાર્થક કરવા કુમારપાળે જીવનભર વિવિધ ક્ષેત્રે પ્રયાસ કર્યો છે અને જે ક્ષેત્રમાં ઝંપલાવ્યું તેમાં સિદ્ધિનાં શિખરો સર કરવા માંડ્યાં છે. પત્રકારત્વના ક્ષેત્રે ઝંપલાવવા માટે પિતાના આદેશ મુજબ ગુજરાતના અગ્રગણ્ય પત્રકાર વાસુદેવ મહેતા પાસે મહિનાઓ સુધી બેસીને સારા પત્રકાર થવાના પાઠો શીખ્યા છે.

છ દાયકા ઉપરાંતની વિકાસયાત્રા દરમ્યાન ડૉ. કુમારપાળ દેસાઈ સાહિત્ય, શિક્ષણ, સમાજસેવા, પત્રકારત્વ, રમતગમત, ધર્મદર્શન જેવા વિવિધ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરતા રહ્યા છે. એમની આવી યશસ્વી કારકિર્દી અને વિવિધ ક્ષેત્રોમાંની સેવાઓની કદર રૂપે ભારત સરકારે એમને પદ્મશ્રીનો ખિતાબ આપ્યો છે. ગુજરાતમાં સાહિત્ય ક્ષેત્રે આવું સન્માન મેળવનાર બહુ ઓછી વ્યક્તિઓ છે.

સાહિત્યના સંસ્કારનું સિંચન નાનપણથી થયેલું હોવાથી કુમારપાળે ૧૧ વર્ષની વયે એક ક્રાંતિવીરની કથાથી લેખનનો આરંભ કર્યા હતો. કૉલેજના અભ્યાસકાળ દરમિયાન 'વતન, તારાં રતન' નામનું એમનું પ્રથમ પુસ્તક પ્રગટ થયું હતું. બાળસાહિત્ય, નવશિક્ષિતો માટેનું સાહિત્ય, ચિંતનાત્મક સાહિત્ય, વાર્તાસંગ્રહ, અનુવાદ, સંપાદન, વિવેચન, સંશોધન જેવા સાહિત્યનાં વિવિધ ક્ષેત્રો ઉપરાંત જૈન ધર્મ વિશે અંગ્રેજી પુસ્તકો પણ એમણે લખ્યાં છે. લાલબહાદુર શાસ્ત્રીના જીવનચરિત્ર વિશે એમણે લખેલા 'લાલગુલાબ' પુસ્તકની ૬૦ હજાર નકલ વેચાઈ હતી. આમ વિપુલ સાહિત્યસર્જન ઉપરાંત એમણે ૧૫૦ ઉપરાંત સાહિત્ય વિશેનાં મહત્વનાં વ્યાખ્યાનો આપ્યાં છે; તેમાં મુખ્યત્વે કરીને નવી દિલ્હીમાં યોજાયેલી ઇન્ટરનેશનલ કૉન્ફરન્સ ઑન જૈનોલૉજીમાં સંશોધનપત્રનું વાચન, લંડનમાં 'આધુનિક ગુજરાતી સાહિત્યની ગતિવિધિ' તેમજ 'માતૃભાષાના શિક્ષણની સમસ્યા'; 'પાર્લમેન્ટ ઑફ વર્લ્ડ રિલિજિયન્સ'માં 'હ્યુમન રાઈટ્સ ઍન્ડ જૈનિઝમ'; દક્ષિણ આફ્રિકાના કેપટાઉન શહેરમાં 'પાર્લમેન્ટ ઑફ વર્લ્ડ રિલિજિયન્સ'માં વક્તવ્ય, અમેરિકામાં ન્યૂયોર્ક, ન્યૂજર્સી, ચેરીહિલનાં પ્રવચનોનો સમાવેશ થાય છે. એમની સાહિત્યની સેવાઓ માટે એમને

અનેક સાહિત્યિક પારિતોષિકો મળ્યાં છે. તેમાં ખાસ કરીને એમના બાળસાહિત્ય અંગે કેન્દ્ર અને ગુજરાત સરકારનાં પારિતોષિકો, રાજસ્થાન લોકસંસ્કૃતિ મંડળ દ્વારા હનુમાનપ્રસાદ ગોલ્ડ મેડલ, ગુજરાત સાહિત્ય સભા દ્વારા સાહિત્યસર્જન માટે શ્રી ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રકનો સમાવેશ થાય છે.

સાહિત્યની અનેક સંસ્થાઓને એમણે એમની સેવાઓ આપેલી છે. ગુજરાત સાહિત્ય પરિષદના મંત્રી, એની કાર્યવાહક સમિતિના સભ્ય, ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપાધ્યક્ષ, અખિલ ભારતીય સાહિત્ય પરિષદના ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ, શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, પ્રા. અનંતરાય રાવલ સ્મારક સમિતિ અને ચન્દ્રવદન મહેતા સ્મારક સમિતિના મંત્રી, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ટ્રસ્ટી જેવી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.

સાહિત્યસર્જનની સાથે સાથે કુમારપાળે પત્રકારત્વના ક્ષેત્રે પણ વિશિષ્ટ પ્રદાન કર્યું છે. 'ગુજરાત સમાચાર'માં એમની કૉલમ 'ઈંટ અને ઇમારત', 'ઝાકળ બન્યું મોતી', ' આકાશની ઓળખ', 'પારિજાતનો પરિસંવાદ', રમતગમતની કૉલમ તેમજ નડિયાદના 'ગુજરાત ટાઇમ્સ'માં 'પાંદડું અને પિરામિડ' જેવી લોકપ્રિય કૉલમો નિયમિત પ્રસિદ્ધ થાય છે. એમની ૨૭ વર્ષની વયે પિતાજીનો દેહાંત થયો ત્યારે પિતાનાં ૩૦૦ પુસ્તકોમાંથી માત્ર રૂ. ૩૫૦ની મૂડી નીકળી હતી. જયભિખ્ખુએ ૧૯૫૨થી શરૂ કરેલી ' ઈંટ અને ઇમારત' કૉલમ અત્યંત લોકપ્રિય બની હતી. એમના અવસાન પછી શ્રી શાંતિભાઈ શાહે કુમારપાળને જ આ કૉલમ ચાલુ રાખવા આગ્રહ કરેલો, ખચકાતા ખચકાતા કુમારપાળે આ કૉલમ ચાલુ રાખી. આમ લગભગ 65 વર્ષ ઉપરાંતના સમયથી પિતા-પુત્ર દ્વારા નિયમિત રીતે લખાતી રહેલી આ કૉલમ આજે પણ એના હજારો વાચકોમાં લોકપ્રિય બની રહી છે. એક માત્ર કુમારપાળ દેસાઈની જ આટલી બધી કૉલમો 'ગુજરાત સમાચાર'માં નિયમિત રીતે પ્રસિદ્ધ થાય છે. છેલ્લાં ૩૫ વર્ષથી તેઓ એક અધ્યાપક તરીકે પત્રકારત્વની કૉલેજો સાથે સંકળાયેલા છે. ગુજરાતી વિશ્વકોશના પત્રકારત્વ વિભાગના સંપાદક છે 'અખબારી લેખન' અને 'સાહિત્ય અને પત્રકારત્વ' વિશે એમણે બે પુસ્તકો પણ લખ્યાં છે. પત્રકારત્વ ક્ષેત્રે એમના વિશિષ્ટ પ્રદાન માટે એમને નવચેતન રૌપ્યચંદ્રક, શ્રી યજ્ઞેશ હ. શુક્લ પારિતોષિક, નાનુભાઈ સુરતી ફાઉન્ડેશન દ્વારા સંસ્કૃતિગૌરવ પુરસ્કાર, ગુજરાત અખબાર સંઘ દ્વારા પત્રકારત્વમાં સત્વશીલ લેખન માટે હરિ ૐ આશ્રમ ઍવૉર્ડ અને સંસ્કૃતિ સંવર્ધન ઍવૉર્ડ એનાયત થયા છે.

રમતગમત અંગેની એમની કૉલમ પણ ખૂબ જ લોકપ્રિય બની છે. ' ક્રિકેટ રમતાં શીખો' ભાગ-૧, ૨ પુસ્તકની દોઢ લાખ જેટલી નકલો વેચાયેલી. ઇંગ્લૅન્ડની પ્રસિદ્ધ ' ક્રિકેટર મૅગેઝિન ક્લબ'નું માનાર્હ સભ્યપદ એમને મળ્યું હતું. રમતગમત વિશે પણ એમણે ૩૦૦થી વધુ વ્યાખ્યાનો આપ્યાં છે. સુરત શહેર પત્રકારનિધિએ એમને 'બેસ્ટ સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ'નો ઍવૉર્ડ એનાયત કર્યો છે.

જૈન ધર્મ અને ભારતીય સંસ્કૃતિના તેઓ ઊંડા અભ્યાસી હોવાથી ૧૯૯૪થી

ડૉ. કુમારપાળ દરેક વર્ષે વિદેશોમાં વ્યાખ્યાન આપે છે. એમણે અમેરિકા, ઇંગ્લેન્ડ, પૂર્વ આફ્રિકા, કૅનેડા, સિંગાપોર, બેલ્જિયમ, હૉંગકૉંગ, મલેશિયા, દુબઈ, મસ્કત જેવા દેશોમાં ખાસ કરીને જૈનદર્શન વિશે અભ્યાસપૂર્ણ પ્રવચનો કર્યાં છે. તેમાં ખાસ કરીને એમનાં પર્યુષણ-પ્રવચનોનો લાભ દેશ-વિદેશોમાં હજારો લોકોએ લીધો છે. ઇંગ્લૅન્ડમાં ૧૪ ભારતીય સંસ્થાઓએ એમને 'હેમચંદ્રાચાર્ય ઍવૉર્ડ' આપ્યો હતો. જૈન સાહિત્યના સંશોધન અને દર્શન અંગેની એમની વિદ્વત્તાને કારણે દેશ- પરદેશમાં એમને અનેક ઍવૉર્ડ મળ્યા છે. તેમણે શાકાહાર અને અહિંસા વિશે પ્રવચનો કર્યાં છે, લેખો લખ્યા છે અને પુસ્તકો પણ લખ્યાં છે.

અનેકવિધ પ્રવૃત્તિઓ અને સંસ્થાઓ સાથે સંકળાયેલા ડૉ. કુમારપાળ વ્યક્તિમાંય વ્યક્તિ નહિ, પણ વિવિધસભર પ્રતિભાને કારણે સંસ્થા બની ગયા છે. આમ છતાંય તેઓ સમાજસેવામાં પણ એટલા જ સક્રિય છે. ગુજરાતના ભીષણ ભૂકંપગ્રસ્તો માટે એમણે પંદર લાખ રૂપિયા જેટલી રકમ મેળવી હતી.

આ બધી પ્રવૃત્તિઓમાં 'ગુજરાતી વિશ્વકોશ'ની પ્રવૃત્તિ ગુજરાતભરમાં યાદગાર બની રહેશે. એ સંસ્થા તરફથી અત્યાર સુધીમાં ૧૮ ગ્રંથો બહાર પડ્યા છે.

આમ બાળકોના વહાલસોયો બાળસાહિત્યસર્જક, હજારો વાચકોના લોકપ્રિય કટારલેખક, વિદ્યાર્થીઓના આદરપાત્ર અધ્યાપક, ધર્મનિષ્ઠ, શ્રોતાજનોના વિદ્વાન વ્યાખ્યાતા, સર્જક, સમાજસેવક, સંશોધક, સંપાદક ડૉ. કુમારપાળ દેસાઈ ગુજરાતની એક આગવી પ્રતિભા છે.

# બહુમુખી પ્રતિભાસંપન્ન કટારલેખક

મહેશ ઠાકર

ઘણાં વર્ષો પહેલાંની વાત છે. ઊગતા પ્રભાતની તાજગી અને પ્રફુલ્લતા ધરાવતા એક સુકુમાર નવયુવાને 'ગુજરાત સમાચાર'માં હું ભૂલતો ન હોઉં તો રમતગમત(sports) વિશે લખવાનું શરૂ કર્યું. ત્યારે આ યુવાનને હું તથા અન્ય કેટલાક સંપાદક વિભાગના મિત્રો મુરબ્બી બાલાભાઈ(જયભિખ્ખુ)ના સુપુત્ર તરીકે ઓળખાતા હતા. જોકે એ યુવાન પોતાને એક લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારના પુત્ર તરીકે નહીં, પરંતુ ગુજરાતી પત્રકારત્વમાં ખાસ કરીને રમતગમતના ક્ષેત્રના એક ઊંડા અભ્યાસી અને સમીક્ષક તરીકે ઓળખે તેવી અલગ પહેચાન કંડારવા માગતા હતા. આથી જ તેમણે રમતગમત જેવા યુવાનોને પ્રિય એવા વિષયને પસંદ કર્યો. રમતગમતના પોતાના લેખોને તેમણે પોતાની સરસ શૈલીથી અત્યંત રસપ્રદ અને લોકપ્રિય બનાવ્યા અને થોડા જ સમયમાં તેમનું નામ રમતગમતના ક્ષેત્રના એક અચ્છા વિવેચક તરીકે જાણીતું થઈ ગયું. એ વખતે આપણે ત્યાં આવા વિવેચકોની જે ખોટ સાલતી હતી, તે કુમારપાળ દેસાઈએ પૂરી કરી. રમતવીરો અને પરમ પ્રેમીઓને આનંદથી પરિતૃપ્ત કર્યા. રમતગમતના આલેખનમાં એક પ્રકારની ગરિમા અને સાહિત્યિક સમૃદ્ધિનો ઉમેરો થયો. બ્રિટનમાં રમતગમતના આલેખનોનાં પુસ્તકો નેવિલ કાર્ડ્સ જેવા લેખકોના – સાહિત્ય વિભાગમાં જોવા મળે છે. કુમારપાળનો આદર્શ આ હતો અને તેથી આ વિષયના આલેખનમાં છટા, માર્મિક રજૂઆત, પ્રમાણિકતા અને કોઈ 'ગોસિપ'માં સર્યા વિના હકીકત દર્શાવવાની એમની આલેખનપદ્ધતિ જોવા મળી. 'ગુજરાત સમાચાર'માં પણ કુમારપાળ દેસાઈનું પ્રદાન એ પછી 'ઈંટ અને ઇમારત', ઝાકળ બન્યું મોતી', 'પારિજાતનો પરિસંવાદ' વગેરે અનેક વિભાગોમાં વિસ્તર્યું જેની યાદી અહીં આપવાની જરૂર નથી.

કુમારપાળ દેસાઈ વ્યવસાયે અધ્યાપક છે એ ખરું, પરંતુ તેમણે એક ફ્રીલાન્સ પત્રકાર તરીકે જે કૌશલ્ય પ્રાપ્ત કર્યું છે તે કોઈ વ્યવસાયી પત્રકારોથી ઘણું વધારે છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. એમના કેટલાક લેખવિભાગોનું સંપાદન કરવાનું મને સદભાગ્ય પ્રાપ્ત થયું છે તેના આધારે હું ખાસ કરીને નીચેના મુદાઓનો ઉલ્લેખ કરવા માંગુ છું.

(૧) સ્પષ્ટ અને સુઘડ લખાણ,
(૨) સરળ પણ સુયોગ્ય શબ્દોનો પ્રયોગ,
(૩) પ્રાસંગિકતા,
(૪) નાવીન્ય,
(૫) ઉપદેશ નહિ, બોધ(પ્રસંગકથા)
(૬) ચોકસાઈ અને ચીવટ,
(૭) નિયમિતતા.

અમદાવાદમાં હોય કે દેશની બહાર હોય ત્યારે પણ તે અગાઉથી જાણ કરે એટલું જ નહિ, પરંતુ વાચકો તથા સંપાદકો પ્રત્યેની પોતાની ફરજ સુંદર રીતે અદા કરવા તારીખવાર લેખ-સંપુટ આપીને કુમારપાળે સંપાદકોને બ્લડપ્રેશર વધી જાય તેવો ઉચાટ ક્યારેય થવા દીધો નથી. સંપાદકો સાથે તો તેમનો વ્યવહાર પણ ખૂબ જ આત્મીયતાભર્યો રહ્યો છે. પોતાના વાચકોના પત્રો પણ એ નિયમિત રીતે સંપાદક પાસેથી મેળવી લે છે, આથી વાચકો સાથેનો તેમનો નાતો પણ દ્વિમાર્ગી રહ્યો છે. અખબાર કે સામયિકના લેખકોમાં વાચકો પ્રત્યેની આવી પ્રતિબદ્ધતા ખાસ કરીને સફળ અને લોકપ્રિય નીવડેલા લેખકોમાં જવલ્લે જ જોવા મળે છે.

મારા અનુભવ પરથી હું એમ કહી શકું કે કુમારપાળ દેસાઈએ સસ્તી લોકપ્રિય મેળવવા માટે કયારેય પ્રયત્ન કર્યા નથી. સામાન્ય રીતે દરેક લેખકના મનમાં લોકપ્રિય થવાની ઇચ્છા હોય અને એ માટે તેઓ પોતાના વિચારો કે સિદ્ધાંતોમાં બાંધછોડ કરીને અંગ્રેજીમાં જેને 'પ્લેઈંગ ટુ ધ ગૅલરી' કહે છે, તેવા સ્તરે પણ ઊતરી જતા હોય છે. પોતાના લખાણને ધારદાર અને જોશીલાં બનાવવા અનુચિત શબ્દ જાણે-અજાણે પણ લે છે, પરંતુ ડૉ. કુમારપાળ સરસ્વતીના ઉપાસક હોઈ એક પણ અનુચિત શબ્દ જાણે-અજાણે પણ લખાણમાં સરી ન જાય તે સુનિશ્ચિત કરે છે. સાથે સાથે અખબારના સામાન્ય વાચકને સમજવા મુશ્કેલ એવા અઘરા શબ્દોનો પ્રયોગ કરી પોતાનું પાંડિત્ય દર્શાવવાના મોહથી પણ દૂર રહે છે.

અખબારોમાં પ્રગટ થતા લેખોનું સ્તર ઊંચું રાખવાની સાથે તેને લોકભોગ્ય બનાવવાના કૌશલ્યે તેમને 'ગુજરાત સમાચાર'નાં અત્યંત લોકપ્રિય કટારલેખક બનાવ્યા છે. એકસાથે અનેક વિષયો પર લખવા માટે જે પરિશીલન અને પરિશ્રમ જરૂરી છે, તેમાં તે ક્યારેય ઊણા ઊતર્યા નથી. ગુજરાતી ભાષામાં તો ઠીક પણ રાષ્ટ્રભાષા હિન્દી કે અંગ્રેજીમાં પણ મેં હજુ સુધી પણ આવા બહુમુખી પ્રતિભાસંપન્ન કટારલેખકને જોયા, જાણ્યા નથી. એમનું જીવન અને સર્જન સાહિત્યકાર, અધ્યાપક કે પત્રકાર માટે એક પાઠ્યપુસ્તક સમાન છે.

# વિશાળ વાચકસમુદાયના હિતશિક્ષક

## ચન્દ્રકાન્ત શેઠ

સદ્ગત જયભિખ્ખુએ 'ગુજરાત સમાચાર'માં 'ઈંટ અને ઇમારત' કૉલમનો એવો જાદુ જમાવેલો કે એ વાંચ્યા વિના ચાલે જ નહીં. 'ગુજરાત સમાચાર' જેમના કારણે 'ગરવું' લાગે એ કેટલીક કૉલમોમાંની એક તે 'ઈંટ અને ઇમારત'. આ ઈમારતના સ્થાપક શ્રી જયભિખ્ખુએ ચિરવિદાય લીધી પણ એમની' ઈંટ અને ઇમારત' અડીખમ ટકી રહી, તેમના પનોતા પુત્ર કુમારપાળની કલમના કસબે. પિતાશ્રીનો સંસ્કારવારસોને જીવનમૂલ્યોનો વારસો એમના સુપુત્રએ જતન કરીને સાચવ્યો; એટલું જ નહીં, એના વ્યાપ અને વૈભવનો વિસ્તાર-વિકાસ પણ સાધ્યો. શીલ અને સંસ્કારની શ્રી જયભિખ્ખુની ધખના કુમારપાળે છોડી નથી. એ ધખનાથી પ્રેરાઈને તેઓ પાત્ર, પ્રસંગે, ઉક્તિ-વિચાર વગેરે દ્વારા કશુંક નગદપણું આપવા સતત સક્રિય રહે છે. 'કૉલમ દ્વારા કેળવણી'નું ઉમદા સૂત્ર વ્યવહારમાં સિદ્ધ થાય એ માટેનો પુરુષાર્થ 'જયભિખ્ખુ' પછી કુમારપાળ દ્વારા સદભાગ્યે આજેય અવિરત ચાલુ છે.

કુમારપાળ ગુજરાત યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રાધ્યાપક થયા તે પહેલાંથી તેઓ લોકોના વિશાળ વાચકસમુદાયના હિતશિક્ષક-સંસ્કારસેવક તો થયા જ હતા .એમના કુલસંસ્કારમાં કંઈક એવું હતું, જેના કારણે સદગુણોનો સરવાળો કરવાનું ગમે. જિનશાસનની આણ ને શાન પણ જાળવવાની એમના ચિત્તમાં સતત ખેવના. તેથી વિવેકપુત વ્યવહાર-વાણી-વર્તનથી એમણે પોતાનો અને સાથે પોતાના વાચકસમાજનો સમુત્કર્ષ નજરમાં રાખ્યો. તેથી એમના દ્વારા થતા મંડળ-સંસ્થા વગેરેના સંચાલનમાંયે સમતા ને રૂડપનો સુયોગ સાધી શકાયેલો જોઈ શકાય એમ છે.

કુમારપાળ મહાજનપરંપરાના નબીરા છે. મુત્સદ્દીપણું ને માણસાઈ – બેયની સમતુલા દ્વારા એમણે જાહેરજીવનનાં કાર્યા સલુકાઈથી નિપટાવવાની કળા બરોબર આત્મસાત્ કરી છે. કશું કટુ-કઠોર નહીં ને કશું વરવું- વિકૃત નહીં. બેઠક બંધાવી તે બેઠક ચલાવી. કુમારપાળને આ ફાવે. કારકિર્દી ને કીર્તિ – બંનેય ગમે, પણ 'કુમારપાળત્વ'ના ભોગે નહીં. એમની વસેકાઈ, વ્યવહાર અને ભાવભાવના વચ્ચેની સેતુરચના નિભાવવામાં જોઈ શકાય છે.

કુમારપાળે પત્રકારત્વનો ધર્મ સુપેરે પાળવા સાથે અધ્યાપક ને સાહિત્યોપાસકનો ધર્મ જાળવવામાં જે સજાગતા ને સક્રિયતા દાખવી છે તેનીયે નોંધ લેવી જોઈએ.

જે રીતે તેઓ ગુજરાતી ભાષા  અને સાહિત્ય સાથે,  પત્રકારત્વ સાથે અને જૈન ધર્મનાં ઉમદા કાર્યા સાથે સંલગ્ન છે તે જોતાં નજીકના ભવિષ્યમાં ગુજરાતને એમની સંસ્કારો સેવાનાં અનેક મીઠાં ફળ માણવા મળશે એમ કહી શકાય. એમનો નિવૃત્તિકાળ એમની સંસ્કારપ્રવૃત્તિઓનો સુવર્ણકાળ પણ બની રહે એવી શુભેચ્છાઓ.

# સાહિત્ય અને પત્રકારત્વની શાન

## યાસિન દલાલ

મને યાદ છે ત્યાં સુધી કુમારપાળનો પરિચય પત્રકારત્વના શિક્ષણસંદર્ભમાં થયો હતો. એ જમાનામાં નવગુજરાત કૉલેજમાં સાંજના પત્રકારત્વના વર્ગો ચાલતા, એના એ સહનિયામક હતા. જોકે આમ પણ કુમારપાળ પ્રત્યે મને આદર તો હતો જ. એમના પિતા સ્વ. 'જયભિખ્ખુ' સૌરાષ્ટ્રના જાણીતા લેખક પણ હતા. કુમારપાળ પણ પિતાના પગલે ચાલીને સમર્થ લેખક બન્યા અને સમર્થ પત્રકાર પણ બન્યા.

કુમારભાઈના આમંત્રણથી હું પણ નવગુજરાત કૉલેજનો મુલાકાતી આધ્યાપક થયો. એ દિવસોમાં હું નિયમિત પત્રકારત્વના વિદ્યાર્થીઓને ભણાવવા જતો. ધીમે ધીમે એમના કુટુંબના સંપર્કમાં પણ આવ્યો. એમનાં બા વાત્સલ્યનાં મૂર્તિ હતાં. મહેમાનોને પ્રેમપૂર્વક જમાડતાં. કુમારભાઈનાં પત્ની પ્રતિમાબહેન અને કુમારભાઈનું યુગલ એટલે પ્રસન્ન દાંપત્યનો જીવતોજાગતો નમૂનો. એ જમાનામાં તેમને ત્યાં ઊતરતો. એમના ફોન ઉપરથી જ અમદાવાદના સાહિત્યકારો ને પત્રકારોનો સંપર્ક કરતો. આમ એમનું ઘર મારે માટે મારી પ્રવૃત્તિઓનું હેડકવાર્ટર બની ગયું હતું. એ દિવસો યાદ કરું છું ત્યારે આખો જમાનો નજર સામે આવી જાય છે.

એ પછી રાજકોટ આજી નદી અને અમદાવાદની સાબરમતીમાં ઘણાં પાણી વહી ગયાં છે. કુમારભાઈ નવગુજરાતમાંથી યુનિવર્સિટીમાં પણ એમની પદોન્નતિ સતત થતી રહી છે. આજે એ ગુજરાતી ભવનના વડા ઉપરાંત વિનય  વિદ્યાશાખાના ડીન પણ છે. હવે માત્ર એમણે કુલપતિપદે પહોંચવાનું બાકી છે. એની સાથે મેં થાય એટલો વિકાસ કર્યો છે. પત્રકારત્વનાં પુસ્તકોની બાબતોમાં પણ અમે સમાંતર રસ્તે ચાલ્યા છીએ. ફરક એટલો કે  એમનાં પુસ્તકોમાં વિષયનું જે વૈવિધ્ય છે એ, હું મેળવી નથી શક્યો.

મને બરોબર યાદ છે કે વરસો પહેલાં ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે 'સાહિત્ય અને પત્રકારત્વ' વિષય પર એક મોટો પરિસંવાદ યોજાયો હતો. એની પાછળના આયોજનમાં જેમનું પીઠબળ હતું એમાં કુમારભાઈ મુખ્ય હતા. આ પરિસંવાદમાં ગુજરાત ઉપરાંત મુંબઈના ખ્યાતનામ પત્રકારોએ પણ ભાગ લીધો હતો. મુંબઈથી વાડીલાલ ડગલી પણ ખાસ પધાર્યા હતા. પરિસંવાદ બિલકુલ વ્યવસ્થિત હતો. એમાં જેમણે સંશોધનપત્રો રજૂ કરેલાં એ બધા આગાઉથી લેખિત રૂપે મેળવી લેવાયા હતા. પાછળથી એનું પુસ્તક રૂપે પ્રકાશન પણ થયું હતું. આજે પણ પત્રકારત્વના વિદ્યાર્થીઓ એ રસપૂર્વક વાંચે છે. આ પુસ્તક એટલું લોકપ્રિય થયું છે કે તાજેતરમાં એની બીજી આવૃત્તિ પણ બહાર પડી છે.

કુમારભાઈ ગુજરાતીના અધ્યાપક છે. ગુજરાતી ઉપરાંત પત્રકારત્વનું અધ્યયન પણ એમણે સફળતાપૂર્વક કર્યું. ઉપરાંત એમની કટાર 'ઈંટ અને ઇમારત' મુખ્યત્વે આધ્યાત્મિક કટાર છે. એમાં એ સામાન્ય વાંચકને પણ રસ પડે એ રીતે પ્રસંગો વર્ણવે

છે. આ પ્રસંગોમાંથી કોઈ ને કોઈ બોધ નીકળે છે. પણ આ કટાર લાઉડ નથી બની. વાંચકને ખબર પણ ન પડે એ રીતે એનો પ્રવાહ ખેંચી જાય છે. ઉપરાંત કટારના વિષયને અનુરૂપ એવો ઉર્દૂ શેર પણ કટારની વચ્ચે બૉક્સ બનાવીને મૂકે છે. મૂળ આ કટાર એમના પિતા સ્વ. 'જયભિખ્ખુ'એ શરૂ કરી હતી. કુમારપાળે એની ગુણવત્તા જાળવી રાખી છે. પરિણામે એની લોકપ્રિયતા પણ અગાઉ જેટલી જ અકબંધ છે. આ ઉપરાંત આશ્ચર્યજનક રીતે 'ગુજરાત સમાચાર' ક્રિકેટની કૉલમ પણ એ લખે છે. એક બાજુ આધ્યાત્મિક લેખો લખવા અને બીજી બાજુ ક્રિકેટ જેવી રમત વિશે લખવું એમાં થોડો વિરોધાભાસ લાગે છે. હું હંમેશાં માનું છું કે ભારત જેવા ગરીબ અને પછાત દેશ માટે ક્રિકેટની રમત એ એક પ્રકારનો વૈભવ છે. આપણા દેશનો પુષ્કળ સમય એમાં વેડફાય છે. સરકારી કર્મચારીઓ ચાલુ ઑફિસે ક્રિકેટની કૉમેન્ટ્રી સંભાળવામાં મશગૂલ હોય છે. આ અંગે અમારા પ્રમાણિક મતભેદોને લઈને અમે રૂબરૂ મળીએ ત્યારે આ વિશે કલાકો સુધી ચર્ચા પણ કરીએ છીએ. અમારો બીજો મતભેદ એમની આધ્યાત્મિક કટાર અંગે છે. એક વાર અમે ક્લાસમાં વિદ્યાર્થીઓ સમક્ષ વારાફરતી આ અંગે અમારા વિચારો વ્યક્ત કર્યા હતા. એ દરમિયાન કુમારપાળે એક આશ્ચર્યજનક પ્રશ્ન પૂછીને અમને સૌને ચોંકાવી દીધા હતા. એમનો પ્રશ્ન એ હતો કે પ્રકૃતિથી અમે બન્ને આટલા ભિન્ન હોવા છતાં આવા જીગરજાન મિત્રો કેમ છીએ? એમનો ધ્વનિ એ હતો કે આની પાછળ કોઈ કુદરતી સંકેત છે.

કુમારપાળે છેલ્લાં થોડાં વર્ષોથી જૈન ધર્મનો અભ્યાસ અને ચિંતન શરૂ કર્યાં છે. આનંદઘન વિશે એમણે સંશોધન કરીને પીએચ.ડી.નીપદવી મેળવી છે. એ પછી તો એ જૈનોલૉજીના અભ્યાસમાં એટલા ઊંડા ઉતરી ગયા છે કે પર્યુષણ નિમિત્તે દેશવિદેશમાં વ્યાખ્યાનો આપવા પણ જાય છે. વિદેશપ્રવાસની બાબતમાં એમણે મારા જેવા અનેક લોકોને પાછળ રાખી દીધા. આટલાં બધાં પ્રવાસો કરવાનો અને આટલા બધા પ્રવચનો તૈયાર કરવાનો સમય એમને કયાંથી મળે છે એ મારા માટે હજુ સુધી એક રહસ્ય છે. એમના વ્યક્તિત્વમાં અનેક વિદ્યાઓનો સુભગ સમન્વય થયો છે. સાહિત્ય ઉપરાંત, પત્રકારત્વ ઉપરાંત ક્રિકેટ જેવી રમતો તથા ધર્મ અને અધ્યત્મમાં પણ એ કુશળતાથી વિહાર કરી શકે છે. હું અઠવાડિયાની એક કૉલમ માંડ લખી શકું છું, ત્યારે કુમારપાળ લગભગ દરરોજ એક કૉલમ લખે છે અને તદ્દન જુદા જુદા વિષયો પર લખે છે. આ બધા દરમિયાન એમનું હવામાં ઊડવું તો ચાલુ જ રહે છે. કોઈને પ્રશ્ન થાય કે કલમના જાદુગર તો નથી ને ?

અખબારી લેખનમાં લેખનમાં કુમારભાઈએ લેખનકળા વિશે તલસ્પર્શી માહિતી આપી છે. એની સૌથી મોટી ઉપયોગિતા એ કે એમાં જે વિષયો છેડવામાં આવ્યા છે એનાં પૂરતાં સચિત્ર ઉદાહરણો પણ અપાયાં છે. માધ્યમોનો વિષય જ એવો છે કે એમાં કોરી કે શુષ્ક સિદ્ધાંતચર્ચાથી કામ ન ચાલે. અગ્રલેખોની વાત હોય કે ચર્ચાપત્રની બે- પાંચ અગ્રલેખો કે એકાદ-બે ચર્ચાપત્રો નમૂના રૂપે રજૂ ન થયાં હોય તો એ આખી ચર્ચાનું કૉમ્યુનિકેશન ન થાય. આ પુસ્તકમાં ક્યાંય આ ખામી નથી. તસવીર અને કાર્ટૂનના પ્રકરણમાં ભરપૂર તસવીરો અને કાર્ટૂન રજૂ થયાં છે. કાર્ટૂનના પ્રકરણમાં ઇતિહાસ ઉથલાવીને 'ફૂલછાબ'નું મેઘાણીને અદાલતમાં લઈ જનાર કાર્ટૂન 'મુખડા ક્યા દેખો દર્પણમેં' મૂકીને તો કમાલ કરી છે. અલારખા હાજી મોહંમદનું

ઇંદ્રદેવ આચાર્યએ દોરલું કેરિકેચર દુર્લભ છે. જગન મહેતા અને ઝવેરીલાલ મહેતાની બે ઉત્તમ તસવીરો પણ મૂકી છે.

આ પુસ્તકમાં લેખનશૈલી વિશે અત્યંત ઉપયોગી ચર્ચા વણી લેવામાં આવી છે. વાક્યરચના, શબ્દસામર્થ્ય અને પેરેગ્રાફ-લેખનમાં લેવી જોઈતી કાળજી-મુદ્દા પણ વણી લેવામાં આવ્યા છે. થોડોક ફેરફાર થાય તો શબ્દનો અર્થ કેટલી હદે બદલાઈ જાય છે એ વાત દાખલાઓ સાથે સમજાવવામાં આવી છે. વિશેષણો અને અલંકારોના વધુ પડતા ઉપયોગ સામે લેખકે યોગ્ય રીતે જ ચેતવણી ઉચ્ચારી છે. પુસ્તકમાં કુમારપાળે પુસ્તક, નાટક અને સિનેમાની સમીક્ષાના વિષયો પણ આવરી લીધા છે. એમણે સમીક્ષકની ચાર પદ્ધતિઓની વિગતથી ચર્ચા કરી છે. ગુજરાતી અખબારોમાં સાંસ્કૃતિક ઘટનાઓની સમીક્ષા માટે બહુ ઓછી જગ્યા ફાળવવામાં આવે છે એ અંગે એમણે ટકોર પણ કરી છે.

કુમારપાળે બાળસાહિત્ય ઉપર પણ સંખ્યાબંધ પુસ્તકો આપ્યાં છે. એમાંથી કેટલાંકને કેન્દ્ર થતા રાજ્ય સરકારોનાં પારિતોષિકો પણ મળ્યાં છે. એમણે એક વાર્તાસંગ્રહ પણ આપ્યો છે. આમ એમની કલમ સાહિત્ય ઉપરાંત શિક્ષણ, પત્રકારત્વ, સમાજસેવા, રમતગમત અને ધર્મદર્શન જેવાં વ્યાપક ક્ષેત્રોમાં વિહાર કરી રહી છે.

કુમારપાળ વરસોથી અમદાવાદ રહે છે પણ એમના શરીરમાં કાઠિયાવાડનું લોહી વહે છે. એમનો જન્મ રાણપુરમાં થયો હતો. રાણપુર એટલે સૌરાષ્ટ્ર ટ્રસ્ટના અખબાર 'ફૂલછાબ'નું ત્યારનું વડું મથક. ફૂલછાબના સ્થાપક અમૃતલાલ શેઠ. આજે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પત્રકારભવનની સ્થાપના ૧૯૭૩માં એમના સ્મરણમાં થઈ હતી. હું આ ભવનમાં વરસોથી અધ્યાપક તરીકે કામ કરી રહ્યો છું. આમ અમે સમાનધર્મી છીએ. ઉપરાંત બન્ને સૌરાષ્ટ્ર ટ્રસ્ટનાં અખબારો સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા છીએ. આજે કુમારપાળ 'ગુજરાત સમાચાર'ના કટારલેખક છે. એ જ રીતે હું પણ 'ગુજરાત સમાચાર'નો એક અદનો કટારલેખક છું.

કુમારભાઈની કલમમાં જે ખમીર દેખાય છે એ એમને રાણપુરની સૌરાષ્ટ્ર સ્કૂલ તરફથી વારસામાં મળેલું છે. બાળપણથી જ એમના પિતા જયભિખ્ખુ ઉપરાંત શ્રી ગુણવંતરાય આચાર્ય તથા કકલભાઈ કોઠારી અને ભીમજી પારેખ 'સુશીલ' જેવા મહાન પત્રકારોનું સાંનિધ્ય એમને મળ્યું હતું. 'ઝગમગ'માં બહુ નાની ઉંમરે એમણે ક્રાંતિવીરની કાલ્પનિક કથા લખેલી. સૌરાષ્ટ્ર આમ પણ સંત અને શૂરાઓની ભૂમિ છે. એમની કૉલમ 'ઈંટ અને ઇમારત'માં ઠેર ઠેર સંતોના ત્યાગની કથાઓ વાંચવા મળે છે. એમના પિતા ખ્યાતનામ લેખક હતા, પણ એ પિતાનું નામ વટાવવા માગતા નહોતા. રાજકપૂરની જેમ જ આપબળે આગળ આવવા માગતા હતા. એમનું પ્રથમ લખાણ 'કુ. બ. દેસાઈ' નામથી મોકલ્યું હતું. એમનું પ્રથમ પુસ્તક કૉલેજના અભ્યાસકાળ દરમિયાન પ્રગટ થયું હતું. ૧૯૬૨માં એ કટારલેખક થઈ ગયા હતા. લાલબહાદુર શાસ્ત્રીનું જીવનચરિત્ર પણ એમણે લખ્યું હતું. આમ એ સફળ ચરિત્રકાર પણ છે. એમણે બાળસાહિત્યનાં સંખ્યાબંધ પુસ્તકો લખ્યાં છે. ચરિત્રસાહિત્યમાં એમનું પુસ્તક 'અપંગના ઓજસ' નોંધપાત્ર છે.

છેલ્લા દાયકામાં એમનું નોંધપાત્ર પ્રદાન ગુજરાતી વિશ્વકોશમાં છે. આ વિશ્વકોશમાં ધીરુભાઈ ઠાકરની સાથે એ પણ ઘનિષ્ઠ રીતે સંકળાયેલા છે. આ ટ્રસ્ટના મુખપત્ર 'વિશ્વવિહાર' નું સંપાદન પણ ધીરુભાઈ ઠાકર અને કુમારપાળ કરે છે. વિશ્વકોશના અત્યાર સુધી ૧થી ૧૮ ભાગ પ્રગટ થઈ ચૂક્યા છે. ગુજરાતમાં એનસાઇકલોપીડિયા ક્ષેત્રે આ પ્રથમ નોંધપાત્ર પ્રયોગ છે.

સૌથી વિશેષ આનંદ એ વાતનો છે કે એ વરસોથી મારા અંતરંગ મિત્ર છે . ત્રણ વરસ પહેલાં મને અકસ્માત નડ્યો ત્યારે હોસ્પિટલમાં નિયમિત એમનાં પત્ની સાથે મારી ખબર પૂછવા પણ આવતા હતા. મારી પત્ની તથા પુત્રીઓને મારી સારવારમાં આ દંપતીએ મદદ પણ કરી હતી. આનો મતલબ એ થયો કે કુમારપાળ એક સારા લેખક હોવા ઉપરાંત નખશિખ સજ્જન પણ છે. એ માત્ર માનવધર્મની કૉલમ 'ઈંટ અને ઇમારત' લખીને અટકી જતા નથી પણ માનવધર્મ બજાવી પણ જાણે છે. આમ એમનું લેખન એમના વ્યક્તિત્વમાં પ્રગટ થાય છે. પદ્મશ્રીનો ઍવૉર્ડ મેળવીને એમણે ગુજરાતી સાહિત્ય અને પત્રકારત્વ - બન્નેની શાન વધારી છે.

# મૂલ્યનિષ્ઠ પત્રકાર અને દૃષ્ટિવંત સંપાદક

## વિનુભાઈ એમ શાહ

કુમારપાળ દેસાઈ એટલે ત્રિમુખી પ્રતિભા. સાહિત્યના સમર્થ સર્જક, ઉમદા કેળવણીવિદ અને મૂલ્યનિષ્ઠ પત્રકાર.

‘ગુજરાતસમાચાર’માં ‘આકાશની ઓળખ’, ‘ઝાકળ બન્યું મોતી, ’રમતનું મેદાન’, પારિજાતનો પરિસંવાદ’ જેવી વિવિધ કૉલમો આજે પણ તેઓ અવિરત લખી રહ્યા છે. ‘ગુજરાત સમાચાર’માં સૌથી વધુ કૉલમો નિયમિત લખનાર તે એકમાત્ર પત્રકાર છે. તેમની આ કૉલમમાં વિષય-વસ્તુ શિષ્ટ અને સંસ્કારી હોય છે. ક્યારેય તે દ્વિઅર્થી, હલકું સાહિત્ય લખતા નથી. સમાજને ઉપકારક ધ્યેયલક્ષી સર્જન એ તેમનું પ્રથમ લક્ષણ છે.

‘ગુજરાત ટાઇમ્સ’ સાથે એમના પિતા ‘જયભિખ્ખુ’ અને કુમારપાળનો સાહિત્યિક સંબંધ ખૂબ જૂનો છે ‘ગુજરાત ટાઇમ્સ’નાં આદ્યસ્થાપક તંત્રીશ્રી માણેકલાલભાઈ સાથે જયભિખ્ખુને આત્મીય સંબંધ હતો. તેમની કૉલમની પ્રસાદી વર્ષો પર્યંત ‘ગુજરાત ટાઇમ્સ’ના પૃષ્ઠે પીરસાતી રહી હતી. પિતાના પગલે પુત્ર કુમારપાળે માણેકલાલભાઈના જ્યેષ્ઠ પુત્ર વિનુભાઈ તથા તેમના લઘુ બંધુ શ્રી કનુભાઈ સાથે પિતાનો સંબંધ ધબકતો રાખ્યો. ‘પાંદડું અને પિરામિડ’ કૉલમે તો કમાલ કરી. ખેડા જિલ્લાના લાખોને મોહિત કર્યા. આજેય એ કૉલમ એનું સ્થાન અને સન્માન શોભાવી રહી છે.

‘ગુજરાત ટાઇમ્સ’માં પ્રગટ થતી ‘પાંદડું અને પિરામિડ’ નામક કૉલમ તો સુવર્ણજયંતી ઊજવે તેમ છે. ‘ગુજરાત ટાઇમ્સ’નો વાચકવર્ગ ‘પાંદડું અને પિરામિડ’ની કાગડોળે રાહ જોતો હોય છે. શીર્ષક પછી તરત શેર-શાયરી કે ગઝલની બે રત્નકણિકા સમી પંક્તિઓ, પછી લેખનું લક્ષ્ય, પછી દૃષ્ટાંત અને અંતે નિષ્કર્ષ - એવી ચોક્કસ ભૌમિતિક પ્રમેય સમી પ્રતિસપ્તાહ પ્રસિદ્ધ થતી કૃતિઓમાં, પૌરાણિક, ધાર્મિક, ઐતિહાસિક થતા સામાજિક દૃષ્ટાંતકથાઓનો આધાર કુમારપાળ લે છે, તેમાં તેમના વિશાળ વાંચનનું પ્રતિબિંબ પડે છે. જે ધાર્યું નિશાન તાકે છે. એમની કૉલમ-લેખક તરીકેની એક વિશેષતા એ રહી કે કોઈ રાજકીય પક્ષની તરફદારી કરવાને બદલે એમણે પ્રજાની લાગણીને વાચા આપી છે. સ્વાતંત્ર્યોત્તરકાળમાં દેશની પ્રજાની વેદના, હતાશા અને ગૂંગળામણને નિર્ભીક રીતે આલેખી છે. આને માટે ક્વચિત્ કોઈ રાજકીય નેતાએ અણગમો પ્રગટ કર્યા હોય છતાં એમણે એવી કશી પરવા કરી નથી અને પોતાના પત્રકાર તરીકેનો ધર્મ નિષ્ઠાપૂર્વક અને પ્રમાણિકતાથી બજાવ્યો છે.

‘સંપાદનકલા’ એ કુમારપાળની આગવી સૂઝ અને સંકલનશક્તિની ઝાંખી કરાવે છે. તેઓ સર્જક સાથે સંપાદક તરીકે પણ એટલા જ રસરુચિ ધરાવતા હતા. જેમાં નોંધપાત્ર ગણી શકાય એવાં સંપાદનોમાં ‘જયભિખ્ખુસ્મૃતિગ્રંથ’, ‘નર્મદ: આજનાસંદર્ભમાં’, ‘ઓજસ દીઠાં આત્મબળનાં’ ઉપરાંત જૈન ધર્મકથાઓ તથા જૈન ધર્મદર્શનને લગતાં અમૂલ્ય સંપાદનો છે.

'ગુજરાત ટાઇમ્સ'નો રજતજયંતી અંક હોય કે સુવર્ણજયંતી અંક હોય, હીરક મહોત્સવ અંક હોય કે અમૃત મહોત્સવ અંક હોય – કુમારપાળ તેના સંપાદનનો દોર સંભાળતા જેથી 'ગુજરાત ટાઇમ્સ'ના વિશિષ્ટ અંકો એક સંભારણું બની જતા અને પુસ્તકાલયો માટે અમૂલ્ય જ્ઞાનનો ભંડાર હોય તેમ તેનું જતન કરવામાં આવતું. ગ્રંથાલયોમાં એનો સંગ્રહ કરવામાં આવતો.

'ગુજરાત ટાઇમ્સ'ના વિશેષાંકોના સંપાદક ડૉ. કુમારપાળ દેસાઈની આ સાપ્તાહિક વિશેની ભાવના જોઈએ. તેઓ 'ગુજરાત ટાઇમ્સ'ના સુવર્ણજયંતી વિશેષાંક(૧૯૨૬થી ૧૯૭૫)માં નોંધે છેઃ 'ગુજરાતની અખબારી આલમમાં'ગુજરાત ટાઇમ્સ' પોતાનું એક આગવું સ્થાન ઊભું કરી શક્યું છે. જિલ્લાના પ્રશ્નો, બનાવો તેમજ દેશ અને વિદેશની મહત્વની ઘટનાઓની છણાવટમાં મળે છે. જ્યારે નીરક્ષીર વિવેક દાખવતા એના અગ્રલેખ તો જાગ્રત નાગરિક માટે મૂલ્યવાન માર્ગદર્શન પૂરું પાડે છે. કોઈ પણ એક પક્ષની કંઠી બાંધ્યા વગર પ્રજાની લાગણીને વાચા આપતું 'ગુજરાત ટાઇમ્સ' સસ્તી લોકપ્રિયતાથી ઊફરું રહ્યું છે તે ધન્યવાદને પાત્ર છે. હત્યા, જાતિય વૃત્તિને પંપાળનારા કે ચલચિત્રોના બહેકાવનારા સમાચાર આપીને વાચકો વધારવાના સસ્તા નુસખાથી આ અઠવાડિક અળગું રહ્યું જ છે તે બાબત ઘણી નોંધપાત્ર છે. શિષ્ટ અને સમીક્ષાત્મક સામગ્રી દ્વારા 'ગુજરાત ટાઇમ્સ' વર્તમાન સમયના બનાવોનું પ્રહરી બની રહ્યું છે.'' આ હતી 'ગુજરાત ટાઇમ્સ' માટેની એમની ભાવના.

'ગુજરાત ટાઇમ્સ' એના પ્રત્યેક વિશેષાંક માટે ડૉ. કુમારપાળ દેસાઈ પાસે દોડી જતું. એમની મૌલિક વિચારદૃષ્ટિ, વર્તમાન પહેચાન તો અભિગમ સમગ્ર અંકનું આયોજન અને ઉત્કૃષ્ટ સર્જકોના લેખો પ્રાપ્ત કરવાની ક્ષમતા - આ બધાંનો લાભ મળતો રહ્યો. એમણે સૌપ્રથમ 'ગુજરાત ટાઇમ્સ'ના રજતજયંતી વિશેષાંક (ઈ. સ. ૧૯૨૬થી ૧૯૫૧)નું સંપાદન કર્યું. એ પછી શ્રેષ્ઠ નવલિકા વિશેષાંકનું ડૉ. ચંદ્રકાન્ત મહેતા સાથે સહસંપાદન કર્યું. 'ગુજરાત ટાઇમ્સ'ની સુવર્ણજયંતીનો અવસર આવ્યો અને અમે ડૉ. કુમારપાળ દેસાઈને વિનંતી કરી. એમની સંપાદનની સૂક્ષ્મ સૂઝનો આમાંથી પરિચય મળી રહ્યો. 'ગુજરાત ટાઇમ્સ'નો હીરક મહોત્સવ ઊજવવાનો આવ્યો. આ નિમિત્તે અમારા આગ્રહને પરિણામે અમારા શુભચિંતક, સુપ્રસિદ્ધ લેખક કુમારપાળ દેસાઈ '21મી સદીનું વિશ્વ' એવો દૃષ્ટિવંત વિષય રાખીને 21મી સદીમાં અનેકવિધ વિષયોના લેખો મેળવીને અર્થપૂર્ણ સંપાદન કર્યું.

એપ્રિલ ૧૯૯૦માં 'ગુજરાત ટાઇમ્સ'ના ૬૫મા જન્મદિન વિશેષાંક- 'પરિવર્તનનું પ્રભાત – નું સંપાદન પણ ડૉ. કુમારપાળ દેસાઈએ કર્યું. જેમાં અનેકવિધ વિષયોને આવરી લેતા આ વિશેષાંકને સાહિત્યસામગ્રીથી સમૃદ્ધ બનાવી આપવામાં તેમનો સહયોગ સાચે જ પ્રશસ્ય હતો.

ત્યારબાદ ૧૯૨૬થી ૨૦૦૧ અમૃત મહોત્સવ વિશેષાંક 'અમૃતધારા'નું સંપાદન પણ તેમણે જ કર્યું છે. તેમાં તેઓ નોંધે છે : 'આજનું વિશ્વ અત્યંત ઝડપથી પરિવર્તન પામી રહ્યું છે. પૂર્વે જે પરિવર્તનો એક સૈકામાં થતાં હતાં, તે આજે દશકામાં થઈ રહ્યાં છે. વર્ગખંડના શિક્ષણ પર કમ્પ્યૂટર અને ઇન્ટરનેટે કબજો લીધો છે. યુવાપેઢીના ધ્યેયો અને આદર્શો સાવ બદલાઈ ગયાં છે. નારી નવી ક્ષિતિજો તરફ મીટ માંડીને બેઠી છે. રાજકારણ વધુ ને વધુ ભ્રષ્ટ રૂપને પામતું જાય છે. પ્રજાસેવા અને લોકકલ્યાણ – રાજકીય પ્રવૃત્તિમાંથી દિનપ્રતિદિન ઘસાતાં જાય છે 'ગુજરાત ટાઇમ્સ'નાં આ અંકમાં આવી રહેલાં પરિવર્તનોની માર્મિક સમીક્ષા છે'.

આમ એક વિલક્ષણ અવલોકન આપીને ડૉ. કુમારપાળ દેસાઈએ એક આર્ષદ્રષ્ટા ઋષિ તરીકેની પ્રતીતિ કરાવી છે. આ રીતે 'ગુજરાત ટાઇમ્સ'ને એના વિશિષ્ટ અંકો માટે કુમારપાળ દેસાઈની ઉત્કૃષ્ટ સાહિત્યરુચિ, વર્તમાન વિશ્વ સાથેનો અનુબંધ અને ઉત્તમ લેખકો પાસેથી લેખો મેળવવાની ક્ષમતાનો લાભ મળ્યો છે. પરિણામે આજે પણ વિશેષાંક પત્રકારત્વ જગતમાં આગવી ભાત પાડી રહ્યા છે.

પત્રકારત્વ એ કલા છે. ગુજરાત યુનિવર્સિટીઓમાં પત્રકારત્વના અભ્યાસક્રમ સાથે સંકળાયેલા છે. પત્રકારના ક્ષેત્રમાં નવા આગંતુકોને ઉપયોગી માહિતી ઉપલબ્ધ થાય તે માટે 'અખબારી લેખન' વિશે તેમણે એક મહત્વનું લખ્યું છે. તદ્ઉપરાંત 'સાહિત્ય અને પત્રકારત્વ' નામનું બીજું પુસ્તક પણ એમણે સંપાદિત કર્યું છે. પત્રકારત્વ ક્ષેત્રની તેમની અમૂલ્ય સેવાઓની કદર કરીને લોકોએ તેમને અનેક વાર સન્માનિત કર્યા છે. જેમાં પત્રકારત્વના વિશિષ્ટ પ્રદાન માટે શ્રી યજ્ઞેશ હ. શુક્લ પારિતોષિક અને 'નવચેતના' રૌપ્ય ચંદ્રક', રમતગમત વિશે પત્રકારત્વમાં મહત્વના પ્રદાન માટે નાનુભાઈ સુરતી ફાઉન્ડેશન દ્વારા ગૌરવ પુરસ્કાર તેમજ શિષ્ટ, સાત્વિક અને મૂલ્યલક્ષી લેખન માટે ગુજરાતી દૈનિક અખબાર સંઘ દ્વારા હરી ૐ આશ્રમ ઍવૉર્ડ અને પત્રકારત્વમાં સત્વશીલ લેખન માટે શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર તરફથી 'સંસ્કૃતિસંવર્ધન ઍવૉર્ડ' એનાયત કરીને તેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું. 'ગુજરાત ટાઇમ્સે' પણ એના એ લોકચાહના ધરાવતા કૉલમલેખકનું અભિવાદન કર્યું છે.

કર્મયોગી કુમારપાળ સાહિત્ય, સંસ્કૃતિ અને પત્રકારત્વનું કાર્ય કરતી સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા છે. છેલ્લાં ત્રીસ વર્ષથી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટની વિવિધલક્ષી પ્રવૃત્તિઓ કરીને પિતાનું ઋણ ચૂકવી રહ્યા છે. ભારત સરકાર તરફથી તેમને 'પદ્મશ્રી ઍવૉર્ડ' એનાયત થઈ રહ્યો છે. તે અમારા માટે જ નહીં, સમગ્ર પત્રકારત્વઆલમ માટે ગૌરવની હકીકત છે.

# વિરલ વિશિષ્ટતાઓ

## ગુણવંત છો.શાહ, આશ્લેષ શાહ

ત્યારે કદાચ કુમારપાળે કૉલેજનું ભણતર પૂરું કરેલું અને એમ.એ.નો અભ્યાસ ચાલુ હતો. એમના પિતા 'જયભિખ્ખુ'ની 'ગુજરાત સમાચાર'ની 'ઈંટ અને ઇમારત' ત્યારે લોકપ્રિય હતી. એમની સાથે ચીનુભાઈ પટવાની 'પાનસોપારી' નામની કૉલમ પણ 'ગુજરાત સમાચાર'ની લોકપ્રિય કૉલમોમાંની એક હતી.

ત્યારે સ્વ. કપિલરાય મહેતા, સ્વ. વાસુદેવ મહેતા જેવા વરિષ્ઠ પત્રકારો સ્વ. નીરુભાઈ દેસાઈ, બળવંતરાય શાહ જેવા વરિષ્ઠ પત્રકારો 'ગુજરાત સમાચાર'માં હતા. હું જુનિયરમાંથી પણ જુનિયર પત્રકાર.....અને લેખો તથા રવિવારની પૂર્તિની (ત્યારે બીજા કોઈ વારની પૂર્તિ નહોતી) જવાબદારી સંભાળતો હતો. એ વખતે કુમારપાળ રમતજગત વિશેનો એક લેખ લઈને વાસુદેવભાઈ પાસે આવ્યા.

વાસુદેવભાઈ એમના પણ ગુરુ અને મારા પણ ગુરુ.. એમણે લેખ જોયો અને કુમારપાળને લેખ લઈને મારી પાસે મોકલ્યા.

બસ, મારો અને એમનો એ પહેલો પરિચય. ૧૯૬૩નું એ વર્ષ હતું. આજે ૨૦૦૪નું ચાલે છે. ૪૦ વર્ષનાં વહાણાં વાઈ ગયાં અને એમાં ઘણાં બધાં પાણી વહી ગયાં. હું એમનો વિકાસ જોતો રહ્યો અને તેઓ મારો. ગોષ્ઠિ થતી રહી.

'ગુજરાત સમાચાર'ની રવિવારની પૂર્તિના સંપાદનની જવાબદારી સંભાળી અને અમારી નિકટતા નજીક આવી. દર રવિવારની પૂર્તિમાં એમના બે લેખો નિયમિત પ્રગટ તો થાય છે પરંતુ તેઓ અચૂક નિયમિતપણે પહોંચે એની ચીવટ રાખે. લેખનાં પાનાં વ્યવસ્થિત, અક્ષર તો ખાસ વ્યવસ્થિત, લેખ પાછો વ્યવસ્થિત કવરમાં જ, કવર ઉપર પાછું નામ-સરનામું-શીર્ષક પણ વ્યવસ્થિત.

માનો ને ચાલીસ વર્ષથી આ પ્રક્રિયા અતૂટપણે ચાલતી જ રહી છે... કુમારપાળ અમેરિકા ગયા હોય કે ઇંગ્લૅન્ડ કે સિંગાપુર કે મુંબઈ... કદાચ ક્યારેક નાદુરસ્ત તબિયત થઈ હોય, (જોકે સાંભરતું તો નથી કે થઈ હોય, પરંતુ આ તો શરીર છે), પણ લેખ ટેબલ ઉપર એમના સ્કૂટર-સારથિ તુલસીદાસ ભગત મૂકી ગયા જ હોય... કરફ્યૂ હોય કે તોફાન હોય કે વરસાદની હેલી હોય પણ એ ક્રમ ક્યારેય અટકયો નથી.

આ તો એમની વ્યાવસાયિક વિશિષ્ટતા થઈ, જેનો હું સાક્ષી છું.

બીજી એમની વિશિષ્ટતા એટલે પરગજુપણું. બીજાને સહાયક થવું. તેઓ અત્યંત વ્યસ્ત હોવા છતાં કોઈના કામને ના તો નહીં જ પાડવાની (એ કામ ખોટી રીતનું ન હોવું જોઈએ.) ઊલટાનું સામે ચાલીને માંગી લેવાનું.

વ્યક્તિ વ્યસ્ત હોય છતાં એનામાં આ ગુણ હોય એવું નથી બનતું, પણ કુમારપાળમાં એ છે. પછી એ કામ પોતાના કે બીજાના છપાતા પુસ્તકનાં પ્રૂફ તપાસવા જેવું હોય કે પછી બીજા કોઈ પરીક્ષકે જોયેલા પેપરમાં માંડેલા માર્કનો સરવાળો ટાંકીને એ પેપરોને યોગ્ય સ્થળે પહોંચાડવાનાં હોય ! કેવાં નાનામાં નાનાં અને એમ જુઓ તો બિન-મહત્વનાં કામ કહેવાય છતાં સામે ચાલીને માગી લેવાનું (આપનારને પણ શરમ આવે એવાં આ કામ કહેવાય), મંગાવી લેવાનું અને પાછું યોગ્ય સ્થળે પહોંચતું કરવાનું !

ત્રીજી વિશિષ્ટતા - ઉપાડેલી જવાબદારીનું ડિમડિમ કર્યા વિના પૂર્ણપણે પાલન કરવું.

બહુ ઓછા જાણતા હશે કે ગુજરાતી વિશ્વકોશ જેવું એવરેસ્ટ ચઢવા જેવા મહાન કામ પાછળ કુમારપાળનાં સ્વભાવગત બની ગયેલાં મહેનત, ખંત, ધગશ અને ચીવટ છે. વયોવૃદ્ધ પ્રાધ્યાપક અને પ્રિન્સિપાલ તથા કુમારપાળના પિતાશ્રીના મિત્ર ડૉ. ધીરુભાઈ ઠાકર એ જ્ઞાનની નર્મદાને ગુજરાતમાં ફેલાવનાર ભગીરથ છે, જેમની પાછળ કુમારપાળ ઊભા છે.

ગુજરાતી વિશ્વકોશના ૧૮ ગ્રંથ થયા છે અને બીજાં ૧૦ પુસ્તકો જુદા જુદા વિષયોને લગતાં થયાં છે તથા 'વિશ્વવિહાર' નામનું એક સામયિક પણ પ્રગટ થાય છે. આ ભગીરથ કાર્ય જ્યારે શરૂ કરવામાં આવ્યું ત્યારે ગુજરાતના 'જ્ઞાની'ઓ, સાહિત્યકારો, પ્રોફેસરો હસતા હતા. કેટલાક વળી આશાવાદી હતા, એ માનતા હતા કે બહુ બહુ તો બેચાર ગ્રંથ કરશે ત્યાં તો હાંફી જવાના. પણ પેલા સ્વભાવગત થઈ ગયેલા ચાર ગુણના કારણે કુમારપાળે હાંફ્યા વિના ધીરુભાઈ ઠાકર અને વિશ્વકોશમાં કામ કરતા ૪૦ કાર્યકરોના સહકારથી ૧૮ ગ્રંથ પૂરા કરી દેખાડ્યા તથા હજી કામ પાછું ચાલુ જ છે. કામ શરૂ થયું ત્યારે આવા કામ માટે જેનાં ફાંફાં હોય છે એ ધનના સાંસા હતા. પરંતુ અગાઉની એક ગુજરાત સરકારે જેમ ગુજરાતી સાહિત્ય પરિષદને રૂ. ૫૦ લાખ આપ્યા એમ વિશ્વકોશ પ્રકલ્પને રૂ. અઢી કરોડ આપવાનું નક્કી કર્યું. ગુજરાત સરકારે જ અમદાવાદના ઉસ્માનપુરા જેવા મધ્ય સ્થળે 'વિશ્વકોશ વિશ્વવિદ્યા સંકુલ' બાંધવા જમીન આપી છે. મકાનનું કામ લગભગ પૂરું થવામાં છે.

કુમારપાળે (અને પ્રા. ધીરુભાઈ સહિત ચાલીસ જણે) બીજું કંઈ જ કર્યું ન હોય પણ ફક્ત આ એક જ કાર્ય કર્યું હોય તોપણ સમગ્ર ગુજરાતી પ્રજા અને ગુર્જર ગિરા એમના ઋણી ગણાય તેવું છે.

આવું મહાન કામ કરતા હોવા છતાં પડદા પાછળ રહેવું, 'લો પ્રોફાઇલ' રહેવું, છવાઈ ન જવું વગેરે એમની ચોથી વિશિષ્ટતા છે. સભાસંચાલન જેવું નાનકડું કામ હોય ત્યાં પણ છવાઈ નહીં જવાનો કુમારપાળનો ઘણાએ અનુસરવા જેવો ગુણ છે.

પાંચમી વિશિષ્ટતા એમની વક્તૃત્વકલા છે. આજ સુધીમાં જૈન ધર્મ વિશે એમણે જેટલાં અને દુનિયાભરમાં જેટલી જગ્યાએ વક્તવ્યો આપ્યાં છે એટલાં જૈન

સાધુઓ સિવાય બીજા કોઈએ આપ્યાં નહીં હોય. એમનું વક્તવ્ય સરળ, ભારેખમ નહીં, હાસ્યના છંટકાવવાળું છતાં અભ્યાસપૂર્ણ અને વિદ્વત્તાવાળું હોય છે. તેઓ કદી તૈયારી કર્યા વિના બોલતા નથી.

આ વક્તવ્યો તો ઠીક પરંતુ પ્રોફેસર તરીકે વિદ્યાર્થીઓમાં લોકપ્રિય થવું એ બહુ જ અઘરું છે જે એમણે સાધ્ય કર્યું છે.

એમની છઠ્ઠી વિશિષ્ટતા મૂંગા મૂંગા સેવા કરવાની છે. જેમ વિશ્વકોશના કાર્યમાં એમના અર્પણ વિશે બહુ ઓછા જાણતા હશે એ જ બોટાદની રેડક્રોસ બ્રાંચ દ્વારા સેવાનાં યજ્ઞકાર્યો એમણે કર્યાં છે એ પણ બહુ ઓછા જાણે છે. દા.ત. ભૂકંપ વખતે બધાની નજરે કચ્છ હતું પરંતુ વઢવાણ, ધ્રાંગધ્રા, હળવદ, બોટાદ વગેરેના ગ્રામવિસ્તારોમાં જે તબાહી વેરાયેલી એની તરફ કોઈનું ધ્યાન નહીં ગયેલું ત્યારે કુમારપાળના માર્ગદર્શનથી બોટાદ રેડક્રોસે ત્યાં રહી કામ કરેલું.

સાતમી વિશિષ્ટતા શાંત સ્વભાવની છે. મગજમાં નથી આવતું કે આટલા બધા વ્યસ્ત રહેવા છતાં, અનેક કામોના બોજા હોવા છતાં, જાતજાતનાં 'ભેજાંઓ' સાથે કામ પાડવાનું હોવા છતાં મગજને તેઓ ઠંડું અને મનને ભાર વિનાનું અગંભીર કઈ રીતે રાખી શકે છે? એમને કોઈએ કદી મોટેથી બોલતા સાંભળ્યા હોય એવું સાંભળ્યું નથી. તેઓ એમનું અહિત કરનારને પણ વેરભાવથી નથી જોતા. એવાઓની સાથે પણ ઠરેલ અને સૌમ્ય રહે છે.

વિનય-વિવેક ઘણામાં હોય છે પણ કુમારપાળમાં જે હદે છે એ એમની આઠમી વિશિષ્ટતા છે. દા.ત. કોઈ ઠેકાણેથી તેઓ નીકળતા હોય અને સાથમાં કોઈ હોય તો...તેઓ અચૂક પૂછે જ કે કઈ રીતે (વાહન) આવ્યા છો અને ક્યાં જવું છે?... આવું તો ઘણામાં હોય છે પરંતુ કુમારપાળ પેલા સાથેનાને પોતાના વાહનમાં મોકલશે અને જાતે બીજું વાહન ભાડે કરીને જશે અથવા પોતાનું વાહન પાછું આવે ત્યાં સુધી રાહ જોતા ઊભા રહેશે.

બીજું, બીજાનું કોઈ કામ પોતાનાથી થાય એવું નહીં હોય તોપણ ના પાડવાનું તો એ શીખ્યા જ નથી....કાં તો એ બીજું કોણ કરી શકે તેમ છે એનો વિકલ્પ આપશે અથવા ના એવી રીતે કહેશે કે સામેનાને એ હા જેવી લાગે.

આ નવમી વિશિષ્ટતા છે એમની જવલ્લે જ બીજે જોવા મળશે.

દસમી વિશિષ્ટતા છે એમની ગંભીરતામાં પણ, ધાર્મિકતામાં પણ, આધ્યાત્મિકતામાં પણ હાસ્યની વૃત્તિ. ભલે તેઓ ફુલટાઇમ હાસ્યલેખક નથી પણ તેઓ વાતચીતમાં કે લેખનમાં હાસ્યના જે ચટકા મૂકે છે એ એમનામાં રહેલી હાસ્યવૃત્તિને છતી કરે છે.

જોકે માણસ કે કોઈ પણ સર્વગુણસંપન્ન હોતું નથી...રામ પણ નહોતા અને કૃષ્ણ પણ નહોતા કે ગાંધીજી પણ નહોતા, પણ આપણે આવા માણસમાં રહેલા ગુણો જોવાના, ગુણની એક વિશિષ્ટતા રાખીએ એમાં કશું ખોટું નથી.

# પ્રાચીન અને અર્વાચીનને જોડતો સમર્થ સેતુ

## ચંદ્રકાન્ત મહેતા

હેઝલિટનીઅંગ્રેજીપંક્તિઓનુંસ્મરણથાયછે: 'Men of genius do not excel in any profession because they labour in it, but they labour in it because they excel.' પ્રતિભાશાળી વ્યક્તિઓ કોઈ પણ કાર્યમાં એટલા માટે શ્રેષ્ઠ નથી ઠરતી કે તેઓ પરિશ્રમ કરે છે, પરંતુ તેઓ શ્રમરત રહે છે કારણ કે તેમાં તેઓ ઉત્કૃષ્ટ હોય છે. ઉત્કૃષ્ટતા એટલે આજીવન સાધનાનો પુરસ્કાર. એનું રળતર જીવનની મૂલ્યવાન ક્ષણો ખર્ચીને પ્રાપ્ત થાય. ઉત્કૃષ્ટતા સસ્તામાં પતે એવો સોદો નથી!

ડૉ. કુમારપાળ દેસાઈ એટલે પ્રબળ પુરુષાર્થવાદી. જીવન પાસે એમણે કશાયની યાચના નથી કરી. સતત સંઘર્ષો, આંધીઓ અને કસોટીઓ વચ્ચે અણનમ રહીને જીવનદેવતાને ઉચિત વરદાન પ્રાપ્ત કરવાની એમણે ફરજ પાડી છે. તપવું અને ખપવું એ એમને સ્વાભિમાની અને અણીશુદ્ધ સ્વાવલંબી પિતા સ્વ. 'જયભિખ્ખુ' તરફથી વારસામાં મળેલા ઉદાત્ત સંસ્કાર છે. 'યોગવાશિષ્ઠ'માં કહ્યું છે તેમ, જેમનું વૃત્તાંત સાંભળીને તથા જેનું સ્મરણ કરીને લોકોને આનંદની અનુભૂતિ થાય એનું જીવન સાર્થક અને શોભાસ્પદ.

ડૉ. કુમારપાળ દેસાઈનું વ્યક્તિત્વ એમના સ્મરણમાત્રથી પુલકિત કરી દે એવું શીતળ, આહલાદક અને પ્રસન્નતા-પ્રદાયક. જીવનની નાની-મોટી ટેકરીઓ ઓળંગતો, ડુંગરોને પડકારતો અને સર્વોચ્ચ શિખરો ભણી દૃષ્ટિ રાખતો કર્મવીર ક્યારેય પરાજયની ચિંતા સેવતો નથી કારણ કે પ્રતિકૂળને સાનુકૂળ બનાવવાની એનામાં કર્મપૂત દૃષ્ટિ હોય છે.

ડૉ. કુમારપાળે પોતાની વિકાસ-ઇમારત પ્રસ્વેદથી ઘડેલી અને સ્વાનુભવના નિભાડામાં પકવેલી ઈંટોની સુચારુ ગોઠવણીથી ચણી છે. તેઓ ક્ષણના સોદાગર છે. ક્ષણને એળે ન જવા દેવી એ એમનું વ્રત છે. એટલે તો નવગુજરાત આર્ટ્સ કૉલેજથી સારસ્વત કર્મ આરંભી ગુજરાત યુનિવર્સિટી ભાષાભવનમાં ગુજરાતી વિભાગના અધ્યાપક , રીડર , પ્રોફેસર અને અધ્યક્ષપદને શોભવી શક્યા. ભાષાભવનનો જ્ઞાનયજ્ઞ એમને ફળ્યો છે અને આર્ટ્સ ફેકલ્ટીના ડીન અને ભવનના અધ્યક્ષ બન્ને જવાબદારીઓ અદા કરવાનો તેમના જીવનમાં સુવર્ણસુરભિ યોગ સધાયો છે.

ડૉ. દેસાઈમાં અજબ-ગજબની આયોજનશક્તિ છે. કાર્યક્રમનું આયોજન ઝીણવટપૂર્વક કરવું અને એને સાંગોપાંગ પાર પાડવું એ એમને સિદ્ધહસ્ત છે. કાર્યક્રમ જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ દ્વારા આયોજિત સ્વ. મંત્રી, ઉપપ્રમુખ તરીકે સઘળા કાર્યક્રમો એમણે સફળતાપૂર્વક સમ્પન્ન કર્યા છે.

કુમારપાળભાઈ મનુષ્યપારખુ પણ ખરા અને શ્રોતાપારખુ પણ ! એમની

દૃષ્ટાન્તસમૃદ્ધ અસ્ખલિત વાણી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દે છે. એમાં હાસ્ય, વ્યંગ્ય અને વક્રોક્તિ સહજ રીતે આવ્યા કરે ! બોધ પણ પ્રબોધ રીતે પચી જાય ! એટલે તો અમેરિકા, યુ.કે, આફ્રિકા, સિંગાપુર એમને પર્યુષણ વ્યાખ્યાન માટે પ્રતિવર્ષ યાદ કરે છે.

પત્રકારત્વના એ ભેખધારી છે. પત્રકારત્વના શિક્ષણ સાથે સાડા ત્રણ દાયકાથી પણ વધુ સમયથી તેઓ સંકળાયેલા છે. 'ઈંટ અને ઇમારત'લક્ષી હોય કે 'ઝાકળ બન્યું મોતી', 'આકાશની ઓળખ' હોય –એમની વિદ્વત્તા અને ચિંતનનાં અત્ર-તત્ર-સર્વત્ર દર્શન થાય. રમત-ગમતની એમની કૉલમે માત્ર રમતસમીક્ષા જ નથી કરી, અનેક રમતવીરો-રમતસમીક્ષકોને પ્રેરણા-પાથેય પૂરું પાડ્યું છે. સંશોધક-પ્રધ્યાપક તરીકે એમના માર્ગદર્શન હેઠળ અનેક શોધાર્થીઓ પીએચ.ડી. થયા છે.

બાળસાહિત્ય, પ્રૌઢસાહિત્ય, પત્રકારત્વ, ચરિત્રસાહિત્ય, નવલિકા, સમીક્ષાનાં સંખ્યાબંધ પુસ્તકો એમની કલમ દ્વારા આપણને પ્રાપ્ત થયાં છે. એમનું સંશોધનકાર્ય 'આનંદઘનઃ એક અધ્યયન'થી અટક્યું નથી, અધ્યાપનની સાથે સંશોધનદીપ પણ સતત અજવાળાં પાથરતો રહ્યો છે. એની શાખ ગુજરાત યુનિવર્સિટી પ્રદત્ત ડો. કે. જી નાયક સંશોધન ચંદ્રક પૂરે છે. મહાવીરનું જીવનદર્શન એમની લેખન અને પ્રકાશર્દષ્ટિનો અપ્રતિમ નમૂનો છે. જૈન ધર્મના ઊંડા અભ્યાસે એમને બ્રિટનના રાજદરબારના મોંઘેરા મહેમાન બનાવી એમને જૈન ધર્મ મર્મજ્ઞ તરીકે પોંખ્યા. એ થકી અમદાવાદ અને ગુજરાતની પ્રતિષ્ઠામાં પણ અભિવૃદ્ધિ થઈ છે!

મદદવાંચ્છુંઓ માટે ડૉ. કુમારપાળભાઈના હાથ ક્યારેય સાંકડા રહ્યા નથી. આપદગ્રસ્ત સાહિત્યકારોને એમણે ઘેર બેઠા આર્થિક સહાય પહોચાડી છે. ગુપ્તદાન તરીકે !

એમણે સમયદાન દ્વારા ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં ગુજરાતી વિશ્વકોશ પ્રકાશનનો ગોવર્ધન પર્વત ઉપાડવામાં પિતાતુલ્ય સાક્ષરવર્ય ડૉ. ધીરુભાઈ ઠાકર સાથે પુરુષાર્થ આદર્યો, એ એમની વિદ્યાવ્યાસંગ અને જ્ઞાનસાધના માટેના સમર્પણનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

સદાય સ્મિત વેરતા ડૉ. કુમારપાળ અન્યાય સામે લાલ આંખ દેખાડતાં જરી પણ ખચકાય નહીં ! એક વાર નવગુજરાત કૉલેજના વાર્ષિકોત્સવના ટાણે તત્કાલીન શિક્ષણમંત્રી ગોરધનદાસ ચોખાવાલા અધ્યાપકો વિશે ઘસાતું બોલ્યા,ત્યારે સમગ્ર સ્ટાફરૂમની સભા બોલાવી તેમણે પોતાનો પ્રબળ વિરોધ વ્યક્ત કરેલો.

જૈન ધર્મ કર્મ અને ઋણાનુબંધને અનુમોદન આપે છે. ડૉ. કુમારપાળ દેસાઈ રૂપે મને અદકેરો અનુજ પ્રાપ્ત થયો છે. પ્રસંગ મારા અભ્યુદયનો હોય કે માતાની

માંદગીનો, સ્વજનોને મદદનો હોય કે કોઈ વિકટ સમસ્યાના સમાધાનનો, કુમારપાળે બંધુપ્રેમ, સખાધર્મ અને પ્રેમસગાઈ પરિતૃપ્તિનો ઓડકાર ખાઈ શકાય એવી સન્નિષ્ઠાથી નિભાવ્યાં છે. સંબંધની શાન પ્રત્યે તેઓ સમર્પિત છે. એટલે જ તેમને શેરીમિત્રો છે, તાળીમિત્રો છે અને એ બધાથી ઉપર 'જેમાં સુખ-દુઃખ વહેંચીએ તે લાખોમાં એક' એવા અત્યંત આત્મીય મિત્રો છે.

એમને પ્રાપ્ત થયેલું 'પદ્મશ્રી'નું ઉચ્ચ સંમાન એમની વિદ્યાસાધના, જ્ઞાનસાધના, ધર્મઅધ્યયન, સમાજસેવા અને મૂલ્યનિષ્ઠ સાહિત્યસર્જનનો રાષ્ટ્રકક્ષાએ થયેલો સહજ સ્વીકાર છે. એ બદલ એમને જેટલાં અભિનંદન આપીએ તેટલાં ઓછાં છે.

દાદા ધર્માધિકારીના શબ્દોમાં કહીએ તો માણસને જેને કારણે સમાજમાં ઇજ્જત પ્રાપ્ત થાય છે, એ પાયાની વાતો એટલે 'મૂલ્ય'. પ્રાચીન પરિભાષા અનુસાર તેવાં મૂલ્યો સામાજિક સત્તા કે 'સામાજિક પ્રતિષ્ઠા' તરીકે ઓળખાતાં. એવાં મૂલ્યોને આમૂલ પરિવર્તિત કરવાં એનું નામ ક્રાંતિ. મૂલ્યોનાં મુખ્ય લક્ષણો છે – પ્રમાણિકતા, સચ્ચાઈ અને ઈમાનદારી. એ દૃષ્ટિએ કહીએ તો ડૉ. કુમારપાળ મૂક ક્રાંતિકારી છે. પ્રાચીન અને અર્વાચીનને જોડતો એક સમર્થ સેતુ ! ગૌરવપૂર્ણ સાદગી અને સાદગીપૂર્ણ ગૌરવ.

ડૉ. કુમારપાળ અતિવ્યસ્ત માનવ, પણ 'વેદિયા' લેશમાત્ર નહિ. રામધારીસિંહ દિનકરે 'પરશુરામ કી પ્રતીક્ષા'માં કહ્યું છે તેમાં ડૉ. કુમારપાળ સાદ પુરાવે છે :

'ઉદ્દેશ્ય જન્મ કા નહીં કીર્તિ યા ધન હૈ,

સુખ નહીં, ધર્મ ભી નહીં, ન તો દર્શન હૈ,

વિજ્ઞાન, જ્ઞાનબળ નહીં, ન તો ચિંતન હૈ,

જીવન કા અંતિમ ધ્યેય સ્વયં જીવન હૈ.'

ડૉ. કુમારપાળે જીવનની ઇજ્જત કરી છે, મનુષ્યજન્મની પણ ઇજ્જત કરી છે અને એક 'અંકિચન' કલમજીવી પિતાના પનોતા પુત્ર તરીકે ગતિ-પ્રગતિનાં ઉત્તુંગ શિખરો સર કરી જીવનને દિપાવ્યું છે. એમના ગુણાનુરાગી સ્વજન તરીકે એમને નિરામય શતાયુના વરદાન માટે મારી અંતઃકરણપૂર્વક પ્રભુપ્રાર્થના.

# બહુમુખી પ્રતિભા

## કે. કા. શાસ્ત્રી

ભાઈ કુમારપાળના પિતાશ્રી સ્વ. બાલાભાઈ દેસાઈના મિત્રોમાંના એક તરીકે હોવાનું ભાગ્ય મને મળ્યું હતું. સંબંધનું બીજ તો ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયમાં વવાયું હતું. અમદાવાદના સાત અક્ષરજ્ઞોની બેઠક આ કાર્યાલયમાં અવારનવાર થતી હતી, જેમાં ઉંમરે નાનો કહી શકાય એવો હું હતો. કાર્યાલય તરફથી મારાં પણ પુસ્તકોનું પ્રકાશન થતું એટલે એના 'શારદા મુદ્રણાલય'માં પણ અવારનવાર જવાનું થતું. શ્રી બાલાભાઈ આ મુદ્રણાલયના સંચાલક હતા એટલે એમની સાથેની મુલાકાત સ્વાભાવિક હતી. મારી ૧૯૩૭ના એપ્રિલ માસથી સંશોધક તરીકેની સેવા ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (આજની ગુજરાત વિદ્યાસભા)માં શરૂ થયેલી. છ વાગ્યે ત્યાંથી નીકળી માણેકચોક શાક માર્કેટમાં શાક લેવા જવાનો અને ગાંધીને ત્યાંની વસ્તુઓ ખરીદવાનો ક્રમ હતો. એ સાથે ગાંધીમાર્ગ ઉપર માણેકચોકના પ્રવેશમાર્ગ સામે જ મુદ્રણાલય હોવાથી મુદ્રણાલયના દ્વાર પાસે મારી સાઇકલ મૂકી શ્રી બાલાભાઈ પાસે પાંચેક કલાક બેસવાનો ક્રમ હતો. બંને સૌરાષ્ટ્રના અને સૂડી-સોપારીના શોખીન એટલે એમના હાથમાંથી સૂડી-સોપારી લઈ, સોપારીનો ભૂકો કરી સામસામે ખાવાનું ચાલુ હોય.

મારા નાના ભાઈ જેવા શ્રી બાલાભાઈ દેસાઈ, વિખ્યાત સાહિત્યકાર 'જયભિખ્ખુ' આજે હયાત નથી. આવા સર્જક સારસ્વતના પુત્ર (પ્રો., ડૉ.) કુમારપાળને ગળથૂથીમાં પિતાનો વારસો મળ્યો છે. એમણે એમનું પહેલું સર્જન : કાલ્પનિક ક્રાંતિવીરની વાર્તા પોતાના ૧૧મા વર્ષે લખી 'ઝગમગ' નામના બાલસાપ્તાહિકમાં છપાવેલું. બેશક, ભાઈ કુમારપાળનો સંપર્ક હજી થયો ન હતો. એનો આરંભ તો ૧૯૬૩માં બી.એ. ઉત્તીર્ણ થઈ એમ.એ.ના વર્ગ ગુજરાત યુનિવર્સિટીના ચાલુ હતા એમાં અભ્યાસ માટે જોડાયા ત્યારે થયો, પણ એક સર્જક તરીકે નહિ, એક વિદ્યાર્થી તરીકે, બે વર્ષ માટે. ૧૯૬૫માં એમ.એ. થયા. ૧૯૬૯માં પિતાજી સ્વર્ગસ્થ થયા. આ પૂર્વે ૧૯૬૪-૬૫ના વર્ષમાં અમારી 'એચ. કે. આર્ટ્સ કૉલેજ'માં એક વર્ષ ફેલોશિપ કરી અમારી કૉલેજને યશની અધિકારી બનાવી અને ૧૯૬૫માં એમ.એ. થતાં જ મારા આત્મીય શિષ્ય આચાર્ય હતા એ 'નવગુજરાત આર્ટ્સ કૉલેજ'માં વ્યાખ્યાતા તરીકે ૧૯૮૩ સુધી પ્રોફેસર તરીકે સેવા આપી. દરમિયાન પ્રો. ડૉ. ધીરુભાઈ ઠાકરના માર્ગદર્શન નીચે 'આનંદઘન : એક અધ્યયન' શોધનિબંધ તૈયાર કરી ૧૯૮૦માં ગુજરાત યુનિવર્સિટીના પીએચ.ડી. થયા. શોધનિબંધ તૈયાર કરતા હતા ત્યારે આનંદઘન વિશે હું કાંઈ માહિતી આપી શકું એવી આશાએ મને મળવા આવ્યા. આનંદઘનની જૈન સાહિત્યસેવા વિશે મને ખ્યાલ નહોતો, પરંતુ પુષ્ટિમાર્ગીય મંદિરોમાં ગવાતાં, અષ્ટછાપના ધુરંધર કવિઓ તેમજ પછીનાં પણ મહત્વનાં રચેલાં પદો ગવાય છે એઓમાં 'આનંદઘન'નાં પદો પણ ગવાય છે એની માહિતી આપી. આ રીતે અમારા બેઉનો સંપર્ક શરૂ થયો.

સ્વ. બાલાભાઈ સાથેના સંબંધનો એમને ખ્યાલ હતો જ એટલે એ નિ:સંકોચ રાતે ૯-૦૦ થી ૧૦-૦૦ સુધીના એક કલાક માટે મારે ત્યાં આવતા થયા. એમની તીવ્ર

સંશોધન-શક્તિનો ત્યારે મને અનુભવ થયો. ચાર મહિનામાં એમનો પહેલો ડ્રાફ્ટ વાંચવાનો મને લાભ મળ્યો. આને કારણે મારા હૃદયમાં મને જ માત્ર નહિ, પરંતુ મારાં પત્નીને પણ વાત્સલ્યભાવ વિકસિત થયો. ૧૯૮૩માં ફેબ્રુઆરીથી ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવનમાં એમની નિયુક્તિ થઈ ત્યારથી સંપર્ક ગાઢ થતો ચાલ્યો, જ્યાં એમની એક મંત્રી તરીકે નિયુક્તિ થઈ. આજે એઓ ત્રણ મંત્રીઓમાંના સક્રિય મંત્રી છે. વધુ લંબાવતો નથી. મારે એક જ પ્રસંગ નોંધવો છે.

ગુજરાત સાહિત્ય પરિષદમાં ૧૯૮૩માં મારી પ્રમુખસ્થાન ઉપર બિનહરીફ પસંદગી થઈ. પાછું ખેંચવાની મુદતને પણ પૂરી થયાના આઠ દિવસ પણ વીતી ગયા. અચાનક એક મધ્યાહ્‌ને પ્રો. ઉમાશંકર જોશી મારે ત્યાં આવ્યા અને પ્રો. યશવંતભાઈ શુક્લના લાભમાં ખસી જવા વિનંતી કરી. વિચારવા મેં ૨૪ કલાક માગી લીધા. બીજે દિવસે મધ્યાહ્‌ન સમયે એઓ આવ્યા. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હોવાને કારણે 'अनाग्रहश्च सर्वत्र અને हठस्त्याज्यश्च सर्वथा' પ્રકારનો સ્વભાવ સ્વ. પિતાજી તરફથી બંને ભાઈઓને વારસામાં મળેલ હોઈ મેં કહ્યું કે "ખુશીથી ખસી જાઉં છું. બોલો અહીં પ્રો. યશવંતભાઈને લઈ આવશો યા તમારે ત્યાં મળીએ ?" એમણે કહ્યું કે "પ્રો. યશવંતભાઈને ત્યાં મળીએ." એ રીતે વળતે દિવસે શ્રી ઠાકોરજીનો પ્રસાદ અને લાંબો પ્રસાદી ઉપરણો લઇ મારા વેવાઈ શ્રી હરિકૃષ્ણ આણંદજીવાલા (સી. એન. વિદ્યાલયના સંચાલક)ને સાથે લઈને ગયો. ત્યાં પ્રો. ઉમાશંકરભાઈ અને આચાર્ય ઝીણાભાઈ દેસાઈ 'સ્નેહરશ્મિ' બેઠા હતા. ત્યાં પ્રો. અનંતરાય રાવળ અને ભાઈ કુમારપાળ આવી પહોંચ્યા. હું ઊભો થયો અને ઊભા થયેલા ભાઈશ્રી પ્રો. યશવંતભાઈના હાથમાં પ્રસાદ આપ્યો અને ઉપરણો એમને ઓઢાડ્યો. આ પ્રસંગે જે વાતાવરણ સર્જાયું તેમાં પ્રો. અનંતરાય રાવળ અને ભાઈ કુમારપાળનાં મુખો પર ચોક્કસ પ્રકારના ભાવનાં ચિહ્નો જોવા મળ્યાં. મારા હૃદયને અનુભવ થયો કે આ બે સ્વજનોને આ બાબતથી હૃદયમાં આઘાત થયો છે. ભાઈ કુમારપાળનું એ સમયનું મુખ મારા ચિત્તમાં હજી સુધી તદ્વત્ ચીતરાયું અનુભવું છું, જે મારા એમના તરફના વાત્સલ્યનું પ્રતીક બની રહ્યું છે.

તેઓ બહુમુખી પ્રતિભાના એક વિદ્વાન અને સાહિત્યિક પત્રકાર તરીકે જે સ્થાન શોભાવી રહ્યા છે એ જ એમને પ્રથમ પંક્તિની સારસ્વતતા અર્પે છે.

# ભદ્રશીલ સંસ્કારસેવક

## ધીરુભાઈ ઠાકર

આજના મૂલ્યહ્રાસના જમાનામાં શિક્ષક હોવું તે સદભાગ્યની વાત ગણાય કે કેમ એ પ્રશ્ન છે, પરંતુ શિક્ષક તરીકે હું સદભાગી છું એમાં શંકા નથી. મને ઉત્તમ કોટિના શિષ્યો મળ્યા છે. કૉલેજના અધ્યાપકના હાથ નીચે ભણનારાઓની જોતજોતામાં બે-ત્રણ-ચાર પેઢી થઈ જાય છે. કેટલીક વાર ગુરુ-શિષ્ય વચ્ચે વયનું અંતર બહુ હોતું નથી એટલે બેઉ સરખા લાગે. કોઈ વાર અધ્યાપક નાનો હોય એમ પણ બને. એક વાર એક મિત્ર સાથે ફર્નિચર ખરીદવા ગયો. તેમના ધોળા વાળ અને મારા કાળા વાળ. તેમની કાયા પડછંદ. તે પરથી ફર્નિચરવાળાએ મને તેમનો દીકરો ધારી લીધો. એ મિત્રને મેં કહ્યું, "હવે તમારે મને વારસામાં તમારી મિલકત આપવી પડશે." તે ખૂબ હસ્યા. તેમણે દુકાનદાર સમક્ષ ચોખવટ કરી, 'હું તેમનો શિષ્ય છું.'

સુરેશ જોશી, સુરેશ દલાલ, 'અનામી', ઉપેન્દ્ર પંડ્યા, પુષ્કર ચંદરવાકર, ઇન્દ્રવદન દવે, હેમકુમાર મિસ્ત્રી, કનુભાઈ જાની, નરોત્તમ વાળંદ, દાઉદભાઈ ઘાંચી, ચિમનલાલ ત્રિવેદી, ચન્દ્રકાન્ત શેઠ, લાભશંકર ઠાકર, રાધેશ્યામ શર્મા, પ્રવીણ દરજી, મણિલાલ હ. પટેલ વગેરે ધુરંધરો મારા વર્ગમાં બેસતા. વર્ગની બહાર કૉલેજની પ્રવૃત્તિ અંગે નિકટ આવેલાઓમાં જસુ પટેલ, ઉદયન ચિનુભાઈ, ભાનુપ્રસાદ પંડ્યા, પ્રબોધ રાવળ, હરિપ્રસાદ વ્યાસ વગેરેને ગણાવી શકાય. ઘડપણમાં મારી સ્મૃતિને હરીભરી રાખનાર નાટ્યક્ષેત્રના કલાકાર મિત્રોની વાત જ નથી કરતો. આ તેજસ્વી યુવકોને મેં કેટલું આપ્યું છે એની મને ખબર નથી, પણ તેમની ઉપસ્થિતિ મને ચેલેન્જરૂપ લાગતી તેથી સતત જાગ્રત રહેતો અને સજ્જતા કેળવવા મથતો. એ દૃષ્ટિએ એ બધા મારા ગુરુ ગણાય.

મારી ચાર દાયકાની કારકિર્દીમાં સંખ્યાબંધ વિદ્યાર્થીઓ પસાર થઈ ગયેલા. તેમાંના મોટાભાગને આપણે ઓળખીએ નહીં, તોપણ ભૂલે નહીં. ૧૯૫૫ના મે માસમાં હું સિમલા પાસે સુબાથુ હિલ્સ પર અખિલ ભારત યુનિવર્સિટી શિક્ષકોના નાટ્યતાલીમ શિબિરમાં ગયેલો. શિબિરમાંથી એક જ દિવસની છુટ્ટી સિમલા શહેરમાં જવા માટે મળેલી. શહેરમાં ફરતાં ફરતાં રાત પડી ગઈ. શિબિરનું સ્થળ ૫૦ કિ.મી. દૂર હતું. સિમલામાં રાત્રિ-મુકામની કોઈ સગવડ નહોતી. હોટેલના એક રાતના ભાડાના આપવા જેટલા પૈસા પાસે નહોતા. હું અને મારો સાથીદાર મૂંઝાતાં મૂંઝાતાં સિમલાની બજારમાં ફરતા હતા ત્યારે અચાનક મારો એક જૂનો વિધાર્થી મળી ગયો ! તેણે મને ઓળખી કાઢ્યો અને અમને બંનેને તેની નાનકડી ખોલીમાં સૂવાની સગવડ કરી આપેલી. એનું નામઠામ ભૂલી ગયો છું પણ તેનો સદભાવ સ્મરણમાં રહી ગયો છે. એવું જ લંડનમાં બનેલું. મોડાસા કૉલેજનો એક ભૂતપૂર્વ વિદ્યાર્થી ઉમળકાથી મળવા આવ્યો અને બ્રાઈટનના પ્રવાસે લઈ ગયેલો. એ રીતે શિષ્ય રૂપે મળેલા અનેક મિત્રોએ જિંદગીભર પ્રેમસંબંધ જાળવી રાખ્યો છે. શિક્ષકનું મોટામાં મોટું 'ઇન્વેસ્ટમેન્ટ' દુનિયાભરમાં ફેલાયેલો તેનો શિષ્યસમુદાય છે. કોઈ ને કોઈ રીતે એ જવાબ દે છે. બીજા વ્યવસાયો કરતાં શિક્ષકના વ્યવસાયની એ વિશેષતા નથી ?

હું ઓછું આપીને મારા શિષ્યો પાસેથી વધુ પામ્યો છું. મારા કરતાં વિશેષ સિદ્ધિપ્રસિદ્ધિ પામેલા શિષ્યોને જોઈને મને એક પ્રકારનો સાત્વિક આનંદ થાય છે ! 'सर्वत्र विजयमिच्छेत् पुत्रात् शिष्यात् पराजयम् ।' એ ઉક્તિને ચરિતાર્થ કરે તેવા વિદ્વત્તા, સર્જકતા અને સુજનતામાં મારાથી ચઢી જાય તેવા શિષ્યો મને મળ્યા તેને હું ઈશ્વરની કૃપા માનું છું.

સંસારયાત્રામાં યોગ્ય સ્ત્રીપુત્રાદિનો યોગ જેમ પ્રારબ્ધાધીન હોય છે તેમ સંશોધન અને જ્ઞાન- ઉપાસનામાં યોગ્ય સાથી-શિષ્ય મળવા એ પણ પ્રારબ્ધાધીન છે. જેની આંખોમાં જિજ્ઞાસાની એવી ચમક હોય કે તેની સમક્ષ શિક્ષકનો જ્ઞાનભંડાર આપોઆપ ખૂલતો જઈને સત્ય પ્રગટ થતું જાય એવા સત્શિષ્યની શોધમાં સારો શિક્ષક હંમેશાં હોય છે. જે વાત પત્ની કે મિત્ર સમક્ષ પ્રગટ ન કરી શકાય તે જ્ઞાનગોષ્ઠિ દરમિયાન શિષ્ય સમક્ષ પ્રગટ થઈ શકે એમ હું માનું છું, કેમ કે સત્યની શોધમાં કશું ગોપનીય હોતું નથી. એ દૃષ્ટિએ ગુરુશિષ્યનો સંબંધ પવિત્ર અને વિશ્રંભપૂર્ણ હોય છે.

મારા આવા થોડાક આત્મીય સ્વજનરૂપ શિષ્યોમાં કુમારપાળનું સ્થાન છે. તેમને હું તેમના પિતા જયભિખ્ખુ સાથેની મૈત્રીને કારણે છેક બાળપણથી ઓળખું છું. કુમાર(લાડનામ કનૈયો)થી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ સુધીનો તેમનો વિકાસ મારી નજર સામે થયો છે. નાનપણથી ધીર, ગંભીર, શાન્ત અને નમ્ર સ્વભાવ. માતાપિતાની શિષ્ટ સંસ્કારપ્રિય છત્રછાયામાં તેમનું ચારિત્ર્યઘડતર થયું છે. પિતાની મૂલ્યનિષ્ઠા અને સાહિત્યપ્રીતિ અને માતાનો શીળો સ્વભાવ તથા તેમની ઉદાર વત્સલ આતિથ્યભાવના કુમારપાળને વારસામાં મળ્યાં છે.

જયભિખ્ખુ એક વિશાળ કુટુંબના વડીલ હતા. કુટુંબમેળો કરીને કુટુંબના નાનામોટા પ્રશ્નોના વ્યાવહારિક ઉકેલ લાવવાની તેમને અદભુત સૂઝ હતી. સંયુક્ત કુટુંબના સૌ સભ્યોને પરસ્પર પ્રેમ અને સુમેળભર્યા સદભાવથી સાથે રહેવાની શીખ આપતા. તેમને ત્યાં મિત્રો અને સ્નેહીઓનો મેળો જામતો. શારદા મુદ્રણાલયમાં ધૂમકેતુ, ગુણવંતરાય, મનુભાઈ જોધાણી, કાગ બાપુ વગેરે સાહિત્યકારો ઉપરાંત કનુ દેસાઈ અને ચન્દ્ર જેવા ચિત્રકારો, પ્રકાશકો, મુદ્રકો, બ્લૉકમેકર્સ, બાઇન્ડર્સ વગેરેનો ડાયરો જામતો. તેમાં ચાનાસ્તા સાથે અલકમલકની વાતોનો રંગ રેલાતો. જયભિખ્ખુ સૌને પ્રેમની સાંકળે બાંધીને જરૂર પડ્યે મદદરૂપ થતા. ઊગતા લેખક કે કળાકારને પ્રોત્સાહન આપતા.

જૈન ગુરુકુલમાં તાલીમ પામેલા લેખક જયભિખ્ખુએ જૈન ધર્મ અને તીર્થંકરો વિશે ઘણું લખ્યું છે, પરંતુ અન્ય ધર્મો વિશે પણ તેમને એટલો જ આદરભાવ હતો. જૈન મુનિવરોની માફક અન્ય સંતો સાથે પણ તેમને પ્રેમસંબંધ હતો. તેઓ સંપ્રદાયની વાડ કૂદી ગયેલા સંસ્કારપુરુષ હતા. તેમનાં લખાણોમાંથી નીતિ, સદાચાર અને માનવતાનો બોધ ઊપસતો. જ્યાં જ્યાં વિભૂતિમત્, શ્રીમદ્ અને ઊર્જિત જોવા મળે ત્યાં ત્યાં તેને બિરદાવવાનો મોકો તે જવા દેતા નહીં. નાના માણસનું હીર પ્રગટ કરે તેવા પ્રસંગો તેઓ પોતાની કૉલમમાં ચમકાવતા. ગરીબ કે નિઃસહાયને તેનું સ્વમાન સાચવીને મદદ કરવાનું તેમનું વલણ હંમેશાં રહેતું.

કુમારપાળનો ઉછેર આ સાંસ્કારિક માહોલમાં થયો હતો. તેમના વ્યક્તિત્વના ઘડતરમાં પિતાના ઉપર્યુક્ત સદગુણોના સંસ્કાર પડેલા છે. આ સંસ્કારમાં સ્વ-પુરુષાર્થ ભળતાં આજે આપણે જોઈએ છીએ તેવી સફળતા તેમને વરી છે. અભ્યાસકાળ દરમિયાન ખંતથી પોતાના વિષયનું અધ્યયન કરવા ઉપરાંત અધ્યાપકની મુલાકાત લઈને તેને વિશે વધુ ને વધુ માહિતી એકત્ર કરવાની તેમને ટેવ હતી. એટલે પરીક્ષામાં ઉત્તમ પરિણામ મળતું. ભાષા-સાહિત્યના અભ્યાસ સાથે જૈન ધર્મ, સાહિત્ય અને રમતગમત જેવાં ઇતર ક્ષેત્રો વિશે શાસ્ત્રીય અને અધિકૃત જાણકારી મેળવવાનો શોખ તેમણે કેળવેલો છે. આ વિશિષ્ટ ઉપલબ્ધિનો ઉપયોગ 'ગુજરાત સમાચાર'ની પોતાની કલમોમાં તે કરતા રહ્યા છે. પિતાના અવસાન પછી તેમની 'ઈંટ અને ઇમારત' કૉલમ મહેનત કરીને પિતાના જેટલા જ સામર્થ્યથી તે ચલાવે છે. સાહિત્યક્ષેત્રે બાળસાહિત્ય, કિશોરસાહિત્ય, વાર્તા અને ચરિત્ર ઉપરાંત સાહિત્ય-વિવેચન, સંશોધન-સંપાદન એમ વિવિધ પ્રકારની ઉત્તમ રચનાઓ તેમણે આપી છે. મધ્યકાળના આનંદઘન વિશે સંપૂર્ણ કહી શકાય એવો સંશોધન-પ્રબંધ અને હેમચંદ્રાચાર્ય વિશે સર્વાંગીણ સમાલોચના તેમનાં આ ક્ષેત્રનાં સ્મરણીય પ્રદાન છે.

અધ્યાત્મ તેમનો બીજો પ્રિય વિષય છે. શ્રીમદ્‌રાજચંદ્રના જીવન અને ચિંતન વિશે તેમણે ઊંડો અભ્યાસ કરેલો છે. જૈન તત્વજ્ઞાનની પારંપરિક મીમાંસાથી આગળ વધીને તેઓ તેનું આધુનિક યુગને અનુરૂપ અર્થઘટન કરીને જૈન ધર્મના હાર્દને અને ભગવાન મહાવીરના સંદેશને ઉચ્ચ જીવનશૈલીના ઘટક તરીકે રજૂ કરે છે. અહિંસા, ક્ષમાપના અને નિરામિષાહારનું વ્યાપક ભૂમિકા પર મહત્વ તેમણે વિદેશી જિજ્ઞાસુઓને સમજાવ્યું. તેને કારણે તેમને જૈન અને ભારતીય સંસ્કૃતિની અસ્મિતાના ધારક તરીકે આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા મળી છે. વિશ્વ ધર્મપરિષદમાં ગયેલ ભારતના પ્રતિનિધિમંડળમાં તેમનો સમાવેશ થયેલો. દર વર્ષે - ક્વચિત્ વર્ષમાં બે વાર – પરદેશમાં વસતા ભારતીયો માટે જૈન ધર્મ અને સાહિત્ય વિશે કુમારપાળનાં વ્યાખ્યાનો યોજાય છે. અધ્યાપક તરીકે પણ તેઓ એટલા જ સફળ છે. તૈયારી કર્યા વગર વર્ગમાં ન જવું, વિદ્યાર્થીને કશુંક નવું વિચારવાની પ્રેરણા આપવી અને બને તેટલા મદદરૂપ થવું એ તેમનો મુદ્રાલેખ. ઊગતા જુવાનને જીવનસંગ્રામમાં ઝૂઝવાનું બળ આપે તેવા આદર્શનું સિંચન પણ તેઓ તેમનામાં કરે છે એટલે તે યુવા પેઢીના પ્રિય પ્રોફેસર છે.

કુમારપાળના વ્યક્તિત્વનું બીજું ઉજ્જ્વળ પાસું તે વહીવટી કુશળતા અને સંગઠનશક્તિ. તેમની પ્રત્યેક પ્રવૃત્તિની પાછળ સુચિંતિત આયોજન હોય છે. જે જે સંસ્થાનું સંચાલન તેમના હાથમાં હોય તેના પર સુઘડ 'કુમારપાળ ટચ' જોવા મળે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સ્થાપનાકાળથી કુમારપાળ મારી સાથે જોડાયેલા છે. છેલ્લાં ૧૮ વર્ષથી વિશ્વકોશના પ્રકાશનનું કામ સુંદર અને સંગીન રીતે સમયસર થાય છે તેનું શ્રેય કુમારપાળને છે. વહીવટી તાપ દેખાય નહીં એવી સલુકાઈથી સંસ્થાનું સંચાલન કરવાની કુશળતા તેમનામાં છે. કોઈ પ્રશ્ન ઊભો થાય તો શાંતિથી યોગ્ય ઉકેલ લાવે. મારામાં નામ પ્રમાણે ગુણ નથી. ઉતાવળિયો છું. કોઈક વાર ગુસ્સામાં નિર્ણય લેવા જઉં તો કુમારપાળ બ્રેક મારે. આજ સુધીના અમારા સહકાર્યકર તરીકેના સંબંધમાં

કડવાશ ઊભી કરે એવો એક પણ બનાવ બન્યો નથી તેનું શ્રેય પણ કુમારપાળની શાણી તથા સદભાવપૂર્ણ કાર્યનીતિને છે. જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાત સાહિત્ય સભા અને ગુજરાત યુનિવર્સિટીનું ભાષાસાહિત્યભવન જેવી સાહિત્યિક સંસ્થાઓ ઉપરાંત 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલૉજી' જેવી આંતરરાષ્ટ્રીય સ્તરની સંસ્થાને કુમારપાળની આ પ્રકારની સેવાઓનો લાભ મળેલો છે. કશી ધાંધલધમાલ વગર શાંતિથી રમતાં રમતાં વહીવટ ચાલે એવી કુશળતા તેમણે દેખાડી છે.

કુમારપાળ હંમેશાં ઉત્તમના અભિલાષી રહ્યા છે. કશું જેવુંતેવું કે હલકું ગમે નહીં. Excellence તેમનું નિશાન અને તે સાચવવાનો તેમનો સદાયે પ્રયત્ન હોય. આ ગુણને લીધે અનેકાવધાની સાધકની માફક સાહિત્ય, શિક્ષણ, પત્રકારત્વ, ધર્મ-સંસ્કૃતિ એમ એકસાથે અનેક ક્ષેત્રોમાં તેમની પ્રવૃત્તિઓ ચાલે છે. આનંદની વાત એ છે કે તેમની આ પ્રવૃત્તિઓ એક યા બીજી રીતે બિરદાવાતી રહી છે. ચરિત્ર અને બાળસાહિત્યનાં તેમનાં પુસ્તકોને ગુજરાત સરકાર, ગુજરાત સાહિત્ય અકાદમી અને દિલ્હીની અકાદમીનાં પારિતોષિકો પ્રાપ્ત થયેલાં છે. ગુજરાત યુનિવર્સિટી તરફથી સંશોધન માટેનો ડૉ. કે. જી. નાયક સુવર્ણચંદ્રક તેમને બે વાર મળેલ છે.

ઉપરાંત 'ઈંટ અને ઇમારત', 'રમતનું મેદાન' વગેરે કૉલમોને ઍવૉર્ડ મળેલા છે. ગુજરાતના સામાજિક અને સાંસ્કારિક ક્ષેત્રના શ્રેષ્ઠ કાર્યકર તરીકે અને આદર્શ યુવાન તરીકે તેમને ગુજરાત અને ભારતની તેમજ પરદેશની અનેક સંસ્થાઓએ સમ્માનિત કર્યા છે. આ સિવાય પણ દેશી-વિદેશી જૈન સંસ્થાઓ તરફથી પણ તેમને 'જૈન-રત્ન' જેવા દુર્લભ ઍવૉર્ડ એનાયત થયા છે.

ગુજરાતમાં સૌથી વધુ ઍવૉર્ડો કે પારિતોષિકો પ્રાપ્ત કરનાર વ્યક્તિઓનું સર્વેક્ષણ કરવામાં આવે તો અનેક ક્ષેત્રમાં વ્યાપેલી તેમની પ્રવૃત્તિને કારણે કુમારપાળનો નંબર કદાચ પહેલો આવે અને તે માટે તેમને વધુ એક ઍવૉર્ડ એનાયત થાય એવું બને !

જયભિખ્ખુ પ્રભાવક શૈલીના લેખક હતા. પણ તેમનામાં સબળ વક્તૃત્વશક્તિ નહોતી. પોતાની આ ઊણપ પુત્ર પૂરી કરે એવી તેમની ઇચ્છા હતી. કુમારપાળે ઉત્તમ અને પ્રભાવક વક્તૃત્વશક્તિ કેળવીને પિતાની એ ઇચ્છા પૂરી કરી છે.

કોઈ પૂછે, 'કુમારપાળની આ સિદ્ધિઓ અને સફળતાનું કારણ શું ?' કર્તવ્યનિષ્ઠા, પારદર્શક વ્યવહાર અને સમભાવશીલ વર્તન, નાનામાં નાના માણસ પાસેથી શીખવામાં શરમ નહીં, ધ્યેયપ્રાપ્તિ થાય નહીં ત્યાં સુધી મથ્યા રહેવું – તે બાબતોને ગણાવી શકાય. પ્રેમ અને પરિશ્રમ તેમના ચારિત્ર્યનાં ધ્રુવબિંદુઓ છે. ધીરગંભીર નમ્ર સ્વભાવના કુમારપાળ હંમેશાં 'લો પ્રોફાઇલ'માં કામ કરે છે. બીજી મહત્વની વાત એ કે તે સમયના તીવ્ર ભાન સાથે કામ કરે છે.'

કોઈને પણ જરૂર કરતાં એક પણ ક્ષણ વધુ ન આપે. કસ્તૂરભાઈની માફક કુમારપાળ પણ સમયની કરકસર કરે છે. એક પળ પણ નકામી વેડફાય નહીં તે રીતે તેમનો દરરોજનો કાર્યક્રમ ગોઠવે છે. લેખન, વાચન, અધ્યયન, સભાઓ વગેરેનો કાર્યક્રમ ભરચક હોય. બહારગામ પણ વારંવાર જવાનું થાય. પણ બધું નિશ્ચિત સમયપત્રક મુજબ વ્યવસ્થિત ચાલે. એમ થતાં શિસ્ત અને સંયમનું પાલન આપોઆપ થઈ જાય.

એમ કહેવાય છે કે વણિકજન ધન સાચવી અને પચાવી જાણે. આ વરિષ્ઠ વણિકજને સિદ્ધિઓ પણ પચાવી છે. સિદ્ધિઓને કારણે તેમના મગજમાં પવન ભરાયો નથી તેનું સૌને સાનંદાશ્ચર્ય છે. આ ભદ્રશીલ સંસ્કારસેવક ગુજરાતનું કીમતી રત્ન છે. સાહિત્ય અને સંસ્કારને ક્ષેત્રે તેઓ હજુ વિશેષ ઉન્નતિ સાધે એવી શુભકામના સાથે તેમને એનાયત થયેલ પદ્મશ્રીના ઇલકાબ બદલ હાર્દિક અભિનંદન આપતાં આનંદ થાય છે.

# ગુજરાતની અસ્મિતા
## -મધુસૂદન પારેખ

'કેમ સાહેબ, મઝામાં ? હું કુમારપાળ બોલું છું.'
'અરે, તું ? હવે તો ક્યાંય જોવા નથી મળતો !
તું હવે આંતરરાષ્ટ્રીય વ્યક્તિ – વક્તા – થઈ ગયો,
પછી ક્યાંથી દેખાય ?' – હું એકદમ વરસવા માંડું.
ત્યાં એનો નમ્ર, મધુર સાદ ફરી સંભળાય :
'સાહેબ ! એવું તે હોય ? કાંઈ પણ કામ પડે ત્યારે
કહેજો... દોડી આવું છું કે નહિ ?'

આ પ્રકારનો સંવાદ ટેલિફોન પર
અવારનવાર અમારી વચ્ચે ચાલ્યા કરે.

અને ખરેખર, એના ઉદગાર ઔપચારિક,
ઠાલા ન હોય. જ્યારે પણ મને કશીક કામ
પતાવવાની તકલીફ હોય, એની મદદની,
ખોળખાણોની જરૂર પડી હોય ત્યારે એ અવશ્ય
અમારી મદદે અમારું કામ પતાવવા આવી જ રહ્યો
છે એ નિષ્ઠા એનો એક મોટો ગુણ છે.

પણ આ નિષ્ઠાનું કારણ ? ખાસ કશું નહિ. એચ. કે. કૉલેજમાં પ્રાધ્યાપક તરીકેના મારા વ્યવસાય દરમિયાન એ ગુજરાતી વિષય લઈને અભ્યાસ કરતો હતો. અમારી કૉલેજમાં એ સંપર્કનાં, નિષ્ઠાનાં બીજ વવાયાં. એક સૌમ્ય, કંઈક શરમાળ, અત્યંત વિવેકી અને સ્વાધ્યાયરત વિદ્યાર્થી તરીકે માત્ર મારા પર જ નહિ, બીજા પ્રતિષ્ઠિત અધ્યાપકો – નગીનદાસ પારેખ તેમજ આચાર્ય યશવંત શુક્લ ઉપર પણ તેણે સારી છાપ પાડી. આ અભ્યાસકાળ દરમિયાન અમારે ઘેર ક્યારેક માર્ગદર્શન માટે આવતો-જતો હશે, પણ એ પ્રસંગો તે કદી ભૂલ્યો નથી. અવારનવાર એ ઋણ તે યાદ કરતો હોય છે. કોઈ નાના સત્કાર્યને પણ તે મહિમાવંતું ગણાવે એવો સાલસ તેનો સ્વભાવ છે.

કુમારપાળ અમારી કૉલેજમાં અભ્યાસનિષ્ઠ હતો તે દરમિયાન એના પિતા બાલાભાઈ દેસાઈ 'જયભિખ્ખુ' ગાંધી રોડ પર ફુવારા પાસે આવેલા શારદાપ્રેસમાં બેસતા. મારે કંઈક કામસરએ સમયમાં બે-ત્રણ વાર શારદા પ્રેસમાં જવાનું બનેલું. ત્યાં કુમારપાળના પિતાનો સંપર્ક થયો. એમના સૌજન્યની અને મિલનસાર સ્વભાવની મારા પર તરત અસર પડી. એમણે કુમારપાળની જાણે મને સોંપણી જ કરી દીધી. એમનું પુસ્તક પણ ભેટ આપ્યું. એનું નામ તો અત્યારે યાદ નથી,પણ કવિ સુંદરમે પણ એમની વાર્તાકલાની પ્રશંસા કરી હોવાનું યાદ છે. મેં પણ 'બુદ્ધિપ્રકાશ'માં એ વિશે લખ્યું હતું એનુંય ઝાંખું સ્મરણ છે.

કૉલેજમાં સહુ અધ્યાપકોની ચાહના મેળવી એ ટી.વાય.બી.એ.ની પરીક્ષામાં ઝળહળતા પરિણામ સાથે ગુજરાત યુનિવર્સિટીમાં એમ.એ.માં દાખલ થયો અને ત્યાંય એનું હીર ઝળકી ઊઠ્યું. ગુજરાતીના એક ઉત્તમ અધ્યાપક અને તેના પિતાના પરમ મિત્ર ડૉ. ધીરુભાઈ ઠાકરે તેના સાહિત્યરસને પોષ્યો, તેની અધ્યયનનિષ્ઠાને તેજસ્વી બનાવી. એમનું ઋણ એ કદાપિ ભૂલ્યો નથી. ભૂલી જશે પણ નહિ. એના સ્વભાવની કહો કે એના વ્યક્તિત્વની કહો, આ જ વિશેષતા છે.

કુમારપાળના પિતા ધર્મનિષ્ઠ અને ધર્મતત્વના સંનિષ્ઠ વિચારક હતા. 'ગુજરાત સમાચાર'માં એમની કટાર 'ઈંટ અને ઇમારત'માં એમણે જે મનન કરીને પ્રાપ્ત કરેલું, અનુભવેલું ધર્મતત્વ પ્રકાશિત થતું હતું. હજારો વાચકો એમની કટારના રસિયા વાચક હતા. એવા ધર્મપરસ્ત અને સામાજિક કાર્યકર પિતાનો વારસો કુમારપાળને મળ્યો હતો અને એ વારસો તેણે ઉજ્જ્વળ કરી બતાવ્યો છે.

કુમારપાળના પિતાના અવસાન પછી 'ગુજરાત સમાચાર'ના તંત્રી શ્રી શાંતિલાલ શાહના આગ્રહથી પિતાની કૉલમ "ઈંટ અને ઇમારત' તેણે શરૂ કરી, પણ એણે તો કલમને વિવિધ માર્ગે વિહરતી કરી મૂકી. કુમારપાળની કટારમાં અધ્યાત્મ તો ખરું જ. ધર્મલક્ષી પ્રેરક પ્રસંગોય ખરા, પણ આશ્ચર્ય એ વાતનું કે એણે ક્રિકેટની રમત વિશે એ જ અખબારમાં રસિક આલોચના કરવા માંડી. કુમારપાળ કેટલીય ક્રિકેટ મૅચો જાણે રમી ચૂક્યો હશે, કેટલીય ટીમોના સંપર્કમાં આવ્યો હશે એવી હેસિયતથી એણે ક્રિકેટના ક્ષેત્રમાં કલમને ફળવતી બનાવી. પણ એટલેથી ય એની કલમવિરમી નહિ. એની કૉલમમાં શેર-શાયરીએ પણ વાચકોને મુગ્ધ કરી દીધા. પિતાની જેમ ધર્મ વિશેના વિચારોનો પ્રવાહ પણ એની કલમમાંથી આજ સુધી વહેતો રહ્યો છે. એની કલમ બહુરૂપિણી હતી અનેક રૂપે વિહરતી. એણે સાહિત્યના ક્ષેત્રમાંય ગતિ કરવા માંડી.

બાલસાહિત્યના કિશોરોને પ્રેરક નીવડે તેવા સંખ્યાબંધ વાર્તાસંગ્રહો અને ઉત્તમ મહાનુભાવોનાં કિશોરભોગ્ય ચરિત્રો આપ્યાં. મોટેરાંને પણ રસ પડે એવી કલમની કામિયાબી એમાં હતી. સાહિત્યના ક્ષેત્રમાં તેની (પ્રગતિ થવા માંડી એટલે અમારો જૂનો સ્નેહસંબંધ ફરી તાજોથવા માંડ્યો. સાહિત્યના પ્રસંગો નિમિત્તે અમારે મળવાનું થતું. એવા પ્રસંગોમાં પણ એ મારી સમક્ષ તો વિદ્યાર્થી રૂપે જ અદબપૂર્વક "સાહેબ' કહીને જ સંબોધવાનું ચૂકતો નહિ. એનામાં મિત્રો કરવાની, ગણ્યા ગણાય નહિ તેટલા લોકો સાથે સ્નેહથી બંધાવાની નિરાળી શક્તિ હતી. માત્રમોટા માણસો સાથે જ નહિ, સામાન્ય માણસો સાથે પણ એનો વર્તાવ વિવેકભર્યો જ રહેતો અને કોઈનાય કામ કરી આપવામાં, કોઈ પણ પ્રકારની સહાય કરવામાં તેનો ઉત્સાહ રહેતો.

એ ડૉક્ટરેટની પદવી 'આનંદઘન'ની કવિતા વિશે મહાનિબંધ લખીને મેળવી ચૂક્યો હતો.એ પછી તો એણે હરણફાળ જ ભરવા માંડી. ગુજરાતી સાહિત્ય પરિષદનો મંત્રી થયો, ગુજરાત સાહિત્ય અકાદમીમાં ઉપપ્રમુખ થયો. ગુજરાત સાહિત્ય સભામાંય મારી વિનંતી સ્વીકારીને મારા કાર્યમાં મદદરૂપ થવા મંત્રીપદ પણ સ્વીકાર્યું.

વર્તમાનપત્રમાં અનિયમિત કટારો લખવી, સાહિત્યક્ષેત્રમાં સતત કલમને પ્રવૃત્ત રાખવી,પુસ્તકોનાં પ્રકાશન કરવાં, એ બધું તો ખરું જ, પણ પિતાનો જે વારસો હૃદયમાં ઊતર્યો હતો તે તેનેધર્મના વિચારક્ષેત્રે આકર્ષાતો જ રહ્યો અને જૈન સાહિત્યમાં તેણે જે વાચન, મનન-પરિશીલન કર્યું તે તેને માટે યશોદાયી બની રહ્યું. ગુજરાતમાં અને ગુજરાતની બહાર પર્યુષણ વ્યાખ્યાનમાળામાં કુમારપાળનું ધાર્મિક દૈવત ઝળકી ઊઠ્યું અને એની એ પ્રતિષ્ઠા માત્ર દેશમાં સીમિત રહી નહિ. જૈન ધર્મના એક અનોખા રસિક વિદ્વાન અને ચિંતક તરીકે તેની માંગ પરદેશમાંય થવા માંડી. અમેરિકા, ઇંગ્લૅન્ડ, આફ્રિકા અને દુનિયાના બીજા અનેક દેશોમાં તેને વ્યાખ્યાનો માટે આગ્રહભર્યાં ઇજનો મળવા માંડ્યાં અને જોતજોતામાં તો એની એક રસિક ધર્મચિંતનના વ્યાખ્યાતા તરીકે કીર્તિ દૂર દૂર સુધી પ્રસરી રહી.

કુમારપાળ એક સમર્થ વક્તા છે. પોતે વ્યાખ્યાનનો જે વિષય નિરૂપે છે તેમાં તેમની રસિકતા, તાર્કિકતા અને ધર્મગ્રંથોમાંથી સમુચિત અવતરણો-પ્રસંગો ટાંકવાની કુશળતા ખાસ ધ્યાન ખેંચી રહે છે. અહીં મારો એક પ્રસંગ યાદ આવે છે. મને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો, ત્યારે વક્તાઓમાં એને માત્ર મંત્રી તરીકે ઔપચારિક શબ્દો કહેવાના હતા, પણ એણે તો સ્પષ્ટ કહી દીધું કે હું સાહેબ વિશે વક્તવ્ય આપીશ જ. બીજા વક્તાઓને હટાવીનેય હું વક્તા તરીકે રહીશ. એની મારા પ્રત્યેની અપાર સદભાવના, કદાચ ગુરુભક્તિ એમાં નિમિત્ત હતી અને મારે કહેવું જોઈએ કે મારા વિશે, મારા પિતા વિશે અને મારી સાહિત્ય-પ્રવૃત્તિ વિશે એણે વીસેક મિનિટ જે વક્તવ્ય આપ્યું તે સર્વ વક્તાઓમાં ઉત્તમ નીવડ્યું. કુમારપાળની વક્તા તરીકે એક આગવી છટા છે. એ વક્તવ્યમાં વિગતો કેમ રજૂ કરવી, તેને કેમ બહેલાવવી, વચમાં રસિકતા કેમ આણવી તે બધી કળા બરાબર સમજે છે અને એનાં વ્યાખ્યાન હંમેશાં વ્યવસ્થિત હોય છે.

કુમારપાળની મારા પ્રત્યેની આ સ્નેહભાવનાનો મને બીજા પ્રસંગોએ પણ સુખદ અનુભવ થયો છે અને હજી થતો જ રહ્યો છે.

એક પ્રસંગે વ્યાખ્યાન નિમિત્તે મારે મુંબઈ જવાનું હતું. મારી સાથે જ ટ્રેનમાં કુમારપાળ હતા.કદાચ બીજા મિત્ર રમેશ ભટ્ટ પણ હતા. હું અને કુમારપાળ ઉપરની બર્થમાં હતા. જરાક ઠંડી હતી. મારી પાસે ઓઢવાનું પૂરતું નહોતું. કુમારપાળે તરત પોતાનો ચોરસો મને આપવા માંડ્યો. મેં ના પાડી દીધી એટલે એણે જીદપૂર્વક કહ્યું કે તમે જો આ ચોરસો નહિ ઓઢો તો મને ઊંઘ નહિ આવે. આવા પ્રેમાળ મિત્ર-વિદ્યાર્થી ક્યાં મળે ? કેટલા મળે ?

આવો જ એક બીજો પ્રસંગ મારા પ્રત્યે પ્રેમાદરનો સ્મરણમાં આવે છે. ગુજરાત સાહિત્યસભાની કારોબારીની બેઠકમાં રણજિતરામ સુવર્ણચંદ્રક માટે પસંદગી કરનારા નિર્ણાયકોએ મારુંનામ એ ચંદ્રક માટે જાહેર કર્યું. ભોળાભાઈ પટેલે ખુશાલી વ્યક્ત કરતાં કહ્યું : ‘મધુભાઈ, હવે બધાને ચા પિવડાવો.’ એકદમ કુમારપાળ અને વિનોદ ભટ્ટ ઊભા થઈ ગયા. બંને સન્મિત્રો કહે : ‘ચા નહિ, અમે સાહેબ વતી બધાને આઇસક્રીમ ખવડાવીશું.’ કુમારપાળ અને વિનોદ ભટ્ટ વચ્ચે મીઠી સ્પર્ધા થઈ. એ

પ્રસંગ પણ મને મિત્રોની બાબતમાં - યુવામિત્રોની બાબતમાં મારુ કેવું સદભાગ્ય છે તેની સુખદ પ્રતીતિ કરાવે છે.

કુમારપાળની સજ્જનતાનો, પરોપકારવૃત્તિનો કેટકેટલા માણસોને અનુભવ થયો હશે ! મને તો એમનો કદી ન ભૂલી શકાય એવો સ્નેહ સાંપડ્યો છે.

રણજિતરામ સુવર્ણચંદ્રક મને એનાયત થયો તે પ્રસંગે કુમારપાળે મારી અને મારા પિતાની સાહિત્યપ્રવૃત્તિઓની તો અત્યંત પ્રશંસા કરી જ, પણ એટલાથીય સંતોષ નહિ માનીને જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ તરફથી કુમારપાળે શાલ ઓઢાડીને મારું સન્માન કરી એમનો વર્ષો જૂનો સ્નેહાદર હજી કેવો તાજો જ છે તેનો સુખદ અનુભવ કરાવ્યો. હું કૉલેજમાંથી નિવૃત્ત થયો ત્યારે કુમારપાળ, ચંદ્રકાન્ત મહેતા આદિ મારા નિષ્ઠાવાન મિત્રોએ મારું બહુમાન કરવાનુંય આયોજન વિચાર્યું હતું, પણ મારી એ બાબત લાપરવાઈ અને કંઈક અણગમો હોવાને કારણે એ વાત પડતી મુકાઈ હતી. કુમારપાળની બહુવિધ સાંસ્કૃતિક, સાહિત્યિક, સામાજિક પ્રવૃત્તિમાં એમનો હવે વિશેષ રસ-ધર્મ-ચિંતન અંગે વરતાય છે. એમના પિતાની ધર્મભાવના એમનામાં એવી આત્મસાત્ થઈ છે કે એમાંથી એ હવે છૂટી શકે તેમ નથી. એ નિમિત્તે વિવિધ ધર્મોનું - સવિશેષ તો જૈન ધર્મનાં તત્વોનું,તેના ઇતિહાસનું વધુ ને વધુ પરિશીલન કરવામાં તે વ્યસ્ત રહેતા લાગે છે અને એ નિમિત્તે તે પ્રવાસી પંખી બની રહ્યા છે. એમને માટે યોગ્ય શબ્દ શ્લેષ યોજીને કહું તો એ 'સદાબહાર' છે.

વિવિધ પ્રવૃત્તિઓમાં એમનો ઘણો સમય વ્યતીત થતો હોવાથી સાહિત્ય પ્રવૃત્તિમાં તેઆરંભે થોડા ઉદાસીન રહ્યા હોય તેવું લાગે. પણ એમનો સાહિત્યકારનો આત્મા મૌન કેટલો સમય રહે ? એમણે સર્જન-વિવેચન અને પત્રકારત્વના ક્ષેત્રે પોતાના અભ્યાસ અને અનુભવના નિચોડ રૂપે ઠીક ઠીક સંખ્યામાં પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. પત્રકાર ક્ષેત્રમાં અભ્યાસ કરી રહેલા આવતીકાલના પત્રકારોને ઉપકારક નીવડે તેવાં તેમનાં પુસ્તકો પત્રકારત્વના ક્ષેત્રે તેમના મહત્વના અર્પણરૂપ છે.

એવું જ સાહિત્યના ક્ષેત્રે પણ બની આવ્યું છે. એમનાં પ્રકાશિત ચરિત્રો તો સુવાચ્ય છે જ, પણ 'શબ્દસમીપ' જેવા વિવેચનસંગ્રહમાં પણ સાહિત્યમાં તેમનો રસ કેવો જીવંત છે અને કેવી તટસ્થતાથી સહૃદયતાપૂર્વક એ કૃતિઓની સમીક્ષા કરે છે તેનો અનુભવ થાય છે, પણ સાહિત્યનાં વધુ સર્જન-વિવેચન તેમની પાસેથી મળવાં જોઈએ એવી માગણી આપણે અવશ્ય કરી શકીએ. સાહિત્યની પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે ગાઢપણે સંકળાયેલા આપણા કુમારપાળ પાસેથી એવી અપેક્ષા આપણે રાખીએ તો તે ઉચિત જ ગણાય. '

કુમારપાળ માત્ર ધર્મ, સાહિત્ય કે સમાજ માટે કલમ ચલાવનારા કલમવીર નથી. એક વહીવટકાર તરીકે પણ તેમની કુશળતા એવી જ ધ્યાનપાત્ર છે. વહીવટ ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી તરીકે કરવાનો હોય કે ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપપ્રમુખ તરીકે કરવાનો હોય કે ગુજરાત સાહિત્યસભાનાં કાર્યો પાર

પાડવાનાં હોય, એમની નીતિ-રીતિ એમના વ્યક્તિત્વની દ્યોતક છે. એમના વહીવટમાં પારદર્શિતા અવશ્ય જોવા મળે. નાનામાં નાની બાબત જેમ કે વ્યાખ્યાન માટેનાં કાર્ડ છપાવવાનાં હોય અથવા કાર્યનો એજન્ડા નક્કી કરવાનો હોય કે સાહિત્યનો મોટો સમારંભ યોજવાનો હોય, એ આદિથી અંત સુધી બધું જ વિચારીને આયોજન ગોઠવે છે. એમના સાહિત્યિક કે વહીવટી કે અન્ય લખાણમાં સુઘડતા, સ્પષ્ટતા અને શિષ્ટતા તરત જ ધ્યાન ખેંચશે.

ડૉ. ધીરુભાઈ ઠાકર આપણા એક પીઢ પ્રતિષ્ઠિત વિવેચક-નાટ્યકાર અને શિક્ષણકાર છે.ગુજરાતની અસ્મિતાનો મહિમા થાય, ગુજરાતનું ગૌરવ વધે એવી ઉચ્ચ ભાવનાને કારણે તેમને વિશ્વકોશના આયોજનનો વિચાર ઉદભવ્યો. આ ભગીરથ કાર્ય કેમ આરંભાશે, ક્યારે પૂરુ થશે તેની ચિંતા તો હતી જ, પણ એમની ભાવનાનાં રૂડાં ફળ મળ્યાં. એમણે 'વિશ્વકોશ'નું ભવ્ય સાયોજન કર્યું. આર્થિક સહાયો મળતી રહી. આ વિશ્વકોશના કાર્યમાં ધીરુભાઈ ઠાકર સાથે હૃદયપૂર્વક સહયોગ કરનારા પણ કુમારપાળ દેસાઈ જ છે. એમના અનન્ય સહકાર વિશે તો ડૉ. ધીરુભાઈ જ કહી શકે. ડૉ. ધીરુભાઈ વિશ્વકોશના આત્મા છે તો કુમારપાળ તેનું હૃદય છે. વિશ્વકોશની પ્રવૃત્તિ સતત ચાલતી રહે, તેનાં અધિકરણો વિધ વિધ વિદ્યાશાખાના નિષ્ણાતો દ્વારા લખાતાં રહે, પ્રકાશનો માટે આર્થિક સહાયની ખોટ ના પડે તે માટે વિશ્વકોશના પ્રણેતા ડૉ. ધીરુભાઈની સાથે ડૉ. કુમારપાળનો સહયોગ કદી ભૂલી શકાય નહિ.

કુમારપાળ વિદેશમાંય જ્ઞાનયાત્રા કરતા રહે છે, પણ તે સાથે એ દેશોની સંસ્કૃતિનો પણ પરિચય કરે છે. ત્યાંના કોઈ ખ્યાતનામ લેખકનું સર્જન તેમની દૃષ્ટિને આકર્ષે તો તેને ગુજરાતીમાં અનુવાદ રૂપે આપવાનું પણ તે ચૂકતા નથી. તાજેતરમાં જ આફ્રિકાના એક પ્રસિદ્ધ સર્જક આંસ્ટિન બૂકેન્યાના નાટક 'ધ બ્રાઇડ'નો અંગ્રેજી ભાષામાંથી ગુજરાતીમાં 'નવવધૂ' તરીકે અનુવાદ આપ્યોછે. આફ્રિકાની પ્રજાની રાજકીય, ધાર્મિક તેમજ સામાજિક રીતરસમનો પરિચય કરાવતું એ સુંદર નાટક છે.

આમ, બહુમુખી પ્રતિભા ધરાવનારા ગુજરાતના એક સુપ્રસિદ્ધ સાહિત્યકાર, ધર્મચિંતક અને સામાજિક-શૈક્ષણિક ક્ષેત્રે પ્રકાશ પ્રસારનારા ડૉ. કુમારપાળ દેસાઈને આ વર્ષ ભારત સરકાર તરફથી બહુમૂલ્યવાન એવો પદ્મશ્રીનો ખિતાબ એનાયત થયો એ અવસરથી ગુજરાતને વિશિષ્ટ ગૌરવ પ્રાપ્ત થયું છે. ગુજરાતની અસ્મિતા પ્રસારનાર કુમારપાળથી ગુજરાત ધન્ય બન્યું છે.

# સ્નેહભર્યો સાથ

## રઘુવીર ચૌધરી

શ્રી કુમારપાળ દેસાઈ (જ. તા. ૩૦ ઑગસ્ટ ૧૯૪૨, રાણપુર)ને હું કદાચ સાથે કામ કરવા મળ્યું એ પૂર્વેથી જ ઓળખું છું. એનું કારણ એમના પિતાશ્રી જયભિખ્ખુનો એમણે સાચવેલો વારસો પણ હોઈ શકે.

કુમારપાળ અને પ્રતિમાબહેનને ત્યાં એક શુભ પ્રસંગે જાદુગર કે. લાલને જોઈને મને પ્રશ્ન થયેલો કે. કાંતિલાલ સાથેનો જ્ઞાતિને કારણે ભાઈચારો હશે ? પછી જાણ્યું કે શ્રી કે. લાલની જાદુગર તરીકેની કારકિર્દીના આરંભે એમના મુશ્કેલ સમયમાં વ્યવસ્થાના કામમાં પણ શ્રી જયભિખ્ખુ સમય આપતા, અને એમની હાજરીથી પ્રેક્ષકોનો પ્રતિભાવ સાનુકૂળ રહેતો. પછી તો શ્રી કે. લાલ વિશ્વવિખ્યાત બન્યા. પણ આવા ઘણા કલાકારો, પત્રકારો, સાહિત્યકારોને કારકિર્દીના આરંભે ઉપયોગી થવાનો જયભિખ્ખુનો સ્વભાવ હતો. આ સ્વભાવ કુમારપાળને વારસામાં મળેલો છે. જયભિખ્ખુ સાથે નિકટનો પરિચય કેળવવાની તક મળી ન હતી, પણ જયાબહેનના વત્સલ આતિથ્યનો લાભ મળેલો. શ્રી રમણલાલ ચી. શાહના આમંત્રણથી જૈન યુવક સંઘના ઉપક્રમે પર્યુષણ વ્યાખ્યાનમાળા માટે મુંબઈ જવાનું થયું હોય અને ગુજરાતી સાહિત્ય પરિષદને મોટી સખાવત મળી હોય તે ઘટના યાદ રહે એની સાથે કુમારપાળના પિતરાઈ કુટુંબીજનોનું આતિથ્ય પણ યાદ રહી જાય. આ કુટુંબીજનો સાર્વજનિક કામે, રેડક્રૉસના કામે છેક રાણપુર આવ્યા હોય તો સેવા કરતા કરતા ગોષ્ઠીનો આનંદ કરવાની કળા પણ જોવા મળે.

કુમારપાળ અને એમના કૌટુંબિક પરિવેશનો વિચાર કરું છું ત્યારે એક સંવાદિતાનો ખ્યાલ ઊભો થાય છે. પ્રતિમાબહેનના પિતાશ્રી સંગીતકાર હોય એ ઘટના પણ આ ખ્યાલ સાથે અનાયાસ સંકળાઈ જાય. બંને દીકરાઓ-કૌશલ અને નીરવના શિક્ષણમાં કુમારપાળે એવી કુનેહથી રસ લીધો કે એમનું ભણતર ભાર વિનાનું નીવડ્યું અને બંને સ્વાવલંબી થયા. નાના નીરવ વિશે લાગતું હતું કે એને ભણવા કરતાં ક્રિકેટમાં વધુ રસ છે. પણ આગળ જતાં એણે પણ ગજું કાઢ્યું અને વ્યાખ્યાનો આપવા વિદેશ જવાનું થતું હતું, એમાં સ્વજનોને મળવાનું કારણ પણ ઉમેરાયું.

કુમારપાળની કારકિર્દી વિશે વિચાર કરતાં લાગે છે કે વ્યવહારુ હોવું, સૌજન્યશીલ રીતભાતથી સામા માણસનું હૃદય જીતી લેવું એ એક ગુણ છે. આ કારણે ઉત્તરોત્તર અંગત સફળતા મળે એને માત્ર કાયદાની ભાષામાં બાંધી દેવાની જરૂર નથી. આ સૌજન્યને સભ્ય સમાજનું લક્ષણ માનવું જોઈએ. જેને આપણે ભદ્ર સંસ્કૃતિ કહીએ છીએ એ કુમારપાળ જેવા સૌજન્યશીલ વ્યક્તિત્વને કારણે સર્જાય છે અને ટકી રહે છે. જેણે સંત સંસ્કૃતિ સાથે નાતો બાંધવો છે એ ક્યારેક ગુસ્સે પણ થઈ શકે, લડી પણ શકે. પરંતુ કુમારપાળે સંઘર્ષ વિનાના સહયોગ અને શુભેચ્છા દ્વારા સર્જાતા વ્યવહારથી ભદ્ર સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ પ્રાપ્ત કર્યું છે અને આ કારણે સાહિત્ય પરિષદના કામે શ્રેણિકભાઈ જેવા શ્રેષ્ઠીને મળવા જવામાં કુમારપાળનો અને અમાસ બેઉના વડીલ ધીરુભાઈ ઠાકરનો સાથ ઉપકારક નીવડ્યો છે.

વીસેક વર્ષ પહેલાંની વાત છે. લોકભારતી - સણોસરામાં ગુજરાતી સાહિત્ય પરિષદનું સત્ર હતું. વ્યવસ્થા પૂરતી હતી, પણ કેટલાક છેલ્લી ઘડીએ સત્રમાં ભાગ લેવા આવ્યા. લોકભારતીના કાર્યકરો સાથે મારે અને કુમારપાળે પણ રાત્રે બે વાગ્યા સુધી જાગવાનું બનેલું. એ પછી એક નવી બનેલી ઓરડીમાં, લીંપણ વિનાની ભૂમિ પર ગોદડી નાખીને અમે થોડા કલાક માટે આરામ કર્યો. મારે તો ધૂળ સાથે બાળપણનો નાતો છે, પણ સુખ-સાહેબીમાં ઊછરેલા કુમારપાળને ધૂળ સામે સૂગ નથી એ મેં તે દિવસે જોયેલું અને સૂગ હોય તો 'ઈંટ અને ઇમારત'ની વાત ક્યાંથી સૂઝે ?

અખિલ ભારતીય ઉર્દૂ સંમેલન સાહિત્ય પરિષદે યોજ્યું ત્યારે તોફાનોને કારણે અમદાવાદમાં કરફ્યૂ હતો. શહેરમાં શાંતિ થઈ એમાં એ સંમેલનનો ફાળો પણ હતો. એ આયોજનમાં કુમારપાળે ઘણો સમય આપેલો અને સાહિત્ય પરિષદના ભવન અને એની પ્રવૃત્તિના વિકાસના એ દાયકાઓમાં શ્રી ભગવતીકુમાર શર્મા અને કુમારપાળનો જે સ્નેહભર્યો સાથ મળેલો તે સંસ્મરણો વિધાયક મૂડીરૂપ લાગતાં રહ્યાં છે. કુમારપાળે જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટની પ્રવૃત્તિઓ વિકસાવી એમાં મારી સતત શુભેચ્છાઓ રહી છે અને સતત વ્યાપક વ્યાખ્યાનમાળાના વક્તાનો પરિચય આપવા હું હાજર રહ્યો છું. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનો વ્યવસ્થાગત કાર્યભાર ઉપાડવામાં શ્રી ધીરુભાઈ ઠાકરને કેટલી મોટી મદદ કરી છે એ સુવિદિત છે. એમની આ જવાબદારી વધવાની છે અને એનો એમને ભાર લાગવાનો નથી એની મને ખાતરી છે.

અમે ભાષાભવનમાં સાથે અધ્યાપનકાર્ય કર્યું તો વ્યાખ્યાન આપવા માટે ગુજરાતમાં અલગ અલગ સ્થળે ગયા ત્યારે વિદ્યાર્થીઓથી માંડીને વ્યાપક શ્રોતાવર્ગ સુધી કુમારપાળ માટેની ચાહના મેં જોઈ છે. એમને શ્રી ગુણવંત શાહની જેમ દૃષ્ટાંતો અને અવતરણોનો ઉપયોગ કરીને વક્તવ્યને રસપ્રદ બનાવવાની ફાવટ છે. એ જરૂર પડ્યે હિંદી અને અંગ્રેજીમાં પણ વક્તવ્ય રજૂ કરી શકે છે. ગુજરાતી સાહિત્ય અકાદમીની પ્રવૃત્તિઓ વિસ્તારવામાં શ્રી ભોળાભાઈ પટેલને એમનો ઉષ્માભર્યો સાથ મળ્યો છે. ગુજરાત યુનિવર્સિટીની આર્ટ્સ ફેકલ્ટીના એ ડીન થયા એમાં સામસામી લડતાં જૂથોએ પણ એમને સ્વીકાર્યા તે નોંધપાત્ર છે. આ બધી પ્રવૃત્તિઓ વચ્ચે મધ્યકાલીન સાહિત્યના ભાષાસંશોધનનું કામ એ ચાલુ રાખી શકે એ માટે મારી એમને શુભેચ્છા છે. એ સાથે જૈન ધર્મ અને તત્વજ્ઞાનને જગતનાં વિવિધ નગરોના શ્રોતાઓ સમક્ષ અદ્યતન જીવંત પ્રણાલીને ઉપકારક નીવડે એ રીતે વ્યાખ્યાન આપી શકે છે અને સંવાદ સાધી શકે છે એ એમની સૌથી મોટી સિદ્ધિ છે. ગઝલના લોકપ્રિય શેર અને અનેકાંતવાદના બે ધ્રુવો વચ્ચે કેટકેટલા સહૃદયોની સંવેદના સેતુરૂપ બની હશે એ જ ઉપલબ્ધિ.

# પાંચ ઘોડાનો સવાર

હરીશ નાયક

લખે તે લેખક.

વાંચે તે વાચક.

બોલે તે વક્તા.

સાંભળે તે શ્રોતા.

શ્રી જયભિખ્ખુ આવી શૈલીથી લખતા. અમે ક્યારેક ગમ્મત કરતા : 'લખે તે લેખક' એ પૂર્ણવાક્ય કહેવાય ? શું લખે તે લેખક ? કોઈ નામું લખે, કોઈ ટપાલ લખે, કોઈ ઘરકામ લખે, કોઈ હિસાબ લખે. શું એ બધાંને લેખક કહી શકાય ?'

ગમ્મતની વાત જવા દઈએ પણ લાવે તેને લેખક જરૂર કહી શકાય. લાવે તે લેખક બને. શ્રી જયભિખ્ખુની 'ઈંટ અને ઇમારત'ની તથા 'ઝગમગ'ના પહેલા પાનાની વાર્તા એક વિદ્યાર્થી નિયમિત લઈને 'ગુજરાત સમાચાર' પ્રેસ પર આવતો. અપટુડેટ, હોંશીલો, હસમુખો એ વિદ્યાર્થી 'જયભિખ્ખુ'નું સાહિત્ય લાવતાં લાવતાં જ વિદ્યાર્થીમાંથી વિદ્વાન બની ગયો. એ ચમત્કાર શબ્દનો અને સરસ્વતીનો. એ વિદ્યાર્થીએ ત્યારથી જ પિતાની સાથે સાથે પોતે પણ કલમ અજમાવવા માંડી હતી. પિતાની સાથે ગોઠવાવા માંડ્યું હતું. પિતાની છાયા ખરી પણ પડછાયા નહિ. એ વિદ્યાર્થી તે કુમાર, કુમારપાળ, કુમારપાળ દેસાઈ.

શરૂઆત જ કરી તેણે એકસાથે પાંચ ઘોડા પરની સવારીથી. બાળસાહિત્ય, રમતગમત, અભ્યાસ, અધ્યયન અને શીલ-સંયમ-શૌર્યનો પાંચમો રાષ્ટ્રીય અશ્વ. અભ્યાસ તો ચાલે જ. ભણવાનું તો ખરું જ. તેમાં ધ્યાન આપવું જ પડે અને તેમાં જેટલું ધ્યાન આપે, તેટલું જ ધ્યાન સર્જનમાં આપે.

પાંચ ઘોડાની સવારી સાથેનો આ નિપુણ ઘોડેસવાર વિદ્યાર્થી અમારી નજર સમક્ષ શિશુમાંથી સાહિત્યકાર, વિદ્યાર્થીમાંથી વિદ્વાન, પ્રવચનકારમાંથી પ્રાધ્યાપક, અધ્યાપકમાંથી અધ્યક્ષ, પરિશ્રમ દ્વારા પદ્મશ્રી બનતો નિહાળ્યો. અમે ગમ્મત કરનારા ગમ્મત કરતા રહી ગયા, જોનારા જોઈ જ રહ્યા અને એના એ પાંચેય ઘોડા એકસાથે એ દોડે, શું દોડે ! ન ઘોડા પરથી એ પડે, ન ઘોડાઓને પડવા દે.

પછી તો પંચકલ્યાણી એ રવાલ એવી તાલમાં આવી ગઈ કે ન એ પાંચ ઘોડાને પોતાના સવાર વગર ચાલે, ન સવારને પંચાશ્વ વગર ચાલે. બસ, સમય કપાતો જાય, ગતિ આગળ વધતી જાય, મંઝિલો પાછળ છૂટતી જાય, નવી દિશાઓ ખૂલતી જાય.

અમારા બાળસાહિત્યમાં ઘોડો ઊડેય ખરો. આ છ સાથીઓ માત્ર ધરતી પર દોડ્યા જ નહિ, દેશવિદેશમાં ઊડ્યા. પાંખો એવી ફેલાવી કે કૅનેડા, ઇંગ્લૅન્ડ, અમેરિકા, સિંગાપોર, એન્ટવર્પ, કેનિયા, દુબાઈ જેવા કંઈક દેશો એ ષણ્મુખ ઉડ્ડયનને જોવા માટે ગરદન ઊંચી કરતા રહ્યા.

એ પાંચ ઘોડાની નિયમિતતા તો આશ્ચર્યકારક. કુમારપાળ ગમે ત્યાં હોય, ગમે ત્યાં જાય, ગમે તે કરે, તેનું કૉલમ નિયમિત આવતું જ રહે. કોઈ સમય ન ચૂકે, કોઈ વાર ન ચૂકે, કોઈ કલાક ન ચૂકે. ક્યારેક લાગે કે આ કલમકાર પાસે બેથી વધારે દૃષ્ટિઓ જરૂર હશે. રમતગમતના લેખમાં જૂની પુષ્ટિ સાથેની નવામાં નવી માહિતી, ‘ઝગમગ’માં હોળી, દિવાળી, નાતાલ બધું સાચવે. સમયના થપાટ પર બનતી ઘટનાઓની સાથે જ કલમને દોડાવે, જ્ઞાનવિજ્ઞાનને વાર્તામાં વણી-ગૂંથીને તેની સુગંધભરી શાશ્વત પુષ્પમાળા બનાવે. પ્રવચનમાં બીજા તજ્જ્ઞોના વચન સાથે પોતાના સૂચન પણ સામેલ કરે. બધું જ સુરમ્ય રીતે, સુરીલી રીતે. ન પોતે બોજ અનુભવે, ન વાચક કે શ્રોતાને બોજ અનુભવવા દે. હાસ્યકાર નહિ, પણ હસાવવાની થોડીક યુક્તિઓ અજમાવે અને હસવામાં ફસાવે.

જેને વિશે બોલે તેનો અભ્યાસ કર્યો હોય, પૂછીને-જાણીને ગૂંથી લે. એકસાથે એક જ વિષય પર છ પ્રશિષ્ટો બોલવાના હોય તોપણ જરાય પીછેહઠ નહિ. બધાંથી જુદું બોલે, અલાયદું બોલે, નજીકનું બોલે, બધાંનાં વક્તવ્યોના સારને ચગાવી દે.

રમતમાં તો તાત્કાલિક જ લખવું પડે પણ લાલબહાદુર શાસ્ત્રીના અવસાન વખતે ‘લાલ ગુલાબ’ પણ તાત્કાલિક લખાયેલ પુસ્તક. ૨૦૦ પાનાં, એક સપ્તાહમાં દશ હજાર પ્રતોનું વેચાણ. એ સમયે કુલ ૬૦ હજાર પ્રતોનું વેચાણ. પુસ્તકને ઇનામ તો ઠીક પણ એની ચિરંજીવિતાય વંદન કરે. રાતોરાત લખાયેલાં પુસ્તકો પ્રસિદ્ધ નથી હોતાં એવું માનશો નહિ, ‘લાલ ગુલાબ’ હજી આજેય લોકપ્રિય છે, ખુશબો ફેલાવે છે.

સૌજન્ય એટલું કે પોતાની તાલબદ્ધ દોડની સાથે સાથીઓ અને જરૂરતમંદોનાં કામેય થતાં જ જાય. અકાદમીમાં પહોંચ્યા તો બાળસાહિત્યને ન્યાય અપાવ્યો. આજ સુધી જે બાળસાહિત્ય ‘અડધી ટિકિટ’ મનાતું તેને પ્રૌઢ સાહિત્યની સમકક્ષ મૂક્યું. અવાજો ઊઠ્યા હશે, ઊઠયા જ હશે. મોટી નવલકથાના લેખકો કહે, ‘અમે બસો પાનાં લખીએ અને પાંચ હજાર ઇનામ અને બાળસાહિત્યવાળા વીસ પાનાં લખે, તેનેય પાંચ હજાર ?’ ‘તેમને તેનોય જવાબ મળી રહેતો: ‘તમેય લખો વીસ પાનાં, બતાવી આપો. મેદાન બધાને માટે ખુલ્લું છે. પણ તમારાં બસો પાનાંની વાત તેઓ વીસમાં સમાવતા હશે કેવી રીતે ? એ ખૂબી વિચારજો.”

બાળસાહિત્યને જાહેર મંચ ઉપર આટલી ગરિમા અપાવી કુમારપાળે.

કામ કરવું છે એટલે કરવું જ છે, કરતા જ રહેવું છે, એ જ જાણે કે મુદ્રાલેખ છે જીવનનો. કામની હળવાશ આ કુમારને અશોકકુમાર જેવા સદાબહાર કુમાર બનાવી રહે છે. સારસ્વતકુમાર કહીશું ?

મોટાઓની, નિબંધોની, મહાનિબંધોની ઘણી વાત મોટાઓ લખશે, પણ બાળસાહિત્યને નૂતન બાળસાહિત્યનું રૂપ તથા ગૌરવ અપાવ્યું કુમારપાળે. દૈત્ય, દાનવ, ભૂવા, ડાકણ, પાયાવિહીન કંઈક વાર્તાની ગળાપકડમાંથી બાળસાહિત્યને આ પિતા-પુત્રે જે સાર સમજ, સુબુદ્ધિ, સૌજન્ય, સદાચારી સુમાર્ગ મૂક્યું છે તેનો યશ તો ઇતિહાસે આપવો જ પડશે. સુમતિ, સુબુદ્ધિ, સુસંસ્કારિતા અને સુરમ્યતાની એવી સહેલ બાળ આલયમાં મૂકી કે જૂના, પીઢ, પાયા વિનાના, જડઘાલી બેઠેલા કિંવદંતી રાક્ષસો ભાગી જાય. સંજોગવશાત્ ફેન્ટસી આવી પણ તે હેતુલક્ષી અને તર્કસંગત.

પિતા જે ઈંટ ગોઠવતા એ ઇમારતને વધુ મજબૂત, દક્ષ, સુશોભિત તાજમહાલ બનાવવાનું કામ પુત્રે સાથે જ શરૂ કર્યું અને પિતા ન રહ્યા તો કલમનો રંદો પિતા-પુત્રની સંયુક્ત જવાબદારીથી રમાડી 'ઈંટ-ઇમારત'ને અમીટ ઇમારત, ઐતિહાસિક ઇમારત, મંદિર ઇમારત કે પ્રાર્થના ઇમારતની કક્ષાએ મૂકી દીધી. આટલી લાંબી, આટલી તાલબદ્ધ, આટલી સંગીતમય, આટલી પરિપક્વ, આટલી પ્રબુદ્ધ કૉલમશ્રેણીનો ઉલ્લેખ કોઈએ લિમકા કે ગિનેસ સુધી પહોંચાડવા જેવો છે. હું અને નવનીત સેવક ત્યારે સાહિત્યનાં કારખાનાં મનાતા, આણે તો એને ઉદ્યોગનું અંબાણી સ્વરૂપ જ બક્ષી દીધું.

જૈન છે એટલે વ્યવહારુ છે, ચતુર છે, કુશળ છે, ચાણક્ય પણ કહેવા પડે, પણ વિવાદના ઉકેલ માટે એની જ જરૂર પડે. પડે જ. એક બાજુ અધ્યક્ષ ભોળાભાઈનો કાર્યભાર ઉપાડી યશ તેમને આપે, બીજી બાજુ સમિતિઓનું, સભ્યોનું, સાહિત્યકારોનું સન્માન પણ સાચવે. અઘરી વાત છે, પણ એને માટે સહેલી છે. સ્મિત સહિતના એના આગમનથી જ ઘણાં મૂંઝાયેલાંઓ રાહતનો શ્વાસ લેતા હશે !

કુમારપાળે કદી કોઈ વાહન ચલાવ્યું નથી તેમ છતાં સામગ્રીસહિત દરેક જગાએ નિયમિત પહોંચી જવાની નેમ એણે રાખી છે, જાળવી છે.

કક્ષામાં એણે કદી કોઈને બાંધ્યા નથી. ઊતરતાં, નીચેનાં કે પછીનાંને એટલું જ સન્માન આપ્યું છે, જેટલું મોટાઓને મળે. 'નોકર' શબ્દ એમના શબ્દકોશમાંથી ભૂંસાઈ ગયો છે. જે કામ કરે છે તે કિંકર નથી, એવી એમની વ્યાખ્યા છે. એમની આજુબાજુ સાથી-સહકારીઓનો એક ફરતો તુલસીક્યારો છે. તુલસીભાઈ એમનું બધું જ કામ કરે, કુમારપાળ તેમને વડીલ સમુ માન આપે. એક વખત તુલસીભાઈ સાંસારિક કારણોસર રિસાઈ ગયા ને ક્યાંક જતા રહ્યા તો જયભિખ્ખુ અને કુમારપાળે પહેલે પાને જાહેરાત આપી : 'ભાઈ તુલસીભાઈ, પાછા ફરો. અમે તમારી રાહ જોઈએ છીએ.' અને તુલસીભાઈ પણ આવીને જ રહ્યા. આવા કુમારભિખ્ખુઓથી રિસાવાનું કોને પાલવે ?

કુમારપાળ વિશે કોઈકે થીસિસ લખવી જ પડશે. એટલું બહોળું, પહોળું, ફેલાયેલું, પથરાયેલું કામ છે એનું. જે કોઈ એ કામ કરશે તેને તકલીફ જરાય નહિ પડે, બધું વ્યવસ્થિત હશે, છે જ.

કુમારપાળ અદભુત મધ્યસ્થી છે. બે પક્ષોની જરૂરિયાત જાણે છે. જ્યારે મેં બધું છોડી માત્ર વાર્તાકાર તરીકેનું જીવન જીવવાનું શરૂ કર્યું ત્યારે મુશ્કેલી આવી જ. વાર્તા-કાર્તા અહીં નહિ ચાલે. હું, ચાર દીકરીઓ જોલી, ડોલી, ભોલી, ફોલી તથા તેમની માતા લક્ષ્મીબહેન જ્યારે વડોદરા ગયાં ત્યારે એલેમ્બિકના અમારા કાર્યક્રમના મુખ્ય મહેમાન ચં. ચી. હતા. મહેતાસાહેબે અમને ધમકાવીને કહ્યું, ‘આ શું માંડયું છે. સહકુટુંબ આપઘાત ? પાછા ફરી જાવ. બંધ કરો આ બધા ધાંધિયા. વાર્તા કહીને જીવવું છે, હં !’ પણ કુમારપાળની ભાષા જુદી જ. તેણે કે.લાલ અને મારી દોસ્તી કરાવી આપી. મેં કે. લાલની ચોપડીઓ લખીને જીવવા માંડયું. કે. લાલની સાથે ગામેગામ ફરીને શાળાઓમાં વાર્તાઓ પણ કહેવા માંડી. અમારી આ મધ્યસ્થીની યુક્તિ ખરી, ભાષા ચં. ચી.ની જ પણ સુંવાળી. ‘આ બધું જોખમી છે. સહકુટુંબ વાર્તા કહો પણ નિયમિત આવકનું તો વિચારવું જ પડે.’ એ વિચારનાર તે કુમારપાળ.

ઘણી વાતો છે. બધી જ રળિયામણી, મઝાની, જિંદગીની સોંસરવી કેડીની. એ બધી લખનારા લખશે જ. જેમ એણે લખ્યું છે તેમ જ. અમે એના કરતાં ઉંમરમાં સિનિયર્સ છીએ. અમેઅમારી નજર સમક્ષ આ કુમારને લાકડાના ઘોડાથી પાંખાળા ઘોડા ઉડાવતો જોયો છે. અમને આનંદ થાય છે. જુનિયર્સને અમેય કદી જુનિયર્સ કહેતા નથી. તેમ છતાં કુમારપાળ વીસેક વર્ષ નાના હશે. અમારી પાછળથી આવીને આગળ નીકળી ગયા. અમે જોયા છે. આનંદ છે. એમ જ થવું જોઈએ. કપિલદેવ, ગાવસ્કર, રવિ શાસ્ત્રી આગળ ‘રમત’ થોભી જાય તે કેમ ચાલે ? સચીન, સૌરવ, રાહુલ, યુવરાજ, પાર્થિવ, કૈફ, પઠાણ, ઝહિર જેવા આવતા રહે છે. આવતા જ રહેવા જોઈએ. જ્યારે સચીનો આગળ વધે છે ત્યારે એ આનંદ સિનિયર્સનો છે, અમારો છે. અમને કૉમેન્ટરી આપી તેમને બિરદાવવા ગમે છે.

અમારી શુભેચ્છાઓ છે કુમારપાળ, સદા સર્વદા “કુમાર' બની રહે, નવા માર્ગ ચીંધો, સાહિત્યને - બાળસાહિત્યને, સ્પોર્ટ્સ સાહિત્યને, અધ્યાત્મ સાહિત્યને, શૈક્ષણિક સાહિત્યને અમદાવાદથી ગાંધીનગર, ગાંધીનગરથી દિલ્હી પહોંચાડયું છે, યુનો સુધી કે તેથીય આગળ વધારો.

પાંચ ઘોડાના સવાર કુમારપાળની આ કથા આમ તો દશ-કુમાર-ચરિત્ર જેવી છે, આજે એમાંના કદાચ એકની કે એકથી પાંચની કહી છે. વધુ બીજી કોઈક વાર. ફરીથી પહેલું વાક્ય વિચારીએ. લખે તે લેખક. લખતો રહે તે લેખક. લખ્યા જ કરે તે લેખક. હંમેશાં સતત નવું નવું ઉપયોગી જીવનર્દષ્ટિ આપનારું માર્ગદર્શક લખ્યા કરે એ જ લેખક, એ જ કુમારપાળ દેસાઈ.

# ગરિમા અને ગરવાઇ

## બળવંત જાની

એ સમયે જાણીતા ભાષાવિજ્ઞાની ડૉ.પ્રભાશંકર તેરૈયા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા-સાહિત્યભવનના અધ્યક્ષ હતા. પહેલેથી આંખો નબળી. એમાં કાળા મોતિયાનો આરંભ થયો. ડૉ. કિશોર દોશીની નિયમિત તપાસ ચાલતી, પણ ભાયાણીસાહેબે રેટિના ખૂબ નબળી હોવાથી અમૃતસર-પંજાબના ડૉ. દલજિતસિંઘની મુલાકાત લેવાનું સૂચવેલું; મહિને એક વખત ગુજરાતમાં દહેગામની હૉસ્પિટલમાં તેઓ પધારતા. એમની એપૉઇન્ટમેન્ટ મેળવવી, ત્યાં પહોંચવું એ બધું અમારે માટે એ દિવસોમાં કપરું હતું. એ દિવસોમાં ડૉ. કુમારપાળ દેસાઈ મારા એક વિદ્યાર્થીની પીએચ.ડી.ની મૌખિક પરીક્ષા લેવા માટે આવેલા. અમારી મૂંઝવણનો તેમને વાતવાતમાં જ ખ્યાલ આવી ગયો હશે. પછીના બે-ચાર દિવસમાં જ પત્ર આવ્યો કે ડૉ. દલજિત સિંઘ સાથેની મુલાકાત, તારીખ, સમય નિશ્ચિત થઈ ગયાં છે. તમે આગલે દિવસે સાંજના મારા મહેમાન અને બીજા દિવસે જવાનું ગોઠવ્યું છે. અમારા આશ્ચર્યનો પાર ન રહ્યો. ડૉ. કિશોર દોશી કે અન્ય મિત્રો સાથેના વાર્તાલાપમાંથી અમારી મૂંઝવણ એમણે કળી લીધેલી. માત્ર મુલાકાત જ નહીં પણ અમારા માટે છેક દહેગામ સુધી જવા-આવવા માટે ગાડીની વ્યવસ્થા પણ કરી રાખી. આવું તો કોને સૂઝે ?

આજે પણ અમે તેરૈયાસાહેબને ત્યાં બેઠા હોઈએ ત્યારે વાતચીતમાં કુમારપાળના વ્યક્તિત્વની આ ગરવાઈ અને ગરિમા અમને એમના માટે અહોભાવ જગાવે છે. એમની સાથેના છેલ્લા બે-અઢી દાયકાનાં આવાં તો અનેક સંભારણાં છે. મારે કંઈ પણ સંદર્ભ સામગ્રી જોઈતી હોય, એટલે એમને જણાવીને નિશ્ચિત થઈ જવાનું. આપણે ધાર્યા કરતાં વહેલા આપણને સામગ્રી મળી જાય અને પાછું કામ કેટલે પહોંચ્યું એની ખબર પણ કાઢતા રહે. એમ થાય કે આપણે સદભાગી છીએ કે કુમારપાળ જેવા આપણી ખેવના રાખે છે, કાળજી રાખે છે. અકારણ સ્નેહ, પ્રીતિ કે સદભાવ મને જે થોડા મિત્રો-વડીલોનાં મળ્યાં એમાં કુમારપાળ પણ છે.

એમના ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક અર્પણવિધિ વખતના એક કાર્યક્રમમાં મેં કહેલું કે, 'આ કાર્યક્રમ કુમારપાળ માટે છે એની પ્રતીતિ અહીંયાં એક પણ ખુરશી ખાલી નથી તે છે. વળી, કનુભાઈ જાનીથી માંડી કુલીનચંદ્ર યાજ્ઞિક સુધીના અનેક વડીલો, સાહિત્યકારો, કુલપતિઓ, ઉપકુલપતિઓ અને કેટલા બધા સાથી મિત્રો અને શ્રેષ્ઠીઓ પણ ઉપસ્થિત છે. આ ઉપસ્થિતિ જ આપણને કુમારપાળના વ્યક્તિત્વનો પરિચય કરાવવા માટે પૂરતી છે. વ્યવહાર જગતના સમાજના વિવિધ પ્રકારના અનેક વર્ગના લોકોને એક સાથે જોવાનો અને મળવાનો પણ આ પ્રસંગછે અને એ કારણે પણ આ પ્રસંગ વિરલ છે.' મારી આ વાતને સભાગૃહે તાળીઓથી વધાવેલી.

એમની કૉલમો વાંચતો રહ્યો છું. વચ્ચે સિંગાપોર કે લંડન પ્રવાસવૃત્તોની શૃંખલા આવી ત્યારે કહેલું કે 'ઈંટ અને ઇમારત'માંથી કંઈ નહીં તો આ પ્રવાસવૃત્તનું પુસ્તક તો પ્રકાશિત કરો. કહે કે ખરેખર કરવું છે પણ જોઈએ ક્યારે કરવું. 'ઈંટ અને

ઇમારત'ના તમામ નિબંધોને જો વિભાગીકરણ, વર્ગીકરણ અને ગ્રંથસ્થ કરીએ તો ઓછામાં ઓછા સોએક ગ્રંથો થાય. એમાંથી ચરિત્રો અને માનવતાવાદી દૃષ્ટિબિંદુવાળા પ્રસંગો અને પ્રવાસની સામગ્રી તો મને ખૂબ જ હૃદયસ્પર્શી જણાય છે. પણ એમના દ્વારા જે પ્રકાશન થયું છે એ કાંઈ ઓછું નથી.

*

એમના ચરિત્રનિબંધોના સંચય અને ચરિત્રગ્રંથો આપણે ત્યાં ચરિત્રસાહિત્યના ઇતિહાસમાં મહત્વનો હિસ્સો બની રહેશે. સી. કે. નાયડુ કે લાલબહાદુર શાસ્ત્રીનાં ચરિત્રો આરંભે લખેલાં પણ પછી સતત પ્રવાહ ચાલુ રહ્યો તે આ ચરિત્રલેખનનો.

એમણે જે કાંઈ ચરિત્રો લખ્યાં છે એમાં યુ. એન. મહેતાનું ચરિત્ર એક ઉત્તમ ચરિત્રગ્રંથ છે. આવી મોટી દવાની કંપનીના માલિક બન્યા એમની પૂર્વાવસ્થા કેવી વિચિત્ર હતી. ડ્રગએડિક્શન હોય એવી વ્યક્તિના પલટાયેલા વ્યક્તિત્વની ઓળખ સમાજ સમક્ષ કરાવવા માટે એમણે જે શૈલી સ્વીકારી છે એ શૈલી સાચે જ ચરિત્રગ્રંથ કઈ રીતે લખવા અને પોતાના સમયની વ્યક્તિનું અધિકૃત ચરિત્ર કઈ રીતે મૂકવું એનું ઉત્તમ ઉદાહરણ છે. યુ. એન. મહેતા વિષયક ચરિત્ર ઉપરાંત બીજું પ્રેમચંદ ત્રજપાળ શાહ વિશે પણ લખ્યું છે. એમણે લખેલાં તમામ ચરિત્રો ખરા અર્થમાં વિશિષ્ટ છે, પછી એ ફિરાક ગોરખપુરી વિશે હોય, કે લાલા અમરનાથ વિશે હોય - એ બધા મહાનુભાવોની સંખ્યા પચાસથી વધુ છે. હું એમ કહીશ કે કુમારપાળ ચરિત્રાનિબંધોના લેખક છે. એમણે એવાં ચરિત્રો પસંદ કર્યાં છે કે જેમનાં વ્યક્તિત્વ ખરેખર અનુકરણીય બની રહે. એવા ભવ્ય વ્યક્તિત્વવાળા, ઉદાત્ત ભાવનાવાળા અને દેશ માટે કશુંક કરી ગયેલા આ સમાજના મોભાનું સ્થાન પ્રાપ્ત કરી શકે એવા લોકોને પસંદ કરીને એમણે ચરિત્રો લખ્યાં છે. એ ચરિત્રગ્રંથો વિષયક એમનું પ્રદાન પણ ખરા અર્થમાં અત્યંત મહત્વનું છે.

કુમારપાળે ચરિત્રલેખન પછી વિપુલ માત્રામાં સાહિત્યક્ષેત્રે કામ કર્યું હોય તો એ બીજું ક્ષેત્ર છે બાળસાહિત્યનું. છેલ્લા પાંચ દાયકાથી બાળસાહિત્યક્ષેત્રે તેઓ સતત ક્રિયાશીલ રહ્યા છે – સર્જન કર્યું છે. એટલું જ નહીં, બાળસાહિત્ય વિષયે શાસ્ત્રીય ચર્ચાઓ અને પરિસવાદોનુ પણ આયોજન કરીને '૨૧મી સદીનું બાળસાહિત્ય' તથા 'બાલસાહિત્યસંગોષ્ઠિ' જેવા ગ્રંથોનું પ્રકાશન પણ કર્યું છે. આપણે ત્યાં સર્જકો દ્વારા બાળસાહિત્યની ઉપેક્ષા પણ ખૂબ થઈ છે તો લાભશંકર ઠાકર કે રમેશ પારેખ જેવાએ ઉચ્ચકોટિનું અને દૃષ્ટિપૂત સર્જન પણ કર્યું છે. પણ કુમારપાળે બાળસાહિત્યમાં જુદી રીતે કામ કર્યું છે. આપણે ત્યાં ચતુરાઈ માટે અકબર-બીરબલનું ચરિત્ર જ સ્થિર થઈ ગયેલું. ભૂતકાળમાં અને વર્તમાનમાં આપણે ત્યાં પણ આવા ડહાપણનાં ભંડારરૂપ ચરિત્રો સમાજમાં હતાંએ ઓઠાં અને એમની સાથે જોડાયેલા ચતુરાઈના પ્રસંગો કુમારપાળે શોધી કાઢયાં. એમાંથી 'ડમરો' નામના દામોદર આપણા પરિચયનું પાત્ર બન્યું. જે માટે આપણી ભાષામાં 'ડાહ્યોડમરો' એવો શબ્દ પણ રૂઢ થયેલો. આપણા ભારતીય ચરિત્રની ચતુરાઈ-કથાઓ આલેખીને કુમારપાળે ખરા અર્થમાં સંસ્કૃતિ-સેવા કરી છે.

એમણે બાળસાહિત્ય વિષયક જે કંઈ પુસ્તકો પ્રકાશિત કર્યાં એ બધાંમાંથી બાળકોના જ્ઞાનની ક્ષિતિજ વિસ્તરે છે, એમની માહિતીનું જગત વધુ વ્યાપક બને છે અને ખરા અર્થમાં એ કલ્પનાશીલ બાળક એવી કલ્પનાઓની સૃષ્ટિમાં, એવી સ્વપ્નાંઓની સૃષ્ટિમાં દોડે છે કે આ દેશની ધરતી માટે પોતાની જાનની કુરબાની આપવા માટે સ્વપ્નાં સેવવા લાગે છે. આ મોટી વસ્તુ છે. બાળકોને એવું સાહિત્ય આપવું કે જે દ્વારા એનામાં દેશપ્રેમ પ્રગટે, આ માટે એમણે ક્રાંતિકારીઓ કે જેમણે આ દેશને માટે પોતાના જાનને કુરબાન કરી દીધા છે એવાં ચરિત્રોની બલિદાનની કથાઓ, એવી બિરાદરીની કથાઓ આપી કે એ દ્વારા દેશપ્રેમ અને ખરા ભારતીય જીવનમૂલ્યના ગુણો બાળકોમાં સહજ રીતે પ્રસરે છે. ખરા અર્થમાં બાળકોનું ઘડતર થાય અને ઘડતર થયેલા બાળક ઉપર જ રાષ્ટ્રનું ચણતર થઈ શકે. આવી એક વિભાવના-દૃષ્ટિ લઈને બાળસાહિત્ય ક્ષેત્રોમાં ક્રિયાશીલ બહુ ઓછા લેખકો છે. લખવું, દૃષ્ટિ સામે લખવું, તર્કબદ્ધ રીતે લખવું; માત્ર કલ્પનાઓના ઘોડા દોડાવીને, કલ્પનાઓનાં વાદળ ઉમટાવીને એ બેસી રહેતા નથી. બાળકોની આંખમાં એવાં સ્વપ્નો આજે છે, બાળકોને એવાં મુલ્યોનાં પીયૂષનાં પાન કરાવે છે કે જેથી બાળકો ભવિષ્યમાં દયાનંદ સરસ્વતી જેવા કે મહાન શ્રીમદ્ રાજચંદ્ર જેવા ગુણવાન, શીલવાન, ચારિત્ર્યશીલ અને જ્ઞાનશીલ બને. એમના નિર્માણ માટે એમણે આવા સાહિત્યનું સર્જન કર્યું જણાય છે. બાળસાહિત્યક્ષેત્રની એમની સામગ્રીનું કોઈ ખરું અને પુરું મૂલ્યાંકન કરે તો આ ઉપરાંતની પણ ઘણી બધી બાબતો વિગતે ચીંધી શકે.

પોતાની પાસે કોઈ શક્તિ નથી, કોઈ ક્ષમતા નથી એમ માનીને વિકલાંગો લઘુતાગ્રંથિથી ન પીડાય; એ પણ કેટલાં મોટાં કાર્યો કરી શકે એનાં કેવાં અને કેટલાં બધાં ભવ્ય ઉદાહરણો એમણે શોધ્યાં ? શોધ્યાં એટલું જ નહીં પણ એ એટલી સરસ રીતે લખ્યાં કે એ લખેલા લેખો પાઠ્યપુસ્તકોમાં સ્થાન પામ્યા એટલું જ નહીં, પણ બ્રેઇલ લિપિમાં પણ મુકાયાં અને વળી વિવિધ ભાષામાં અનુવાદ પણ થયા અને જુદી જુદી ભાષામાં એ પહોંચ્યાં. ક્રિકેટ વિશે એમણે લખેલા ગ્રંથોની નકલો લાખોની સંખ્યામાં છપાય છે. વર્તમાન સાહિત્યક્ષેત્રમાં મારી સામે કોઈ એવો સર્જકનથી કે જેમના ગ્રંથની સવાલાખ જેટલી નકલો વેચાઈ હોય. ‘ક્રિકેટ રમતાં શીખો, ભાગ ૧-૨’ મેં મારા દીકરા પુલકેશી પાસે પણ જોયું. એણે ખરીદ્યું હશે ક્યારે એ મને ખબર નહીં. રમત વિશે જે નિષ્ણાત લોકો છે એને મેં કુમારપાળ પાસે ચર્ચા કરતા જોયા છે.

ક્રિકેટ વિશે એમણે લખેલાં પુસ્તકો પૈકી સી. કે. નાયડુ વિશે લખેલું ચરિત્ર તો અત્યંત અધિકૃત ચરિત્ર મનાયું છે. એમના આ બધા સાહિત્યેતર લાગતાં પુસ્તકો પણ ખરા અર્થમાં સાહિત્યક્ષેત્રની સીમામાં જેનો પ્રવેશ કરાવવો પડે એવા પ્રકારની અભિવ્યક્તિનું સ્વરૂપ આ ગ્રંથોને સાંપડ્યું છે. એ પ્રકારની વિષયસામગ્રી છે કે જેને કારણે ભવિષ્યમાં કોઈએ એમની આ ક્ષેત્રની પણ વિગતે મીમાંસા કરવી પડશે તો એ લોકોને ખ્યાલ આવશે કે બાળસાહિત્ય કેવા પ્રકારનું લખાય, પ્રૌઢ સાહિત્ય કેવા પ્રકારનું લખાય, રમતગમતની માહિતી આપતું સાહિત્ય પણ અધિકૃત રીતે કેવી રીતે રચાય. હું એમ કહીશ માત્ર બાળકો માટેનું સાહિત્ય નથી, પ્રૌઢો માટેનું સાહિત્ય નથી, રમતગમતના રસિયાઓ માટેનું સાહિત્ય નથી. ગુજરાતી ભાષકોને ગુજરાતી ભાષાની ગરિમા અને ગુજરાતી ભાષાનું ગૌરવ સમજાવતું એ સાહિત્ય છે. કુમારપાળનું આ એક બહુ મોટું પ્રદાન મને લાગ્યું છે.

કુમારપાળે જૈન સાહિત્ય અને જૈન દર્શન વિશે જે ગ્રંથો લખ્યા છે કે એ અત્યંત અધિકૃત છે.એ તમામ ગ્રંથો મેં કાળજીપૂર્વક વાંચ્યા છે. એમના સંદર્ભો ચકાસ્યા છે અને અનેક સંદર્ભમાં એમની સાથે ચર્ચા પણ કરી છે. શ્રીમદ્ રાજચંદ્ર વિશે હોય કે મહાવીર વિશે હોય કે મહાવીરના અહિંસોપદેશ વિશે હોય - અનેક આગમોનાં વિષય, સૂત્રો એકત્રિત કરવાં, એ સૂત્રોનું વિષય તરીકે વિભાજન કરીને એનું વિભાગીકરણ કરીને યોગ્ય સ્થાને ઉદાહરણ તરીકે મૂકવાં, દૃષ્ટાંત રૂપે મૂકવાં અને એથી સરસ રીતે આખી વસ્તુ સમજાવવી કે જૈનેતર લોકો પણ અત્યંત સરળ, સહજતાથી જૈન ધર્મના જ્ઞાનવારસાને સમજી શકે - પચાવી શકે અને કોઈને સમજાવી શકે. અધિકૃત રીતે જૈન સિદ્ધાંતોને સમજાવવામાં જૈન મુનિ - મહારાજસાહેબોને પણ પ્રશ્નો થતા હોય છે, કારણ કે અનેક ફિરકાઓના અનેક પ્રશ્નો છે, અનેક મતો છે, પણ કુમારપાળ તો સમન્વયવાદી છે. દરેક ફિરકાના સમન્વયનાં સૂત્રોને લઈને બિનવિવાદાસ્પદ બાબતને પકડીને ચાલતા હોય છે. શ્રીમદ્ રાજચંદ્ર વિશેના એમના ગ્રંથને શ્રીમદના અનુયાયીઓ પણ અધિકૃત માને છે. એમાં જે દૃષ્ટાંતો પસંદ કર્યા છે અને અધ્યાત્મભાવ વિષયને સરળ રીતે સમજાવવા માટે શ્રીમદના વિચારો અને હસ્તાક્ષરો મૂકવા કે શ્રીમદના પ્રસંગો મૂકવા એ બધામાંથી એમની ઊંડી સૂઝ પ્રગટે છે.

શ્રીમદ્ રાજચંદ્રની અહિંસાની પરાકોટિ શેમાંથી પ્રગટે છે એ માટે એક ઉત્તમ દૃષ્ટાંત મૂક્યું છે. શ્રીમદ્ રાજચંદ્ર શાક સમારતા હતા અને એમની આંખોમાંથી આંસુ જતાં હતાં. શ્રીમદ્ રાજચંદ્રનો અદૃશ્ય પ્રતિની અહિંસાનો સૂક્ષ્મ ભાવ અનુભવાય અને કોઈને કહી શકતા નથી એટલે રડે છે. આ વાત કુમારપાળે માર્મિક રીતે બતાવી આપી. ક્યાંક ખૂણેખાંચરે પડેલી અત્યંત હૃદયસ્પર્શી બાબત પકડવી, એની આજુબાજુ આખી વસ્તુને વણવી અને વ્યક્તિત્વને એવી રીતે વળોટ આપીને આપણી સમક્ષ રજૂ કરવી કે શ્રીમદનું ખરું વ્યક્તિત્વ આપણા ચિત્તમાં પ્રવેશે. આપણે પણ એના અનુયાયી થઈ જઈએ. આપણે પણ એમના સાહિત્યના અભ્યાસી થઈ શકીએ એ પ્રકારની વૃત્તિ આપણામાં જગાવે એ રીતે વિષયને નિરૂપવાનું કૌશલ્ય કે આવડત મને અત્યંત સરાહનીય લાગ્યાં છે. એ પ્રકારના તો અનેક ગ્રંથો છે. એ ગ્રંથો પણ કુમારપાળનું ખરા અર્થમાં જૈન સાહિત્યમાં સૌથી મોટું પ્રદાન બની રહેશે. .

કુમારપાળે સાહિત્યક્ષેત્રમાં સત્વશીલ અને અધિકૃત પ્રકારનું કામ કર્યું છે અને એ ખૂબ જ મહત્વનું પણ છે. એ કારણે કે આ વિષયનાં કામો ખૂબ ઓછાં થાય છે. બાલાવબોધ કે ટબા સંપાદન કરવાનું કામ ભોગીલાલ સાંડેસરા અને કે. કા. શાસ્ત્રી પછી લગભગ કોઈ અધ્યાપકને આજ સુધી સૂઝયું નથી. એમાં જે ગદ્ય છે, એની ભાષા છે - એનો બહુ અભ્યાસ થયો નથી – અમે અને ભાયાણીસાહેબ મારા 'ભરતેશ્વર બાહુબલિરાસ'ના સંપાદનની ચર્ચા કરતા હતા ત્યારે તેમની પાસે કુમારપાળનો સંપાદિત 'જ્ઞાનાવિમલસૂરિકૃત સ્તબક' નામનું સંપાદન અને અજિતશાંતિ સ્તવનનો બાલાવબોધ એ ગ્રંથો હતા. મેં કહ્યું કે, 'કેમ સાહેબ, આ ગ્રંથો લીધા છે ?' તો કહે 'એટલા માટે કે માત્ર પદ્યનાં રૂપોને આધારે ગુજરાતી ભાષાનું ઐતિહાસિક વ્યાકરણ સમજવું કે રચવું બરાબર નથી. બધું નહીં કહી શકીએ. ખરી રીતે તો વ્યાકરણનો પૂરો પરિચય ગદ્ય દ્વારા થાય છે. કવિતામાં તો કોઈક કારણોસર છંદને કારણે. અમુક પ્રકારના વાક્યપ્રયોગ કર્યા હોય પરંતુ ગદ્યમાં ખરું રૂપ હોય છે. આ બાલાવબોધમાંથી

કે ટબામાંથી એવાં ઘણાં રૂપો મળે છે એટલે જોઉં છું.' 'આવા મોટા ગજાના વિશ્વવિખ્યાત વિદ્વાનો જેમના ગ્રંથને હાથપોથી તરીકે રાખે, એ જ રીતે અનેક મહારાજસાહેબો પાસે મેં આનંદઘન વિષયક ગ્રંથો એમની પાસે હાથપોથો તરીકે જોયા છે. જેઓ અધિકૃત છે કે આ વિષયની અંદર ઊંડા ઊતરેલા છે તેઓ પણ જેમના પ્રદાનને સંદર્ભ તરીકે ખપમાં લે એવું એમનું પ્રદાન છે. 'આનંદઘન : એક અધ્યયન'નું કામ માત્ર પીએચ.ડી. થીસિસ પૂરતું મર્યાદિત ન રહ્યું; પ્રકાશિત પણ થયું. પરંતુ એ પછી પણ આનંદઘન વિષયક એમનો સ્વાધ્યાય સતત ચાલતો રહ્યો. મેં કોઈ પ્રસંગે એક એવું વ્યાખ્યાન મારા શોધાર્થીઓ સમક્ષ આપ્યું જેમાં મેં આનંદઘન વિશે મહાનિબંધ પછી કુમારપાળે જે લેખો લખ્યા છે અને કાળક્રમ પ્રમાણે ગોઠવીને સંશોધનમૂલક સામગ્રીની પ્રાપ્તિની વિગતો કહેલી. મેં જણાવેલું કે, એક પછી એક તેઓ શું કહે છે ? છેલ્લે એમણે તુલનાત્મક રીતે મીરાં, કબીર, અખો વગેરેને આનંદઘનના વિચારો સાથે તુલના કરી છે. કંપેરેટિવ રિલિજિયસ સ્ટડીના ફિલ્ડમાં અત્યંત ઉપયોગી થઈ પડે એવું ગુજરાતનું જો ભારતને કંઈક તાજેતરનું પ્રદાન બતાવવું હોય તો કુમારપાળના આનંદઘનવિષયક તુલનાત્મક અભિગમથી લખાયેલા આ લેખો છે. એમનું 'અપ્રગટ મધ્યકાલીન કૃતિઓ' પણ એમની સંશોધનનિષ્ઠાનું સુંદર પરિણામ છે તો 'શબ્દસંનિધિ:', 'ભાવન-વિભાવન' અને 'શબ્દસમીપ'માં એમની વિવેચક તરીકેની સજ્જતા દૃષ્ટિગોચર થાય છે. એમણે કરેલ કૃતિલક્ષી સમીક્ષાઓ વિગતે તપાસવા જેવી છે.

'મણિલાલ નભુભાઈનું જીવનવૃત્તાંત' વિશે લેખ હોય, ગુજરાતી, અંગ્રેજી, હિંદી, ઉર્દૂ, આફ્રિકન સાહિત્ય, રશિયન સાહિત્ય એમ કુમારપાળ પેલા એમના વ્યાપક અભિગમને કારણે સાહિત્યિક અધ્યયન માટે પણ આવા વ્યાપક વિષયો પસંદ કરે છે. એમનું વિવેચન એક અધ્યાપક કેટલો ખુલ્લો હોવો જોઈએ એનું ઉદાહરણ છે. ભલે મધ્યકાલીન સાહિત્યને પોતાનું સ્પેશિયલાઇઝ્ડ ફિલ્ડ માન્યું હોવા છતાં એમનો અભ્યાસ કેટલો વ્યાપક છે, એમના વિચારો કેટલા બહોળા છે, તેનો ખ્યાલ એ ત્રણે વિવેચનસંગ્રહમાંથી આવે છે.

સંશોધન-વિવેચન ઉપરાંત પત્રકારત્વક્ષેત્રે પણ એમનું પ્રદાન ઉલ્લેખનીય ગણાશે. એમનું 'અખબારી લેખન' પત્રકારત્વના વિદ્યાર્થીઓ માટે હાથપોથી ગણાયું છે. 'સાહિત્ય અને 'પત્રકારત્વ' નામનું સંપાદન પણ મહત્વનું છે. આમ, સંશોધન, વિવેચન અને પત્રકારત્વ ક્ષેત્રનું એમનું કાર્ય પણ ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં મહત્વનું સ્થાન અને માન પ્રાપ્ત કરે એ કોટિનું જણાયું છે.

*

કુમારપાળના ચરિત્રસર્જન, બાળસાહિત્યસર્જન, સંશોધન-વિવેચન-પત્રકારત્વ ક્ષેત્રના પ્રદાન અને જૈન ધર્મસંસ્કૃતિમૂલક સાહિત્યના પ્રદાન ઉપરાંત અનુવાદ કે વિવિધ પ્રકારનાં સંપાદનોના ગ્રંથો પણ વિપુલ માત્રામાં છે. એમનાં અંગ્રેજી ભાષામાં પ્રકાશિત પુસ્તકો પણ દસેક જેટલાં છે. આ સાહિત્યિક પ્રદાન ઉપરાંત એમનું બીજું

મહત્વનું પ્રદાન 'ગુજરાતી વિશ્વકોશ' છે. ધીરુભાઈ ઠાકરના માર્ગદર્શનમાં એક ટ્રસ્ટની રચના કરીને ગુજરાતી વિશ્વકોશના વિવિધ ગ્રંથોના ભાગો પ્રકાશિત કરીને ગુજરાતી ભાષકોને જ્ઞાનગંગાનું ઘેર બેઠાં આચમન કરવાની તક આપી છે. એમની આ યોજના ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસનું ઊજળું પ્રકરણ બની રહેશે. એ જ રીતે 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનૉલૉજી'ના ઉપક્રમે વિદેશમાં સ્થિત જૈન સાહિત્યની પ્રાચીન હસ્તપ્રતોનું સૂચિપત્ર તૈયાર કરવાનો એમનો ઉપક્રમ પણ આપણા પ્રાધ્યાપકોના અભ્યાસનું મહત્વનું ઉદાહરણ બની રહેશે.

એમણે તો સાહિત્યની સેવાનો ભેખ ધારણ કર્યો છે અને એટલે જ એ વિશ્વકોશનું સ્વપ્ન સેવી શકે છે. વિશ્વકોશ માટે જમીન મેળવી શકે છે અને અનેક ટ્રસ્ટોને દાન અપાવી શકે છે. એટલું જ નહીં, અનેક લોકોને પોતાનું નામ ન આવે એ રીતે અનુદાનની સરવાણી પણ વહાવે છે. આવાં અનેક ઉદાહરણોનો હું સાક્ષી છું કે જેઓ એમની પાસેથી સહાય મેળવીને ખૂબ મોટી કારકિર્દી પર પહોંચ્યા હોય, અથવા તો અસહાય લોકોને એક પ્રકારની સાંત્વના આપીને ઘણી બધી મદદ પહોંચાડી છે. તો આમ કોઈ તકતી ઉપર પોતાનું નામ લખાય એટલા માટે નહીં, કોઈ જગ્યાએ પોતાનું નામ અમર બની જાય એટલા માટે નહીં પણ નર્યા માનવતાવાદી દૃષ્ટિબિંદુથી માનવનું ગૌરવ જળવાય એ રીતે એમની પાસે રહેલાં સ્વજનોને એમણે આ રીતે સહાય કરી છે અને નિર્મળ-નિઃસ્વાર્થ પ્રેમ વહાવ્યો છે. તેમનું વ્યક્તિત્વ માતા-પિતા ઉપરાંત કવિ કાગ, મેઘાણી અને ધૂમકેતુ જેવાના સહવાસમાં મહોર્યું એ દર્શન તેમનાં વાણી, વ્યવહાર અને વર્તનમાં અદ્યાપિ દૃષ્ટિગોચર થાય છે.

ગુજરાતી ભાષા-સાહિત્યના સંનિષ્ઠ પ્રાધ્યાપક અને જૈનદર્શનના અને સાહિત્ય કે માનવીય જીવનમૂલ્યોના ઊંડા અભ્યાસી, ઉત્તમ વક્તા, સંનિષ્ઠ સાહિત્યકાર કે વિવિધ સંસ્થાઓમાં સંસ્થાપક અને એ નિમિત્તે સંસ્થાલક્ષી પ્રવૃત્તિઓના પ્રણેતા, વિશ્વપ્રવાસી અને પદ્મશ્રી, કુમારપાળ એક નખશિખ માનવપ્રેમી વ્યક્તિ છે. માણસના ઉત્તમને ચાહવું એ એમનું પાયાનું વલણ રહ્યું છે. આવા ઉમદા સાહિત્યકાર કુમારપાળની સાથે જ માત્ર વ્યક્તિગત નહીં પણ સમગ્ર પરિવાર સાથે અમારા પરિવારનો ગાઢ સ્નેહસંબંધ છે એનું મારે મન મોટું મૂલ્ય છે. એમના વ્યક્તિત્વ અને વાડમયમાંની આ ગરિમા અને ગરવાઈ આપણી મોટી મૂડી છે.

# ગુજરાતી પત્રકારત્વની સીમાચિહ્નરૂપ ઘટના : 'ઈંટ અને ઇમારત' કૉલમને 65 વર્ષ પૂર્ણ થયા

-રમેશ તન્ના

આજે, છઠ્ઠી જૂન, 2019, ગુરુવારના રોજ 'ગુજરાત સમાચાર'ના તંત્રી-પાના પર કુમારપાળ દેસાઈ લિખિત 'ઈંટ અને ઈમારત' કૉલમ પ્રકાશિત થઈ છે. આ સાથે આ કૉલમે લાગલગાટ, અવિરત, સળંગ 65 વર્ષ પૂર્ણ કર્યાં છે. પાંચમી જૂન, 1954 ના રોજ જયભિખ્ખુ(બાલાભાઈ દેસાઈ)એ આ કૉલમનો પ્રારંભ કર્યો હતો. 24મી ડિસેમ્બર, 1969ના રોજ જયભિખ્ખુનું અવસાન થયા પછી, ગુજરાત સમાચારના તત્કાલીન તંત્રી શાંતિલાલ શાહે આગ્રહપૂર્વક કુમારપાળ દેસાઈ પાસે આ કૉલમ ચાલુ રખાવી. પિતા જયભિખ્ખુએ 1954થી 1969 - આશરે 15 વર્ષ અને પુત્ર કુમારપાળ દેસાઈએ 1969થી 2019 - આશરે 50 વર્ષ સુધી આ કૉલમ ચલાવી છે. કોઈ કૉલમ એક વખત શરૂ થયા પછી સતત 65 વર્ષ ચાલુ રહી હોય તેવી ગુજરાતી પત્રકારત્વની આ પ્રથમ અને એકમાત્ર ઘટના છે. પુત્રો પિતાનો સંપત્તિ સહિતનો અનેક પ્રકારનો વારસો સંભાળતા હોય છે, પણ કોઈ પુત્રએ સત્વશીલ કૉલમનો વારસો સંભાળીને તેને દીપાવ્યો હોય તેવી પણ આ પહેલી ઘટના છે. દલપતરામ-નાન્હાલાલ જેવા સાહિત્યના ક્ષેત્રમાં પિતાપુત્ર જોવા મળે, વિજયગુપ્ત મૌર્ય-નગેન્દ્ર વિજય-હર્ષલ પુષ્કર્ણા જેવા પિતા-પુત્ર-પૌત્ર પત્રકારત્વમાં જોવા મળે, પરંતુ કોઈ પિતા-પુત્રએ સાહિત્ય અને પત્રકારત્વમાં નોંધપાત્ર પ્રદાન કર્યું હોય અને 65 વર્ષ સત્વશીલ અને મૂલ્યનિષ્ઠ કૉલમ ચલાવી હોય તેવું તો જયભિખ્ખુ અને કુમારપાળ દેસાઈના કિસ્સામાં જ બન્યું છે.

વ્યક્તિગત વાત કરીએ તો કુમારપાળ દેસાઈ સતત 50 વર્ષથી ઈંટ અને ઇમારત કૉલમ લખી રહ્યા છે. તેનો એક પણ હપતો પડ્યો નથી. ગુજરાત સમાચારમાં જ (પહેલાં) પ્રકાશિત થતી બકુલ ત્રિપાઠની 'સોમવારની સવારે' કૉલમનો 51 વર્ષનો વિક્રમ છે. આવતા વર્ષે ઈંટ અને ઇમારત કૉલમના લેખક કુમારપાળ દેસાઈ એ વિક્રમથી આગળ નીકળી જશે.

'ઈંટ અને ઇમારત' કૉલમનો મિજાજ અને તેનું મહત્વ :

ગુજરાતી અખબારોમાં હજારો કૉલમો પ્રકાશિત થાય છે. 2022માં ગુજરાતી પત્રકારત્વને 200 વર્ષ પૂરાં થશે. 197 વર્ષમાં ગુજરાતી દૈનિક વર્તમાનપત્રો કે સામયિકોની અનેક કૉલમો પ્રકાશિત થઈ છે. ઘણી કૉલમોએ 25-30-35 વર્ષની મજલ કાપી હશે. સોમવારની સવાર જેવી હાસ્યની કૉલમે 50 વર્ષનો આંકડો પાર કર્યો, પણ 'ઈંટ અને ઇમારત' કૉલમ તો આજે 65 વર્ષ પૂર્ણ કરીને અમૃત મહોત્સવ તરફ આગળ ધપી રહી છે. આ કૉલમ રંજનની નહીં, મંથનની છે. રાજકારણની ઊથલપાથલ, હત્યા-બળાત્કારો કે હાડમારીની પ્રચુર ઘટનાઓ, મનોરંજનની લોભામણી અને ઉપરછલ્લી વાતો, સમાજના પોતને પાતળુ કરે તેવા બનાવોની વચ્ચે કોઈ કૉલમ એકધારું 65 વર્ષ વાચકોને સાત્વિક વાંચન પૂરું પાડે અને

અને સમાજઘડતરની ભૂમિકા સાતત્ય સાથે નિભાવે એ ઘટના પત્રકારત્વને જ નહીં, માનવતાને પણ ગૌરવ અપાવે તેવી છે. વહેતા વહેણ સાથે તરવું સહેલું પણ સામા પ્રવાહે તરવું કપરું, 'ઈંટ અને ઇમારત' કૉલમે સામા પ્રવાહે ઝીંક ઝીલીને અસ્તિત્વ અને ઓળખને દીપાવ્યાં છે. આ કૉલમ ચીલાચાલુ કે સરેરાશ કૉલમ નથી. આ કૉલમની પાછળ તો છે એક ખાસ અને ઠોસ પ્રયોજન. પ્રજાની સંસ્કારિતામાં વૃદ્ધિ કરવી, ભાષાની ગરિમા જાળવવી અને વધારવી, પ્રજાજીવનને ઊર્ધ્વગામી બનાવવું, પ્રજાના સંસ્કારીજીવનનું સંવર્ધન કરવું અને એ રીતે સ્વસ્થ સમાજના નિર્માણમાં પોતાના ભાગે આવતી ભૂમિકા અદા કરવી એ છે આ કૉલમની વિશેષતા. 'ઈંટ અને ઇમારત' માત્ર કૉલમ નથી, એ તો છે સમાજજીવનનાં મૂલ્યોનો મજબૂત પાયો તૈયાર કરી તેના પર સંસ્કારની એક પછી એક ઈંટ મૂકી અને સ્વસ્થ સમાજની ઇમારત તૈયાર કરતી શબ્દયાત્રા.

'ઈંટ અને ઇમારત'નો પ્રારંભ અને વારસા-બદલો :

1954ની પાંચમી જૂને જયભિખ્ખુએ લખેલી 'ઈંટ અને ઇમારત' કૉલમ ગુજરાત સમાચારના ચોથા પાના પર પ્રકાશિત થઈ હતી. એ દિવસે જયભિખ્ખુનો પ્રિય વાર ગુરુવાર હતો. ત્રિમૂર્તિના ચિત્રની સજાવટ સાથે કૉલમ પ્રકાશિત થઈ હતી. આ કૉલમ પણ એ વખતના ગુજરાત સમાચારના તંત્રી શાંતિભાઈ શાહનું સાહસ હતી. એ વખતે લીડરપેજ તરીકે ઓળખાતા તંત્રીલેખના પાના પર વર્તમાન, રાજકીય કે સામાજિક પ્રવાહોને વ્યક્ત કરતી હોય તેવી કૉલમ પ્રકાશિત કરવાનો ચાલ જ નહોતો. શાંતિલાલ શાહે પ્રથમ વખત આવી કૉલમ છાપવાનું સાહસ કર્યું જે સફળ થયું. છેક હવે આજે પૉઝિટિવ પત્રકારત્વનો મહિમા કરાય છે, પણ શાંતિલાલ શાહે તો સાડા છ દાયકા પહેલાં જીવનને વિધાયક દષ્ટિકોણ આપતી પ્રેરક કૉલમ શરૂ કરવાની હિંમત કરી હતી. તેમણે ચીલો પાડ્યો હતો.

'ઈંટ અને ઇમારત' કૉલમ વાચકોમાં તરત લોકપ્રિય થઈ તેનાં અનેક કારણો હતાં. જયભિખ્ખુ નીવડેલા લેખક હતા. અભ્યાસી હતા. ધર્મ ઉપરાંત ઇતિહાસમાં તેમને રુચિ હતી. સાંપ્રત બનાવો સાથે સંપર્ક ઉપરાંત વાચકો સાથેની મજબૂત નિસબત તેમના શબ્દોમાં પ્રાણ પૂરતી. તેઓ કંઈ લોકપ્રિય વ્યાવસાયિક લેખક નહોતા. લેખન તેમના માટે દાયિત્વ હતું. આ ઉપરાંત ભૂતકાળની કથાઓને સાંપ્રત ઘટનાઓ સાથે સાહિત્યિક આકૃતિમાં ઢાળવાની તેમનામાં નૈસર્ગિક ફાવટ હતી. સચોટ શૈલી અને પ્રગાઢ કલ્પનાઓ. પ્રેરક ઉદાહરણો અને બળવાળું ગદ્ય. શ્રી જયભિખ્ખુની સર્જક-પત્રકાર તરીકે વિશિષ્ટ શક્તિ અને અભિવ્યક્તિ હતી. હાસ્યલેખો, મનોરંજનના લેખો, જીવ બળે તેવા સાંપ્રતના પ્રવાહોના લેખો વચ્ચે જીવનલક્ષી અને મૂલ્યનિષ્ઠ કૉલમ 'ઈંટ અને ઇમારત' જુદી ભાત પાડતી અને વાચકોને ટાઢક પણ આપતી.

'ઈંટ અને ઇમારત' કૉલમ સાથે જયભિખ્ખુ નિયમિત રીતે પ્રસંગકથા (અલગથી) આલેખતા. આ વાત અમને એટલા માટે યાદ આવી કે.... એ મથાળા સાથે શરૂ થતી પ્રસંગકથા ખૂબ લોકપ્રિય હતી. અનેક વાચકો ગુરુવારે અખબારમાં પહેલી પ્રસંગ- કથા જ વાંચતા. બાળસાહિત્યકાર શ્રી હરીશ નાયકે એક વાર લખ્યું હતું કે આ વાત અમને એટલા માટે યાદ આવી કે.. એ શબ્દો જ એ રણકાની પ્રતીતિ

છે કે એ શબ્દો જ્યાં સુધી રહેશે ત્યાં સુધી જયભિખ્ખુ રહેશે. એ કૉલમમાં શાયરીની બે પંક્તિ પણ આવતી.

જયભિખ્ખુએ 'ઈંટ અને ઇમારત'ના સ્વરૂપમાં ગુજરાતી પત્રકારત્વને એક અનોખી કૉલમ ભેટ ધરી. આ કૉલમ વાટે તેમણે માનવતા પ્રેરક અને મૂલ્યનિષ્ઠ સાહિત્યની રચના કરી. તેમણે આ કૉલમ દ્વારા પ્રજાની વેદનાને વાચા પણ આપી અને વાચકોની સંવેદનાનું સંવર્ધન પણ કર્યું. તેમણે માનવમૂલ્યોની હિફાજત કરી તો વ્યક્તિઘડતર પણ કર્યું. ઝવેરચંદ મેઘાણીની જેમ જયભિખ્ખુની રંગદર્શી શૈલીએ પણ એક વિશાળ વાચકવર્ગ મેળવ્યો.

બાબા, તારે આ કૉલમ લખવાની છે હોં...

24મી ડિસેમ્બર, 1969ના રોજ જયભિખ્ખુનું હૃદયરોગના હુમલાને કારણે અણધાર્યું નિધન થયું. 27મી ડિસેમ્બર, 1969ના રોજ 'ઈંટ અને ઇમારત' કૉલમ તેમના મૃત્યુની અંજલિનોંધ સાથે પ્રકાશિત થઈ. જયભિખ્ખુના પરિવારજનો પર તો આભ તૂટી પડ્યું હતું એવી સ્થિતિ. ચારેક દિવસ પછી શાંતિલાલ શાહ જયભિખ્ખુના ઘરે આવ્યા અને તેમણે યુવાન કુમારપાળને કહ્યું કે 'બાબા, તારે આ કૉલમ લખવાની છે.' શાંતિભાઈ ઘણી વ્યક્તિને આ રીતે બોલાવતા. એમાં તેમનો નર્યો પ્રેમ નીતરતો. યુવાન કુમારપાળ દેસાઈ માટે આવી દરખાસ્ત કે આદેશ જેમ નવાં કે અણધાર્યાં હતાં તેમ પડકારરૂપ પણ હતાં. તેમણે કહ્યું કે મારાથી એ શક્ય નથી. જયભિખ્ખુનો અનુભવ, વિશાળ જ્ઞાન અને રંગદર્શી શૈલી મારી પાસે નથી. જોકે શાંતિભાઈએ કહ્યું કે 'નહીં, આ કૉલમ તારે જ લખવાની છે.'

એ દિવસને યાદ કરતાં આજે પણ કુમારપાળ દેસાઈ થોડા ભીના થઈ જાય છે. તેઓ કહે છે કે ખરેખર શ્રી શાંતિલાલભાઈમાં વ્યક્તિને-લેખકને ઓળખવાની એક વિશેષ દૃષ્ટિ હતી. તેઓ દીર્ઘદ્રષ્ટા હતા. મારા પિતા પછી તેમણે જેમ મને લખતો કર્યો એ જ રીતે ગુણવંતરાય આચાર્યના નિધન પછી તેમનાં દીકરી વર્ષાબહેન (પછીથી વર્ષા અડાલજા)ને લખતાં કર્યાં હતાં.

27 વર્ષના યુવાન કુમારપાળ દેસાઈ માટે 'ઈંટ અને ઇમારત'નો વારસો સંભાળવાનું ખૂબ કપરું હતું. પિતાના પેંગડામાં પગ નાખવાનો હતો. વળી, એ વખતે તેમની માનસિક સ્થિતિ ડામાડોળ હતી. હૃદયથી ખૂબ નજીક એવા પિતાજીનું અચાનક નિધન થતાં તેની મન પર ઘેરી અસર પડી હતી. હૃદયમાં ઊંડો ઘા લાગ્યો હતો. એ દિવસોનું સ્મરણ કરતાં કુમારપાળ દેસાઈ કહે છે, 'મેં એવી શરત સાથે આ કૉલમ લખવાનું સ્વીકાર્યું કે કૉલમનું નામ આવે પણ નીચે લેખકનું નામ ના મૂકવું. આની પાછળ મારો આશય એવો હતો કે કે કદાચ કૉલમ બંધ કરવી પડે તો પણ ઉભય પક્ષે કોઈ સંકોચ ના રહે.'

એ વખતે ઘરની સ્થિતિ શોકમય હતી. જયભિખ્ખુનું નામ મોટું. સગાં-વહાલાં, સ્વજનો, મિત્રો અને વાચકો સાંત્વના આપવા આવતાં. ઘર લોકોથી ભરાયેલું જ

રહેતું. કુમારપાળ દેસાઈ વહેલી સવારે ઊઠીને કૉલમ લખતા. લખતા હોય અને તત્ક્ષણ તેમને પિતા બાલુભાઈનું સ્મરણ થાય, મનમાં વિચારો અને ભાવો ઊભરાય, જયભિખ્ખુની શૈલીનું મનમાં અવતરણ કરતા હોય અને આંખમાંથી આંસુની ધારા વહે. કુમારપાળ આંસુ લૂછતા જાય અને કૉલમ લખતા જાય. કોઈ પણ ઇમારતનો પાયો ભરાય તેમાં બીજી સામગ્રી સાથે પાણી પણ જોઈએ. કુમારપાળ દેસાઈએ તો કૉલમના પાયામાં આંસુ સીંચ્યાં છે એમ આપણે કહી શકીએ.

કુમારપાળ દેસાઈની આવી વિદારક અને ખિન્ન સ્થિતિ જોઈને તેમનાં માતા જયાબહેને કહ્યું કે, 'તેં હવે ચોથું કૉલમ મોકલ્યું છે. આટલું હૈયું દળવાની જરૂર નથી. તું જઈને શાંતિભાઈને કહે કે હવે મારાથી કૉલમ લખી શકાય તેમ નથી.'

જોકે કુમારપાળ દેસાઈમાં શાંતિલાલભાઈને સીધી ના પાડવાની હિંમત નહોતી. તેમણે રસ્તો શોધ્યો. તેમને લાગ્યું કે અમૃતલાલ યાજ્ઞિક આ કૉલમને ન્યાય આપી શકે. એમણે શાંતિલાલભાઈને કહ્યું કે આપણે 'ઈંટ અને ઇમારત' કૉલમના લેખન માટે અમૃતલાલ યાજ્ઞિકને કહીએ.' એમણે જવાબ આપ્યો, 'બાબા, ગાંડો થયો છે ! આવતી કાલે તારા નામ સાથે 'ઈંટ અને ઇમારત' કૉલમ પ્રગટ થશે. બકુલ ત્રિપાઠી પૂછતા હતા કે, 'જયભિખ્ખુ કેટલા કૉલમ (એડવાન્સમાં) લખીને ગયા છે ? આ વાતનો અર્થ સમજ્યો ને ! બીજું કોઈ કામ હોય તો બોલ.'

આ રીતે દર ગુરુવારે ગુજરાત સમાચારના તંત્રીપાના પર દર ગુરુવારે 'ઈંટ અને ઇમારત' કૉલમ પ્રકાશિત થવા લાગી.

આજે એને 66મું વર્ષ બેઠું છે.
કેવી રીતે દીપાવ્યો કુમારપાળ દેસાઈએ કૉલમનો વારસો ?

જયભિખ્ખુ જુદા મિજાજના લેખક હતા તો તેમના વાચકોનાં રસ-રુચિ જુદાં હતાં. કુમારપાળ દેસાઈએ 'ઈંટ અને ઇમારત'ના મૂલ્યનિષ્ઠ અને લોકઘડતરના પ્રયોજનને બરકરાર રાખીને તેમાં પોતાની રીતે ફેરફાર કર્યા. તેમણે અખબારી લેખન નામનું અભ્યાસી અને વખણાયેલું પુસ્તક લખ્યું છે. તેમાં તેમણે લખ્યું છે કે અખબાર માટે લખનારી વ્યક્તિએ કઈ રીતે વિષયો શોધવા જોઈએ. એના લખાણમાં નવીનતા અને તાજગી કેવી રીતે આણવી જોઈએ. વાચકોના મનોભાવોને કેવી રીતે પારખવા જોઈએ. તેમણે જોયું કે જયભિખ્ખુના સમયમાં જે વિષયો ઝિલાતા હતા તે સમય હવે બદલાઈ ગયો હતો. હવે નવા વિષયોની આવશ્યકતા હતી. જેમ કે; જયભિખ્ખુના સમયે સમાજમાં સ્ત્રીઓની દુઃખદ સ્થિતિ હતી. હવેની સ્ત્રી અદલાતી-બદલાતી હતી. એ વખતે પૌરાણિક કથાકનો અનો પર્વોનો વધુ મહિમા હતો, પણ હવેનો વાચક વર્તમાન સંદર્ભ ઇચ્છતો હતો. કુમારપાળ દેસાઈએ પરદેશના અનુભવો, આપબળે ઝઝૂમીને સિદ્ધિ મેળવનારી વ્યક્તિઓ, દિવ્યાંગોની સિદ્ધિઓ, જીવંત વ્યક્તિના પ્રેરક પ્રસંગો, સાફલ્ય ગાથાઓને સ્થાન આપ્યું. સમયને અનુરૂપ તેમણે નવા નવા વિષયો ખેડ્યા અને વિકસાવ્યા. તેને કારણે 'ઈંટ અને ઇમારત' કૉલમનો જૂનો વાચક વર્ગ તો

સચવાયો જ, પણ તેમાં નવો વાચક વર્ગ ઉમેરાયો.

'ઈંટ અને ઇમારત' કૉલમમાં પાછા ઘણા વિભાગો છે. તેનો એક વાચકપ્રિય વિભાગ છે – 'પ્રસંગકથા'. અકબર અને બિરબલનાં પાત્રો દ્વારા સાંપ્રત સ્થિતિની કથા તેમાં સ્તરીય રીતે કહેવાય. એ જ રીતે 'આજની વાત' વિભાગમાં લેખક વર્તમાન વાતને રજૂ કરીને ધારદાર નિરીક્ષણ કે તારણ આપે. તેમાં વાઢી નાખતો વ્યંગ પણ હોય. કુમારપાળ દેસાઈ કહે છે, 'આ બધાના લેખન પાછળ પ્રયોજન એ કે લોકોની વાત, તેમનો મનોભાવ અને આક્રોશ બહાર આવે. લોકો જાતને કૉલમ સાથે જોડીને સ્થિતિ બદલવાનો માર્ગ પણ કૉલમમાંથી શોધી લે.'

બે પંક્તિની ઉર્દૂ શાયરી પણ 'ઈંટ અને ઇમારત' કૉલમની એક વધુ વિશેષતા છે. વાચકોને એ જાણીને નવાઈ લાગશે કે આ શાયરીના સર્જક પણ 'ઈંટ અને ઈમારત' કૉલમના લેખક કુમારપાળ દેસાઈ પોતે જ છે. પહેલાં તેઓ અન્ય શાયરની શાયરીઓ લખતા, પણ તેમને થયું કે આ પણ એક સર્જનવિસ્તાર છે. તેમણે ખૂબ અભ્યાસ કરીને જાતે જ શાયરીઓ લખવાની શરૂ કરી. 50 વર્ષની 52 કૉલમો લેખે તેમણે આશરે 2600 શાયરીઓ લખી હશે. જે વાચકો તેમની આ શાયરી વાંચતા હશે તેમને તેના સ્તરનો ખ્યાલ હશે. (આમેય કુમારપાળ દેસાઈ ગુણવત્તાના ભારે આગ્રહી. લખવા ખાતર કશું લખે જ નહીં, એક એક શબ્દ વિચારીને જ લખે.) એ રીતે જોઈએ તો કુમારપાળ દેસાઈને ઉર્દૂ શાયર પણ ગણવા પડે.

એક પણ કોલમ પડી નથી.

50 વર્ષમાં 'ઈંટ અને ઇમારત'નો એક પણ હપ્તો પડયો નથી. હા, જે દિવસે અખબાર પ્રકાશિત ના થયું હોય તે દિવસે કૉલમ પ્રકાશિત ના થઈ હોય. જોકે એવું તો જવલ્લે જ બન્યું હોય. તેઓ પરદેશ ગયા હોય તો આગોતરા લેખો આપીને જ જાય. સંપાદકને સહેજ પણ તકલીફ ના પડે. દરેક કૉલમની હસ્તપ્રત પૂર્ણ રીતે બરાબર જ હોય. મથાળું, પેટા મેથાળું, ઉપર કૉલમનું નામ, વિભાગનું નામ, સુવાચ્ય અક્ષરો, જોડણી કે ભાષાની એક પણ ભૂલ નહીં.. બધું જ ચોક્કસ. કૉલમનું લખાણ મોડું પડે એવું બને જ નહીં. કોઈ પણ સ્થિતિમાં કોલમનું લખાણ સમયસર પહોંચી જ જાય. પહેલાં તેઓ થોડા હપતા આગોતરા લખતા, પણ તાજામાં તાજા વિષયોને આવરી લેવાય એટલે પછીથી તેમણે નિયત ડેડલાઇન અનુસાર લખવાનું શરૂ કર્યું છે. ગુજરાત સમાચારના પીઢ અને અભ્યાસી સંપાદક મહેશ ઠાકરે એક વખત લખ્યું હતું કે, 'કુમારપાળ દેસાઈ વ્યવસાયે અધ્યાપક છે, પણ તેમણે ફ્રિ લાન્સ પત્રકાર તરીકે જે કૌશલ્ય પ્રાપ્ત કર્યું છે તે વ્યવસાયી પત્રકાર કરતાં પણ વિશેષ છે. તેમના લેખોનું સંપાદન કરવાની મને તક મળી છે. તેમના લેખોની વિશેષતામાં સ્પષ્ટ અને સુઘડ લખાણ, સરળ પણ સુયોગ્ય શબ્દોનો પ્રયોગ, પ્રાસંગિકતા, નાવીન્ય, ઉપદેશ નહીં પણ બોધ, ચોકસાઈ અને ચીવટ તથા નિયમિતતાનો સમાવેશ થાય છે. તેમણે સસ્તી લોકપ્રિયતા મેળવવા માટે ક્યારેય પ્રયાસ કર્યો નથી. સામાન્ય રીતે દરેક લેખકના મનમાં લોકપ્રિય થવાની ઇચ્છા હોય અને એ માટે તે પોતાના સિદ્ધાંતો કે વિચારોમાં બાંધછોડ કરી અંગ્રેજીમાં જેને 'પ્લેઇંગ ટુ ધ ગૅલરી' કહે છે તેના સ્તરે કેટલાક લેખકો

ઊતરી જાય, પણ કુમારપાળ દેસાઈ એવો વિચાર પણ ના કરે. તેઓ પોતાના લખાણને ધારદાર બનાવવા જોશીલા, ઉગ્ર કે કટુ શબ્દોનો સહારો પણ ના લે. તેઓ સરસ્વતીના ઉપાસક હોવાથી પોતાની કૉલમમાં એક પણ અનુચિત શબ્દ જાણે-અજાણે લખાણમાં સરી ના જાય તેની કાળજી રાખે. સાથે સાથે અખબારના વાચકોને સમજવા અઘરા હોય તેવા શબ્દો પણ ના વાપરે.

'ઈંટ અને ઇમારત' કૉલમની સફળતા અને સાતત્ય પાછળ કુમારપાળ દેસાઈનો પરિશ્રમ છે. કૉલમનું સ્તર ઊંચું રાખવા સાથે સાથે તેમણે પોતાની કૉલમને લોકભોગ્ય અને લોકપ્રિય બનાવી છે. આવું ઘણા ઓછા લેખકો કરી શકતા હોય છે. એકસાથે અનેક વિષયો પર લખવા માટે પરિશીલન અને પરિશ્રમ જરૂરી હોય છે, તેમાં તેઓ ક્યારેય ઊણા ઊતર્યા નથી.'

મહેશ ઠાકર સાચું જ કહે છે કે, 'ગુજરાતી ભાષામાં તો ઠીક પણ રાષ્ટ્રભાષા હિન્દી કે અંગ્રેજી ભાષામાં પણ હજી સુધી આવા બહુમુખી પ્રતિભાસંપન્ન કટારલેખક જોયા-જાણ્યા નથી. તેમનું જીવન અને સર્જન કોઈ પણ સાહિત્યકાર, અધ્યાપક કે પત્રકાર માટે પાઠ્યપુસ્તક સમાન છે.'

મહેશ ઠાકર ખૂબ અભ્યાસી, દુનિયાભરનાં અખબારોને ઝીણવટથી વાંચનારા, ઉદ્યમી સંપાદક હતા તેથી તેમના આ અભિપ્રાયમાં પડેલા વાસ્તવિક રણકાની દરેકને તરત પ્રતીતિ થાય.

અત્યારે ગુજરાત સમાચારમાં કામ કરતા લલિત ખંભાયકા અને હર્ષ મેસવાણિયાએ પણ કહ્યું કે, 'અમે ગુજરાત સમાચારના કૉલમલેખકોની ભાષા-જોડણી વિશે વચ્ચે સંશોધન કર્યું હતું તો 'ઈંટ અને ઇમારત' એવી કૉલમ જોવા મળી જેમાં જોડણીની એક પણ ભૂલ નહોતી.' મહેશ ઠાકરને જે અનુભવ 30-40 વર્ષ પહેલાં થયો હતો તે અનુભવ 2019ના યુવા સંપાદકોને પણ થયો !

50 વર્ષના આશરે 2600 લેખોમાંથી પુસ્તકો કેટલાં થયાં ? શૂન્ય.

વર્ષોથી કૉલમના લેખોમાંથી જ પુસ્તકો પ્રકાશિત કરવાનો ચાલ છે. મોટાભાગના લેખકો પોતાની કૉલમના લખાણની એક પ્રત અખબારમાં મોકલે તો બીજી કોપી પ્રકાશકને ત્યાં પહોંચાડી દે. આવા માહોલમાં 'ઈંટ અને ઇમારત' કૉલમના 2600 જેટલા હપતામાંથી લેખક કુમારપાળ દેસાઈએ એક પણ પુસ્તક પ્રકાશિત કર્યું નથી. જે લેખક પોતાની કૉલમમાં એક પણ શબ્દ વગર વિચારે ના લખતો હોય તે લેખક પણ પુસ્તકપ્રકાશનમાં આટલી કાળજી રાખે તે વાત પુરવાર કરે કે લેખક કે સર્જક તરીકે કુમારપાળ દેસાઈ ઘણા (અથવા વધારે પડતા) ગંભીર છે. બીજો કોઈ લેખક હોત તો મુખ્ય પ્રવાહના દૈનિક અખબારમાં પ્રકાશિત થતી પોતાની કૉલમમાંથી 50-60 પુસ્તકો તો સહજ રીતે પ્રકાશિત કરી શક્યો હોત. જોકે પુસ્તકની બાબતમાં કુમારપાળ દેસાઈ અત્યંત ચીવટવાળા અને ગુણવત્તાના જબરજસ્ત આગ્રહી છે. પોતાના એક-એક પુસ્તક પાછળ તેઓ વર્ષો સુધી સાધના કરે. જેમ કે, 'અનાહતા' નામની નવલકથા માટે તેઓ પાંચ વર્ષથી પરિશ્રમ કરી રહ્યા છે.

'ઈંટ અને ઇમારત' ઉપરાંત તેમણે જયભિખ્ખુની અન્ય એક કૉલમ "જાણ્યું છતાં અજાણ્યું" (મુનીન્દ્ર લેખકના નામે)નો વારસો પણ સંભાળ્યો છે. લગભગ તેને પણ 50 વર્ષ થયાં છે. નવાઈ લાગશે એ જાણીને કે એ કૉલમનો પણ આજ સુધી એક પણ હપ્તો પડ્યો નથી. ગુજરાત સમાચારમાં એ કૉલમ પણ છેલ્લાં 50 વર્ષથી નિયમિત ચાલી રહી છે. તેઓ ગુજરાત સમાચારની રવિવારની પૂર્તિમાં "પારિજાતનો પરિસંવાદ" નામની કૉલમ પણ વર્ષોથી (આશરે 25 વર્ષથી) નિયમિતપણે લખે છે. જેમાં 'ક્ષણોનો સાક્ષાત્કાર' અને 'મનઝરુખો' જેવા (પેટા) વિભાગો હોય છે. દર ગુરુવારે તેઓ 'આકાશની ઓળખ' કૉલમ પણ લખે છે. (હવે એ લખવાની જરૂર ખરી કે એ કૉલમ પણ તેઓ 25-30 વર્ષથી લખે છે !) તમે વિચાર તો કરો કે એક અઠવાડિયામાં પાંચ-પાંચ કૉલમ. લેખક અઠવાડિયે એક કૉલમ લખીને નિચોવાઈ જતો હોય છે. થોડા સમયમાં જ તેના લેખનનું પોત પાતળું થઈ જતું હોય છે, લેખનનો સ્તર કથળતો હોય છે પણ આ એક એવા લેખક છે કે ગુણવત્તામાં સહેજ પણ બાંધછોડ ચલાવી લેતા નથી. તેઓ અપાર વિષયવૈવિધ્ય ધરાવે છે. રમતગમત પર તો તેમની મહારથ છે. તેઓ કોઈ પણ વિષયને સ્પર્શે કે છેડે, તળિયે પહોંચે અને મોતી લઈને જ આવે. શબ્દનિષ્ઠા, વિચારનિષ્ઠા, વ્યવસાય માટેની પૂર્ણ સજ્જતા, પાકું ઘરકામ... તેમના કૉલમલેખનને સ્તરીય અને લોકભોગ્ય બનાવે છે.

50 વર્ષની કૉલમલેખનયાત્રામાં તેમને સેંકડો વાચકોનો પ્રેમ અને પ્રતિસાદ મળ્યો. તેમના પર આવતા વાચકોના પત્રોને પણ તેમણે કાયમ ગંભીરતાથી લીધા છે.

'ઈંટ અને ઇમારત' કૉલમ ગુજરાતી પત્રકારત્વનું સીમાચિહ્ન છે તો તેના લેખક કુમારપાળ દેસાઈ યુવા કૉલમલેખકો માટે આદર્શ ! આવી કૉલમ આપવા માટે ગુજરાતી પત્રકારત્વ અને ગુજરાત જયભિખ્ખુ તથા કુમારપાળ દેસાઈનું સદાય ઋણી રહેશે.